એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૪ અંક - ૩
ફેબ્રુઆરી - માર્ચ ૨૦૦૯

**● મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**● તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**● મુદ્રણ વ્યવસ્થાપન**
મનુભાઈ કોટડીયા
**● ડિઝાઈન :** આર્ટ મણિ ૦૭૯ ૨૬૯૨૬૩૨૫
**● વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯
**● કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮
**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**
**● અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦
**● ભૂજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
**● અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
**● માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા, અમદાવાદ
તુલસીદાસ કંસારા, અમદાવાદ
સૂર્યકાન્ત સોની, અમદાવાદ
શૈલેષ કંસારા, ભુજ
કાન્તીભાઈ કંસારા, રાજકોટ
**● માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**● કાર્યાલય**
**ધવલ જ્વેલર્સ**
ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ - ૧
ફોન : ૦૭૯ - ૨૨૧૪ ૪૦૦૮
**પત્ર વ્યવહાર લવાજમ આદી માત્ર આ સરનામે જ મોકલવા**
**● વેબ સાઈટ : www.gnyatisetu.com**
**ઈ-મેલ : editor@gnyatisetu.com**

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રીવાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજુ કરેલા વિચારી જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



માનવી સામાજીક પ્રાણી છે. જન્મથી પહેલાં નવ માસ માની કુખે, પછી માને ખોળે અને કાંખે થઈને ત્યારબાદ માબાપ તેમજ અન્ય સ્વજનોની આંગડી પકડી વિકાસ કરતો માનવી પૂખ્ત વયે, એની આસપાસના સમાજની હુંફે જ સુરક્ષા અનુભવે છે. સમુહના સહારે અને સથવારેજ એનું જીવનયાપન સુગમ બને છે. સમૂહના સતત સંગાથે એનામાં સામુહિક ભાવનાનો પણ વિકાસ થાય છે અને જે સમુહનો એ સભ્ય હોય છે એના પ્રત્યે એનો પોતિકો ભાવ પાંગરે છે. સમૂહ દ્વારા આયોજીત પ્રવૃત્તિઓ કાર્યક્રમો અને ઉત્સવોમાં એનો એ 'પોતિકો ભાવ' પ્રદર્શિત કરવા પ્રયાસ કરે છે. ભુજ અંજાર અને નખત્રાણા મુકામે ગત માસે આયોજીત કાલીકા માતા પાટોત્સવ; ભુજ મધ્યે જ્ઞાતિ શિરોમણી જટુભાઈ ચનાણી પરિવાર દ્વારા પાર્ટી પ્લોટ અર્પણ પ્રસંગે આયોજીત કાર્યક્રમ તેમજ ભુજ મહિલા મંડળ આયોજીત બાળકો માટે ના કાર્યક્રમો આપણા સમાજના સભ્યોનું એના સમાજ પ્રત્યેની પોતિકા ભાવની પુષ્ટિ કરે છે. ગત જાન્યુઆરી માસે બિદડાના સાધનાશ્રમ દ્વારા આયોજીત આપણી જ્ઞાતિના ગૌરવ સમા ગોમતી બાના શતાબ્દી વંદના કાર્યક્રમમાં આપણા સમાજના સેંકડો પરિવારો એ જે ઉત્સાહ અને ભક્તિભાવથી ભાગ લીધો એ પણ આપણા સમાજના સભ્યોની સામૂહિક ભાવનાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે.

આપણા સમાજ ના સભ્યોમાં આવી ઉમદા સામુહિક ભાવના કેળવવામાં આપણા પ્રજ્ઞાશીલ અને પીઢ નેતૃત્વ ની 'દીર્ઘ દષ્ટિ' નાં દર્શન થાય છે અને 'દૃષ્ટિ' ને સમસ્ત સમાજલક્ષી પ્રસ્તુત કરવામાં 'સેતુ' ને એનો નમ્ર ફાળો આપવાની તક મળ્યાનો સંતોષ અને ગૌરવ છે. કચ્છમાં તેમજ અન્યત્ર વસતા આપણા સમસ્ત પરિવારોમાં આ 'સામુહિક ભાવના'ના વિકાસ હેતુ સદૈવ સમર્પિત રહેશે

અસ્તુ 'સેતુ'

| | | |
|---|---|---|
| અતુલ સોની | મનુભાઈ કોટડીયા | હંસરાજ કંસારા |
| માનદ મંત્રી | પ્રમુખ | મુખ્યતંત્રી |

**સુભાષિત ચિંતન**

# નમ્રતા

કુ. એકતા કટ્ટા, અંજાર

## “अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः।
## चत्वारि तस्य वर्धन्ते आयुर्विधा यशो बलम्॥''

અર્થાત્ ''નમન કરવાની ટેવવાળા અને હંમેશ વડીલોની સેવા કરનાર મનુષ્યનાં આયુષ્ય, વિદ્યા કિર્તી અને બળ એમ ચાર બાબતોમાં વધારો થાય છે.''

ઉપરોકત સુભાષિતમાં મુખ્યત્વે ''નમ્રતા''ના ગુણના મહત્ત્વનો ઉલ્લેખ થયો છે. આયુષ્ય, વિદ્યા, કિર્તી અને બળ આ ચારેય મનુષ્યરૂપી ઈમારતનાં મહત્ત્વપૂર્ણ ચાર પાયાઓ ગણી શકાય. તેમાંય વિદ્યા અને કિર્તી તો પ્રત્યેક કાળમાં, મનુષ્યનાં કેન્દ્ર બિન્દુ રહ્યાં છે અને આ ચાર પાયાઓ- કેન્દ્ર બિન્દુઓનાં વિકાસ માટે નમન અને સેવાનું મહત્ત્વ સુભાષિતકારે આલેખ્યું છે.



નમન કરવું કે અભિવાદન કરવું તે ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે, પરંપરા છે. અત્રે નમનનું અર્થ હાથ જોડી, મસ્તક નમાવવા સુધી જ સીમિત ન રહેતાં નમ્રતા પણ છે. નમન કરવું તે માત્ર શારીરિક પ્રક્રિયા ન રહેતાં, એક માનસિક વ્યાયામ પણ છે. નમન એટલે કે નમ્રતા કેળવવા માટે અહ્મને સુવાળું કરવું પડે. અહંકાર ને પરે કરવું પડે. જે સામાન્યતઃ સાંપ્રત સમયમાં મુશકેલ બની રહ્યું છે. સ્વમાનની સાથે-સાથે નમ્રતા કેળવી શકે તે જ ઉપરોકત ચારેય સંજ્ઞાઓનો વિકાસ સાધી શકે છે. માત્ર બાહ્ય આડંબરરૂપી નમન ન કરતાં મનથી વડીલો પત્યે પૂજ્યભાવ કેળવી વ્યવહાર કરવો, તે જ ખરી સેવા છે. વડીલો (અત્રે ઉંમરથી નહીં, પરંતુ કોઈ પણ ક્ષેત્રમાં અનુભવે આગળ વધેલ વ્યક્તિ)ની સેવા કરવાનાં માધ્યમે તેઓ સાથે નિકટતામા કેળવી, તેમનાં પ્રત્યેક વ્યવહારોનું અવલોકન કરી આવશ્યક માર્ગદર્શન મેળવી શકાય છે. આમ, પણ આપણાં શાસ્ત્રોમાં માતા-પિતા, ગુરુ અને વડિલોને ''દેવ'' ગણ નમન કરવાનું કહ્યું છે, કેમ કે તેઓ અનુભવીઓ છે. ઉપરાંત 'પ્રત્યેક વ્યક્તિમાં કંઈને કંઈ વિશિષ્ટતા રહેલી જ હોય છે.' આ વિચાર નમ્રતા કેળવવામાં સહાયક બને છે.

નમ્રતા કેળવે છે તે કોઈ પણ ક્ષેત્રની વ્યક્તિની નિકટ જઈ શકે છે. નિકટતાનાં માધ્યમે જ કોઈનાં પણ અનુભવોનું અવલોકન કરી શકાય છે. તેના અનુભવ તેનાં વ્યવહારોથી પ્રકટ થતો હોય છે. જે તે ક્ષેત્રનાં વિકાસ માટે અનુભવ જ મુખ્ય ચાવીરૂપ હોય છે.

નમ્રતા કેળવવાથી અહંકાર ઘટે છે. પરિણામે ક્રોધ, રાગ, દ્વેષ અને માનસિક તાણ જેવાં મનોવિકારથી બચી શકાય છે. જેથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય જળવાય છે. પરિણામે આયુષ્યમાં વધારો થાય છે, ''નમે તે સૌને ગમે''નાં આધારે કોઈ પણ ક્ષેત્રનાં જ્ઞાન માટે અનુભવીઓનો માર્ગદર્શન નમ્રતા કેળવવાથી સહેજે મળી રહે છે. જ્યારે ઉદ્દંડ વ્યવહારનાં પરિણામે સહેજે મળતું માર્ગદર્શન પણ રોકાઈ શકે છે. શારીરિક-માનસિકરૂપે સ્વસ્થ, જ્ઞાની વ્યક્તિ નમ્ર વ્યવહારનાં કારણે સૌનુ પ્રસંશાપાત્ર બની કિર્તીમાં વૃદ્ધિ પામે છે. જેણે સુકિર્તી પ્રાપ્ત કરી હોય તે નૈસર્ગિકરૂપે જ શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને સામાજિક પ્રતિષ્ઠારૂપી બળ દ્વારા સર્વપ્રકારે બળવાન બને છે.

આમ, નમ્રતાનો ગુણ ધરાવતી વ્યક્તિ સૌની પ્રિય બની, આયુષ્ય, વિદ્યા, કિર્તી અને બળની વૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. •


### *રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે “જ્ઞાતિ સેતુ” અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮*

૧. **પ્રકાશનનું સ્થળ** : **અમદાવાદ**
૨. **પ્રકાશનનો ગાળો** : દ્વી માસિક
૩. **મુદ્રકનું નામ** : **મનુભાઈ વી. કોટડીયા**
**પ્રમુખ :** શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ
**મુદ્રકની રાષ્ટ્રીયતા** : ભારતીય
**મુદ્રણ સ્થાન** : **માધવી ઓફસેટ** ખોખરા, અમદાવાદ
૪. **પ્રકાશકનું નામ** : **મનુભાઈ વી. કોટડીયા**
**પ્રમુખની રાષ્ટ્રીયતા** : ભારતીય
**પ્રકાશકનું સરનામું** : શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ C/o, ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ
૫. **સંપાદકનું નામ : હંસારાજ ઠાકરશી કંસારા**
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું** : ૧/૧/૪, સમૃધ્ધિ ફ્લેટ, રામેશ્વર એપાર્ટમેન્ટ, દેવાશિષ સ્કુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
૬. **અખબારની માલિકી :** શ્રી કચ્છી મારૂ કંસારા - સોની જ્ઞાતિ મંડળ
**સરનામું :** C/o, ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ

હું મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.


અમદાવાદ
તા. ૨૫-૨-૨૦૦૯

મનુભાઈ વી. કોટડીયા
**પ્રકાશક અને મુદ્રક**
“જ્ઞાતિ સેતુ”

**નારી તું નારાયણી**

# ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન 'સ્ત્રી'

ઝવેરીલાલ શિવજી બુદ્ધભટ્ટી, ભુજ



**આ લેખના લેખક શ્રી ઝવેરીલાલભાઈનો વિસ્તૃત પરિચય સ્વર્ણિમ સમાજ વિશેષાંકમાં આપેલો છે.**

કુદરતે માનવજાતને જો કોઈ શ્રેષ્ઠ ભેટ આપી હોય તો તે 'સ્ત્રી' છે. સમગ્ર વિશ્વના જીવમાત્રનાં જીવનનો સાચો ધબકાર માત્ર 'સ્ત્રી'માં જ જોવા મળે છે.

'સ્ત્રી'એ સંસાર રથની શ્રેષ્ઠ સારથિ છે. 'સ્ત્રી' વિનાના સમાજની તમે કલ્પના કરો... તમો કલ્પના જ ન કરી શકો!

સ્ત્રીના વિવિધ સ્વરૂપ છે. તે સંસાર વૃદ્ધિમાં માતા છે. પોતાના હાથે બનાવેલી રસોઈ પીરસી સૌને આનંદ આપનારી તે અન્નપૂર્ણા દેવી છે. નાના બાળકોને ઉછેરી કુટુંબને સમાજ લાયક બનાવી બાળકમાં સારા સંસ્કારો રેડનારી તે પાલક માતા છે અને તેથી તો કહેવાયું છે કે, 'સો શિક્ષક બરાબર એક માતા...'

આપણા વર્તમાન સમાજમાં સ્ત્રીની ભૂમિકા સર્જકની રહી છે. સારા સંસ્કારો, ઉચ્ચ વિચારો, કુટુંબ પ્રત્યેની ઉચ્ચ ભાવના, વડીલો પ્રત્યે આદરભાવ આ બધા સદ્‌ગુણો સ્ત્રી પોતાના સંતાનોને આપે છે અને સંસ્કારની સુગંધ સમાજમાં પ્રસરાવે છે.

ભુતકાળનો ઈતિહાસ વાંચતાં જાણવા મળે છે કે, તે સમયે સ્ત્રીવર્ગને પછાત રાખવામાં આવતી હતી. તે માત્ર કુટુંબનો વંશ વધારનારી અને ઘરની સંભાળ રાખનારી વ્યક્તિ હતી. બાળકોનું પાલન-પોષણ અને ઘરકામ એ બે મુખ્ય કાર્યો જ તેના ફાળે આવતા. ઘર માટેના મહત્ત્વના નિર્ણયો પુરુષો લેતા. સામેનું કુટુંબ કેવું છે? તે માહિતી મેળવીને બાળકોના લગ્ન બચપણમાં જ કરી દેતા અને તેઓ મોટા થાય ત્યારે તેમને ખબર પડતી કે આપણે બંને તો પતિ-પત્નિ સ્વરૂપે છીએ! છોકરીને વધારે ભણાવવી નહીં પણ બચપણથી જ ઘરકામ, રસોઈમાં જોતરી નાખતા. આવી માન્યતા વચ્ચે પણ સમાજ સમતોલપણે ચાલતો. મર્યાદા, આમન્યા, સંસ્કાર કદાચ આજે છે તેના કરતાં ત્યારે વધારે હતા.

'સમય સમય બલવાન હૈ નહીં પુરુષ બલવાન.' આ સમયની બલિહારી છે અને આ વર્તમાન સમયની કરુણતા પણ છે કે પુરુષ સમોવડી બનવા મથતી અથવા તે બનતી થાય તે માટે વિવિધ સ્વરૂપે પ્રયત્નો થાય છે. તેનાથી સ્વસ્થ સમાજને હાની પહોંચી રહી છે. પ્રગતિ, વિકાસ કે સમાજના સર્વાંગી વિકાસના માપદંડો નક્કી કરવા સ્ત્રીઓને સામેલ કરવાના પ્રયત્નો થાય છે. નોકરીઓમાં સંરક્ષણ મળે છે. તે કદાચ ભલે સારી વાત લેખાતી હશે પણ નિર્મળ સમાજમાં હવેના આજના યુગમાં જે રીતે સ્ત્રીઓ, યુવતીઓ, અભ્યાસ, કલા, સંસ્કૃતિ, રમત-ગમત, નૃત્ય, સંગીત કે ચિત્રકલાના માધ્યમોમાં પોતાનું શ્રેષ્ઠત્વ સાબિત કરવા જેમ જેમ મથી રહી છે તેમ તેમ તેમનું જાણે કે, અજાણ્યે, આડકતરી રીતે કે સીધી રીતે જે શોષણ થઈ રહ્યું છે તે જગત ફાટી આંખે જુએ છે. તે રીતે શું વર્તમાન નારી સમાજનો વિકાસ થશે કે અધોગતિ? કે પતન?

કલા અને સંસ્કૃતિના ઓઠા હેઠળ, સમગ્ર વિશ્વમાં નારીનું રીતસર શોષણ એ જ્યારે જગવિખ્યાત વાત બની છે ત્યારે તે રીતે પ્રગતિ કરવા માંગતા વર્તમાન નારી સમાજે કયો રસ્તો પસંદ કરવો? એ નિર્ણય લેવાની વાત તેમના પર છોડું છું.

આમાં વર્તમાન નારી સમાજનો વાંક નથી, વાંક એ પુરુષોનો છે, જેમણે નારીને સમાજમાં વિવિધ સ્વરૂપે હલકી ચિતરવાનો પ્રયત્ન કર્યો છે, વાંક એ ફિલ્મોના ડાયરેક્ટરો અને ટી.વી. સીરિયલોના નિર્માતાઓનો છે જેમણે નારીની મર્યાદાના બંધનો તોડી નાખીને નારીને ધંધાદારી સ્વરૂપ આપી દીધું. વધતી ભૌતિકતાની ભૂખમાં આજનો નારી સમાજ મને કે કમને એક એવા

### લેખમાળા સંકલન... સુધા બુધ્ધભટ્ટી

*આ લેખમાળા અંતર્ગત આપણે આપણા સમાજમાં નારીનું સ્થાન અને એના યોગદાન વિષે આપણા વડીલોના વિચારો જાણવા-સમજવાનો પ્રયાસ કરીશુ. સાથે સાથે નારી નું 'નારાયણી' સ્વરૂપ જળવાય તે માટે પ્રેરણા મેળવીશુ. આ લેખમાળા માટે સુધાબેન બુદ્ધભટ્ટી, ભુજ, આપણા દાદા-દાદીઓનો રૂબરૂ અથવા અન્ય માધ્યમ દ્વારા સંપર્ક કરી તેમના વિચારો એકત્રીત કરશે. આશા છે, સુધાબેનની આ લેખમાળાને પ્રોત્સાહક પ્રતિસાદ મળશે.*

**મુખ્યતંત્રી**

રસ્તે જઈ રહ્યો છે જ્યાં મને વિકાસ કરતાં વિનાશ વધારે દેખાય છે કચકડાની દુનિયા અને વાસ્તવિક જીવન વચ્ચે ઘણો મોટો ફરક છે તે વાત નારી સમાજે સમજવી જરૂરી છે. રામરાજ્યના સમયથી ચાલી આવતી કુટુંબ વ્યવસ્થા હવે તૂટતી જાય છે, મર્યાદાના માપદંડો બદલાયા છે. વિનય, વિવેક, લજ્જા, આમન્યા એ શબ્દો આધુનિકતાના ઓઠા હેઠળ ભૂંસાતા જાય છે. આ બાબતે વર્તમાન સમયની માતાઓએ સાવધાન થઈ જવું જરૂરી છે અને પોતાના સંતાનોનો ઉછેર ભવિષ્યની નજરે કઈ રીતે કરવો એ સમજવું જરૂરી છે.

મારી ૮૩ વર્ષની ઉંમરે મને જે વર્તમાન નારી સમાજનું ચિત્ર દેખાય છે તે પ્રમાણે વર્તમાન નારી સમાજની નારીઓ જે પોતાને વિવિધ સ્વરૂપે શ્રેષ્ઠ હોવાનું સાબિત કરવા મથે છે તેવા સમાજની તે બહેનો અંદરથી ખોખલી થતી દેખાય છે. આવી બહેનો પોતાને અન્યથી અલગ માને છે. આ તેની માન્યતા જ તેના વિકાસના અવરોધક બળ તરીકે કામ કરે છે. મારી આ વાત ઉપર સૌ ચિંતન કરે તેવી વિનંતી કરું છું. મારા આ વિચારો માત્ર કલ્પના નથી પણ વાસ્તવમાં સમાજમાં હાલે જે રીતે નારી સમાજમાંની ચોક્કસ બહેનોમાં પોતાને આધુનિકતાના રંગે રંગવાની જે ઘેલછા ચાલે છે, કુટુંબની માનમર્યાદા ઓળંગી સંસ્કારોનો ઉંબરો ઓળંગવાની જે એક હરિફાઈ ચાલી છે તેમાં મને નારી સમાજના પતનના દર્શન થાય છે. તેના સર્વાંગી વિકાસના નહીં.

માતાઓ... જાગો... આપની દીકરીઓ સમાજમાં આપના કુટુંબની નામના વધારે તેવા ગૌરવથી તમે માથું ઊંચું રાખીને ફરી શકો તે પ્રમાણે તેમનું ઘડતર કરજો. એમાંથી જ ઉભો થશે સ્વસ્થ, સ્વચ્છ અને નિર્મળ સમાજ. તે સમાજ તે જ સાચો સમાજ.

ઘણી સન્નારીઓનાં મેં, આદર ભાવે, આંખમાં અમી પુરતી હોય તેવો દયાભાવ જોયો છે. ધર્મભાવના સદાય એમના ચહેરા પર મુસ્કુરાહટનાં દર્શન કર્યા છે. મર્યાદાનાં ઉલ્લંઘનને જવાબ આપી શકે એવી નીડરતા જોઈ છે. એ જરૂરી પણ છે. નીચું જોઈ થોડું બોલી ઘણું સમજાવી દે એવી લજ્જામય સ્ત્રીઓને મારા વંદન. ●

## પુત્રી જન્મની ખરી ઉજવણી તો જ થશે

**દિપ્તી પી. ગુજરાતી, ભુજ**

વર્તમાન સમયમાં મહિલાઓ અનેક ક્ષેત્રે પ્રગતિ સાધી પુરુષ સમોવડી બની રહી છે. 'નારી તું ના હારી'ના સૂત્રને સાર્થક કરતી વર્તમાન પુરુષપ્રધાન સમાજમાં આજની નારીઓની સ્થિતિ ખૂબ જ સુધરી રહી હોવાની છાપ ઉપસી રહી હોય તેવુ આપણને લાગે છે, પરંતુ વાસ્તવમાં આવુ છે ખરું? આજે મહિલાઓ પર અનેક પ્રકારના અત્યાચારો થઈ રહ્યા છે તે પૈકીનો એક અત્યાચાર છે - ભ્રૂણહત્યા.

સંતાનમાં માત્ર પુત્રો હોય કે પુત્ર પુત્રી બંને હોય તો ચાલે. પણ માત્ર દીકરી હોય તો કેમ ચાલે! સંતાનમાં પુત્ર હોવો જ જોઈએ આ માન્યતાથી જ પુત્રીને જન્મ પહેલાં જ મારી નાખવામાં આવે છે. સ્ત્રીભ્રૂણ હત્યા માટે જવાબદાર પરિબળોમા મુખ્યત્વે પુત્ર હોય તો જ વંશ આગળ વધી શકે તેમજ દીકરીના ઘેર સામાજિક દ્રષ્ટિએ મા-બાપથી કેમ રહેવાય? આ બાબતો મુખ્ય જણાય છે. દિકરો હોય તો ઓશિયાળા ન થવાય. ભવિષ્યને ધ્યાને લઈને જ પુત્ર ઘેલછા વધુ જોવા મળે છે.

પંરતુ સમયના બદલાવ સાથે આજે દીકરી પણ માતા-પિતાના અગ્નિસંસ્કારથી લઈને બધી વિધિ કરે છે. સંતાનમાં માત્ર દીકરી હોય કે દીકરો-દીકરી બંને હોય માતા-પિતાએ બંનેનો ઉછેર કર્યો જ છે ને ? જો માતા-પિતાને સંભાળવાની જવાબદારી દીકરાની હોય તો દીકરીની કેમ નહીં! તાજેતરમાં ભુજ ખાતે યોજાયેલા ૨૩મા સમૂહલગ્નમાં ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી અમૃતલાલ સોલંકીએ ભ્રૂણહત્યા સંબંધે કરેલી ટકોર ખરેખર આપણને વિચારતા કરી મૂકે તેવી છે.

દીકરી સાસરે પતિના માતા-પિતાને પોતાના માતા-પિતા સમજી સંભાળે તો જન્મ દેનાર માતા-પિતાને પણ જરૂરિયાત કે ઇચ્છા મુજબ કેમ ન સંભાળી શકે? પુત્ર હોવો અનિવાર્ય નથી તેવુ માનસ પરિવર્તન માતા-પિતાના મનમાં થાય તો જ ભ્રૂણની જાતિ જાણ્યા બાદ થતી સ્ત્રીભૃણ હત્યા અટકી શકે. ખરેખર તો દરેક મા - બાપ 'સ્ત્રીભૃણ હત્યા'નો વિચાર પણ અમાનુષિ છે એવાત ખરા દીલથી સ્વાકારાશે તો જ સ્ત્રી ભ્રૂણ હત્યા અટકી શકશે. અને તો જ પુત્રી જન્મની ખરી ઉજવણી થશે.

ગોમતી બા વંદના

# સમાજના રાહબર ગોમતીમાને નિવાપાંજલિ

**રજનીકાન્ત સોની**

**કચ્છના સ્થાનિક લોકપ્રિય અખબાર કચ્છ મિત્રે 'જ્ઞાતિસેતુ' ના 'ગોમતી બા' વિશેષાંક ની નોંધ લીધી તે બદલ જ્ઞાતિસેતુ પરિવાર 'કચ્છ મિત્ર'નું ઋણી રહેશે. સાથે સાથે આટલા સરસ અંકાવલોકન બદલ 'ગ્રંથ સમિપે' કટ્ટાર લેખક શ્રી રજનીકાન્ત સોની નો પણ હાર્દિક આભાર માનીએ છીએ. - મુખ્યતંત્રી**

કચ્છમાં સંત પરંપરા હેઠળ મહિલા સંતોની સંખ્યા બહુ જ નાની છે અને એમાં પૂ. ગોમતીબાનું સ્થાન અનેરું છે. આ સંતે બિદડાના સાધાનાશ્રમમાં રહીને ધ્યાન તેમજ સત્સંગ દ્વારા વિશ્વદર્શન બલ્કે બ્રહ્માંડદર્શન કર્યું હતું અને પછી સમાજને સાચો રાહ બતાવ્યો હતો. આ ગોમતીબાનો જન્મ દેવાડિયા ગામના મારૂ કંસારા સોની પરિવારમાં થયો હતો, તે પછી તેમણે સતનો મારગ લીધો અને હાલમાં જ તા. ૧૪, ૧૫, ૧૬ જાન્યુઆરીના દિવસોએ તેમની જન્મશતાબ્દી પણ ઉજવાઈ ગઈ.

કચ્છી મારૂ કંસારા સોની જ્ઞોતિ દ્વારા મુખપત્ર બહાર પાડવામાં આવે છે અને ડિસેમ્બર-૦૮, જાન્યુઆરી-૦૯ ના આ 'જ્ઞાતિસેતુ' અંકમાં ગોમતીબાની વંદના છે. એટલે કે, આ અંક ગોમતીબા વિશેષાંક છે એમ કહેવું હોય તો કહી શકાય. આ ઘટના એક રીતે નોંધપાત્ર છે. સામાન્ય રીતે લગભગ બધી જ્ઞાતિઓ પોતપોતાના મુખપત્રો પ્રગટ કરતી રહેતી હોય છે. એમા જ્ઞાતિ વર્તમાન આપવાની સાથે સાથે જ્ઞાતિનું જે મુખ્ય મંડળ હોય તેના પદાધિરીઓના ફોટા તેમજ દાન આપનાર સમૃધ્ધ દાતાઓના ફોટા, મહિમાગાન જ હોય છે અને એ સ્વાભાવિક પણ છે. કારણ કે જ્ઞાતિની સેવાની પ્રવૃત્તિઓ ચાલુ રાખવા નાણાંની જરૂર પડતી જ હોય છે. પરંતુ કચ્છના કંસારા સોની જ્ઞાતિએ પોતાનો એક અંક પોતાની જ્ઞાતિને ગૌરવ અપાવી જનાર એક સંતને અર્પણ કર્યો છે તે ઘટના એ રીતે નોંધનીય બની છે. અલબત્ત સંત જ્યારે સંત બને છે ત્યારે જ્ઞાતિના સીમાડા ઓળંગી જાય છે. તે સકળ સમાજનો પથદર્શક બને છે. પરંતુ જ્ઞાતિએ પણ પણ સમાજનો જ એક ભાગ છે એટલે તે પોતાના સંતને ચોક્કસ યાદ કરે, અનુસરે એ સ્વાભાવિક છે.

પ્રસ્તુત અંકમાં પૂ. ગોમતીબાના જન્મ સ્થળની મુલાકાતનો હેવાલ નરેન્દ્ર અદેપાળ અને હીના ગંગરે રસાળ શૈલીમાં રજૂ કર્યો છે. મુખ્ય તંત્રી શ્રી હંસરાજભાઈ કંસારાએ પૂ. ગોમતીબા જ્યાં રહેતા તે સાધનાશ્રમના સ્થાપક વેલજીભાઈ ઠાકરશી તેમજ આશ્રમના પ્રહરી ભવાનજીભાઈ નાથાભાઈના પરિચયનું સંકલન અહીં પેશ કર્યું છે.

બિદડાના સાધનાશ્રમના ગ્રંથાલયની વાત કરી છે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. કાંતિભાઈ ગોરે તેમણે આ ગ્રંથાલયમાં તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ ઉપરાંત પ્રવાસ વર્ણન, શબ્દકોશ, ઈતિહાસ, ગણિત, જ્યોતિષ, ખગોળ વિગેરે વિષયોના પુસ્તકો પણ હોવાનું નોંધ્યું છે. ડો. ગુલાબ દેઢિયા અને રવિ પેથાણી સંપાદિત પુસ્તક 'શૂન્યની વાટે' માંથી સંકલન કરને અહીં પૂ. ગોમતીબા વિશે સારી માહિતી પીરસવામાં આવી છે.

આ ઉપરાંત હીરાલાલ નાનાલાલ સોની, પી.જી. સોની 'દાસ' પ્રાણલાલભાઈ કંસાર વગેરેએ પણ આ સંત વિશે તેમના વિરલ વ્યક્તિત્વ વિશે આ અંકમાં વાત કરી છે. આ બધી સામગ્રી ઉપરાંત આ અંકમાં જ્ઞાતિ આયોજીત ભુજ તેમજ નખત્રાણાના સમૂહલગ્નોત્સવના હેવાલ પણ છે.અમદાવાદમાં જ્ઞાતિનું વાર્ષિક સ્નેહમિલન યોજાયું હતું તેની માહિતી પણ આપવામાં આવી છે. વ્યવસાયલક્ષી શિક્ષણ શ્રેણીમાં કોમ્પ્યુટર વિશે તુલસીદાસ કંસારાએ ઉપયોગી માહિતી આપી છે. મુખ્ય તંત્રીએ 'વિચારમંચ' માં મીતા એન સોલંકીના વિચારો પેશ કર્યા છે. એકંદરે આ અંક પૂ. ગોમતીબાને અંજલિ અર્પતો અંક છે એ તો ખરૂ જ, અને એ રીતે તે વિશિષ્ટ છે, પરંતુ વધુમાં જ્ઞાતિના મુખપત્રમાં કેવી ઉપયોગી માહિતી સંકલિત કરી શકાય એનું માર્ગદર્શન પણ અન્ય જ્ઞાતિઓને આપી શકે એમ છે.

**(જ્ઞાતિસેતુ, મુખ્ય તંત્રી- હંસરાજ કંસારા, તંત્રીઓ- અતુલ સોની, એકતા કટ્ટા, પ્રકાશક-શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ, છૂટક કિંમત રૂા. ૨૫ ત્રી.વા.લ. રૂા. ૩૦૦)**

### જિંદગી

શ્વાસોશ્વાસનો વિસ્તાર જિંદગી
હૃદયનો સતત ધબકાર જિંદગી
પ્રણય - ધિક્કારનો ચિતાર જિંદગી
મિલન - વિચ્છેદનો ઉદ્‌ગાર જિંદગી
રૂપ - યૌવનનો ઉન્માદ જિંદગી
લાલસા - પ્રપંચનો વિવાદ જિંદગી
ત્યાગીને માણોતો શૃંગાર જિંદગી
ભોગવવા વલખો તો આસારા જિંદગી
ડૂબેલાને છે નર્કાગાર જિંદગી
તરો તો છે, મોક્ષનું દ્વારા જિંદગી

**આર.પી. પોમલ, અંજાર**

**ગોમતીબા સ્મૃતિ વંદના**

# પ.પૂ. ગોમતીબા સ્થાનક આપણું કાયમી તિર્થ સ્થાન બની રહે

**પી. જી. સોની, 'દાસ', ભુજ**

ગઇ તા. ૧૬/૧/૨૦૦૯નાં બિદડા (તા. માંડવી) મુકામે, સાધના આશ્રમ ખાતે પ. પૂ. ગોમતીબાની જન્મશતાબ્દી ભારે હર્ષોલ્લાસ સાથે આધ્યાત્મિક અને સૌહાર્દપૂર્ણ માહોલમાં યોજાઇ ગઇ. આપણે સૌ જ્ઞાતિજનો પૂ. ગોમતીબાના સત્સંગી જીવન - કવનશી સુપેરે વાકેફ થયા. ત્યારે મનમાં એક પ્રશ્ન ઉદભવે છે કે જો સાધના આશ્રમના પ્રેરક શ્રી ભવાનજી ભાઇએ આ પ્રસંગના ઉજવ્યો હોત, અને આપણી જ્ઞાતિને આ શતાબ્દીવંદના કાર્યક્રમમાં સહભાગી ન બનાવ્યા હોત તો? તો આજે આપણે આપણી જ્ઞાતિનાં ગૌરવ સમા નારીરત્ન પૂ. ગોમતીબાના ભક્તમય જીવન અને કવન વિષે કંઇ જાણી શક્યા હોત? આપણે એમની ખરી ઓળખ થઇ હોત?

ભલું થજો એ ધર્મપ્રેમી અને કર્તવ્ય પરાયણ મુ. શ્રી. ભવાનજીભાઇનું કે, એમણે આપણા સમસ્ત જ્ઞાતિજનોને કોઇપણ જાતની અપેક્ષા વિના હૃદયપૂર્વક સહૂને સહભાગી બનાવીને ધન્યતા અનુભવી. અને આપણે પણ મહદ્ અંશે ઋણ ચૂકવવા મહામંડળનાં નેજા હેઠળ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને એમનું બહુમાન કર્યું. જે ખરેખર આપણા માટે ધન્યઘડી - ધન્ય ભાગ્ય કહી શકાય.

આપણને થશે કે હવે શું? હા... ખરેખર હવેથી આપણી ફરજ કે 'કતર્વ્ય પરાયણતા'ની શરૂઆત થાય છે. જાગ્યા ત્યાંથી સવાર. એમ માનીને બિદડાનો સાધના આશ્રમ - જ્યાં પૂ. ગોમતીબાનાં કાયમ બેસણાં છે એ આશ્રમ આપણું તિર્થસ્થાન બની રહે. આપણે પ્રસંગોપાત આપણા દેવસ્થાને જતાજ હોઇએ છીએ, તે ભાવથી - દ્રષ્ટિથી સૌ જ્ઞાતિજનોએ બિદડા જવું જોઇએ. વર્ષમાં ઓછામાં ઓછું, એકાદ - બે વખત સારા પ્રસંગો જેવા કે, સગાઇ, લગ્ન બાલમુવારા વિ. કે અન્ય સામાજીક કે ધાર્મિક - પ્રસંગોએ અહીં માથું ટેકવવા આવવું જ જોઇએ અને આ એક આપણી પરંપરા બની રહે, અને આવનારી પેઢી પૂ. ગોમતીબાને તથા આપણને પણ યાદકરીને કર્તવ્ય નિષ્ઠ બની રહે. જેથી પ.પૂ. ગોમતીબાનો દિવ્ય આત્મા અંતરિક્ષમાં જ્યાં હશે ત્યાં આનંદ અનુભવશે, અને એમનાં આશિર્વાદ સતત આપણા પર વરસતા રહેશે. એજ અભ્યર્થના....

> **ગુરૂ - ગોવિંદ દોનું ખડે,**
> **કિનકો લાગું પાય...**
> **ભલાઇ ભવાનજીભાઇ કી,**
> **જીન્હે બા ગોમતી દર્શન કરાઇ....**

ગઇ તા. ૧૬/૧/૨૦૦૯નાં બિદડા મુકામે સાધના આશ્રમ ખાતે પ. પૂ. ગોમતીબાને જન્મશતાબ્દી વંદના ભારે હર્ષોલ્લાસ સાથે ધાર્મિક તથા અધ્યાત્મિક માહોલ્લમાં યોજાઇ ગઇ તેના અનુસંધાને એક પ્રચલિત દોહો થોડા ફેરફાર સાથે રજુ કરૂં છું.
સાથે સાથે પ.પૂ. ગોમતીબાને
કાવ્યાંજલિ...

**ગોમતીબાની ગુણીયલ ગાથા...**

બિદડા છે બળભાગી સદાયે, કાયમ
સત્સંગ થાતાં...
ગોમતીબાની ગુણીયલ ગાથા, વર્ણવે
ભવાનજી નાથા... ગોમતીબા
ધન્ય બની ધન તેરસ તે'દિ, દેવડીએ
દેવી પધાર્યા...
સ્વર્ણિમ સમાજમાં જન્મ ધરીને, સૌ
જીવોને તાર્યા... ગોમતીબા
કૃષ્ણ ભક્તિમાં લીન બનીને, સદાય
હસતાં રહેતાં...
મીરાં સમએ ભક્તિ કરીને, શરીરે કષ્ટ
સહેતાં.... ગોમતીબા
સાધના આશ્રમે બેસણાં 'બાપુ'નાં, ત્યાં
હૈયે વળતી શાતા...
સમાધી સ્થળે શીશ નમાવી, જીવન
ધન્યજ થાતા.... ગોમતીબા
પરાવાણી સમ ભજનો એનાં, ઘેરે ઘેર
ગવાતાં...
ગોમતીબાની જન્મજયંતિએ, 'દાસ'
ગુણલા ગાતા... ગોમતીબા

**બિદડા છે બળભાગી સદાયે...**
**'દાસ'**



પરમ પૂજ્ય ગોમતીબાઈની કચ્છ-બિદડામાં તા.૧૪/૧૫/૧૬/- જાન્યુ ૨૦૦૪ ને રોજ શતાબ્દી મનાવી અને ત્યાંના વિગતવાર હર્ષોઉલ્લાસના સમાચાર જાણી અમને આનંદ થયો વળી નાની સરખી અમારી સાદગીરૂપ સાથેના વાતસલ્યપ્રેમનો પરિચય આપેલ તે પણ વાંચીને અમને ઘણો જ આનંદ આવ્યો.અમારા આ સંભારણાની યાદી તાજી કરી દરેક જ્ઞાતિ-બંધુઓને જ્ઞાતિ સેતુ મારફત વડીલ શ્રી હંસરાજભાઈ કંસારાએ ઓળખાણ કરાવી તે બદલ તેમનો ઘણો જ ઘણો જ આભાર દર્શાવું છું.

**- પ્રાણલાલ કંસારા, સિકંદરાબાદ**

# મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ

## મહાકાલિકા પાટોત્સવ અને પાર્ટી પ્લોટ અર્પણ કાર્યક્રમ, સંપન્ન




અહીંની મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા તાજેતરમાં કુળદેવી મહાકાલિ માતાજીના ૩૬૭માં પાટોત્સવની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે દાતા પરિવાર દ્વારા 'ચનાણી પાર્ટી પ્લોટ'ની અર્પણવિધિ કરાઈ હતી તો સમાજ દ્વારા પાટોત્સવ દિવસને 'વ્યસનમુક્તિ દિવસ' તરીકે ઉજવવા નિર્ણય લેવાયો હતો.

ભુજ તાલુકા ઉપરાંત કચ્છના જ્ઞાતિજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતમાં ઉજવણી પ્રસંગે સવારે મંદિરેથી રાસ-ગરબા ભજનો સાથે વાજતે-ગાજતે ધામધૂમથી શોભાયાત્રા નીકળી હતી.

પાટોત્સવ પૂજા તેમજ હવનવિધિના યજમાન દંપતીઓ આનંદ ચમનલાલ સોલંકી, સુનીલ કાનજીભાઈ બગ્ગા, યોગેશ મણિલાલ છત્રાળા અને જગદીશ કાનજી બુદ્ધભટ્ટી રહ્યા હતા.

દાતા જટુભાઈ વેલજી આણંદજી ચનાણી પરિવાર દ્વારા સ્વ. રૂક્ષ્મણીબેન જે. ચનાણીના સ્મરણાર્થે પીપળા ફળિયામાં મહાકાલિ મંદિર સંકુલ પાસે નિર્માણ થયેલા 'ચનાણી પાર્ટી પ્લોટ'ના હવનવિધિમાં હર્ષદભાઈ જટુભાઈ, આનંદ વિનોદભાઈ, વિનોદભાઈ, ભુપેન્દ્રભાઈ શિવજી બુદ્ધભટ્ટી, ભૂમિદાન દાતા પૈકી કાન્તિલાલ વાલજી હેડાઉએ ભાગ લીધો હતો.

રાત્રે ગીત-સંગીત કાર્યક્રમમાં કિશોરભાઈ જે. ચનાણી, વિનોદભાઈ મગનલાલ ચનાણીએ પાર્ટી પ્લોટની ચાવી પ્રતીકરૂપે જ્ઞાતિપ્રમુખ અમૃતલાલ જે. સોલંકીને સુપરત કરી હતી. જ્ઞાતિ વતી પ્રમુખ તથા કારોબારી સભ્યોએ દાતા પરિવારના સભ્યોને પાઘડી પહેરાવી, શાલ ઓઢાડી, પાર્ટી પ્લોટની કલાકૃતિ સાથે કચ્છ વર્કનું નકશીદાર સ્મૃતિચિન્હ અર્પણ કરી બહુમાન કર્યું હતું. તદ્‌પરાંત યુવક મંડળના પ્રમુખ અનિલ છત્રાળા, મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી તેમજ હોદ્દેદારો દ્વારા દાતા પરિવારનું સન્માન કરાયું હતું.

અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી, મહામંત્રી પ્રેમજીભાઈ સોલંકી (વડાલી) ચૂનીલાલ પોમલ (કોઠારા), વડીલ શ્રી ઝવેરીલાલ શિવજી બુદ્ધભટ્ટી, નખત્રાણા જ્ઞાતિપ્રમુખ હિંમતલાલ બગ્ગા, પશ્ચિમ કચ્છ મંડળના પ્રમુખ હીરાલાલ બગ્ગા, કલ્યાણજીભાઈ બારમેડા (વિથોણ), કચ્છમિત્રના મેનેજર શૈલષભાઈ કંસારા વિગેરે મહાનુભાવોએ સમાજસેવાના આ કાર્યને બિરદાવ્યું હતું. પાર્ટી પ્લોટમાં માનદ્‌સેવા આપનાર રાજેન્દ્ર વિસનજી બુદ્ધભટ્ટી, નિર્મલ પ્રફુલચંદ્ર સાકરીઆ વગેરેનું સન્માન કરાયું હતું.

સન્માનના પ્રત્યુત્તરમાં ચંદ્રકાંત જે. ચનાણીએ સહયોગ બદલ આભાર માની, પાટોત્સવના સમૂહપ્રસાદ માટેનું સૌજન્ય ચનાણી પરિવાર તરફથી જાહેર કર્યું હતું. જ્ઞાતિ મંત્રી દિલીપ કે, બગ્ગાએ સંચાલન કર્યું હતું. સંગીત કાર્યક્રમનું આયોજન પ્રદીપ એમ. ચનાણીએ કર્યું હતું.

નવનિર્મિત 'ચનાણી પાર્ટી પ્લોટ'માં તા. ૧૭મીને રોજ ૩૫૦ કુમારિકા તથા બટુકોને લંચબોક્સ, ચોકલેટ તેમજ રોકડ રકમનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જટુભાઈ તથા મગનલાલ ચનાણી પરિવારજનો ઉપરાંત ભુજ જ્ઞાતિ કારોબારી યુવક મંડળ, મહિલા મંડળ તેમજ આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા.

સૌજન્ય : કચ્છમિત્ર



**જ્ઞાતિ સમાચાર**

# શ્રી મારૂં કંસારા સોની મહિલા મંડળ, ભુજ

## બાળદિન રમતોત્સવ

રોહિણી ભરત બુદ્ધભટ્ટી, ભુજ

૧૪મી નવેમ્બર એટલે ચાચા નહેરુનો જન્મદિવસ એટલે કે બાળદિન નિમિત્તે મહિલા મંડળ - ભુજ દ્વારા મા કાલિકા મંદિરની બાજુના પ્લોટમાં બાળકો માટે રમતોત્સવનું આયોજન થયું. જેમાં રમતો હતી 'સ્લો સાઇકલિંગ', 'લીંબુચમચી', 'જમ્પ એન્ડ ઈટ' તેમ જ 'સંગીતખુરશી'. પાંચ વર્ષથી ૧૪ વર્ષનાં બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. કાર્યક્રમનાં અધ્યક્ષા જયશ્રીબહેન છત્રાળા રહ્યાં હતાં.

બાળકોને રમાડ્યા પછી મહિલાઓ માટે સંગીતખુરશીની સ્પર્ધામાં લગભગ ૨૦થી ૨૫ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં **વિજેતા શ્રીમતી મિલી આનંદ ચનાણી** થયાં હતાં.

### સ્પર્ધા વિજેતા

**સંગીત ખુરશી :**
**પ્રથમ :** કુશ આર. મૈચા
**દ્વિતીય :** વિરલ બુદ્ધભટ્ટી

**સ્લો સાઈકલિંગ :**
**પ્રથમ :** હર્ષ બુદ્ધભટ્ટી

**જમ્પ એન્ડ ઈટ :**
**પ્રથમ :** ઉત્સવ બુદ્ધભટ્ટી
**દ્વિતીય :** સમર્થ બગ્ગા

**લીંબુ ચમચી :**
**પ્રથમ :** યશ બારમેડા
**દ્વિતીય :** પારસ પોમલ

વિજેતાઓને કારોબારીના સભ્યો તથા પ્રમુખશ્રીના હસ્તે ઈનામો અપાયાં હતાં. મહિલા મંડળનાં પ્રમુખશ્રીએ જ્ઞાતિની મહિલાઓએ હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો તે બદલ આભાર માન્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળનાં પ્રમુખ લતાબહેન સોલંકી, મંત્રી રોહિણી બુદ્ધભટ્ટી, ખજાનચી અરુણાબહેન બુદ્ધભટ્ટી, જયશ્રીબહેન છત્રાળા, ભાવના ચનાણી, ભાવના બુદ્ધભટ્ટી, શીતલ બુદ્ધભટ્ટી, માલતી ગુજરાતી, નીલા પોમલ, ખુશાલી બુદ્ધભટ્ટી, ખ્યાતિ બુદ્ધભટ્ટી અને જયેષ્ઠા સોની વગેરેએ સાથ આપ્યો હતો. ●

## બાળ ચિત્ર-સ્પર્ધા અને રેખા ચિત્ર પ્રદર્શન

બાળરમતોત્સવ પછી બાળકો માટે ડ્રોઈંગ કમ્પિટિશન (ચિત્રસ્પર્ધા) જ્ઞાતિ વાડી મધ્યે તારીખ : ૨૦-૧૨-૦૮ના યોજી હતી. જેમાં ત્રણ વિભાગો રાખવામાં આવેલા હતા. કાર્યક્રમનાં અધ્યક્ષા શ્રીમતી ખુશાલીબહેન સંજયભાઈ બુદ્ધભટ્ટી તથા શ્રીમતી ખ્યાતિબહેન જયભાઈ બુદ્ધભટ્ટી રહ્યાં હતાં. આ સ્પર્ધામાં ૧૦૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધા સાથોસાથ જ્ઞાતિના મુરબ્બી વડીલશ્રી ઝવેરીલાલભાઈ શિવજી બુદ્ધભટ્ટીના લગભગ બસોથી વધુ રેખાંકિત ચિત્રોનું પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોએ તેમના ભરપેટ વખાણ કર્યાં હતાં.

આ કાર્યક્રમના સ્પોન્સર તરીકે 'કોટક લાઈફ ઈન્સ્યોરન્સ' દ્વારા વિજેતાઓ તથા દરેક સ્પર્ધકોને ઈનામો જાહેર કર્યાં હતાં. કાર્યક્રમનાં અતિથિ વિશેષપદે શ્રીમતી ડૉ. કલ્પનાબહેન સાકરિયા તથા મુક્તાબહેન બુદ્ધભટ્ટી રહ્યાં હતાં. પ્રમુખપદેથી શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકીએ મહિલા મંડળની પ્રવૃત્તિઓને વખાણી હતી. મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ સોનીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું

### સ્પર્ધા વિજેતા

**ગ્રૂપ 'એ' ૩ - ૫ વર્ષ**
**પ્રથમ :** હર્ષવી સંજયભાઈ બુદ્ધભટ્ટી
**દ્વિતીય :** રુદ્ર ભરતભાઈ બુદ્ધભટ્ટી

**ગ્રૂપ 'બી' ૬ - ૯ વર્ષ**
**પ્રથમ :** કુંજ બુદ્ધભટ્ટી
**દ્વિતીય :** ચાંદની એન. પોમલ

**ગ્રૂપ 'સી' ૧૦ - ૧૪ વર્ષ**
**પ્રથમ :** દેવાંગી વિજયભાઈ બુદ્ધભટ્ટી
**દ્વિતીય :** ડોલી ચંદ્રમોહન બુદ્ધભટ્ટી
**તૃતીય :** ભક્તિ સંજયભાઈ સોલંકી

**આશ્વાસન ઈનામ**
કિંજલ જગદીશભાઈ બગ્ગા

તેમ જ રૂપિયા ૧૦૦૧ વિજેતાઓને જાહેર કર્યા હતા. ચિત્રસ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રી ગિરધરભાઈ સોની તથા હરેશભાઈ જે. સોલંકીએ સેવા આપી હતી.

યુવક મંડળના પ્રમુખશ્રી અનિલભાઈ છત્રાળાએ પણ કારોબારીના સભ્યો સાથે ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. શ્રી ઝવેરીલાલભાઈનું મહિલા મંડળ વતી શાલ ઓઢાડી સન્માન શ્રી પ્રભુદાસભાઈ સોનીએ કર્યું હતું. ઉપસ્થિત સર્વે પ્રેક્ષકો તથા બાળકોને, સર્વેને અલ્પાહાર 'કોટક લાઈફ ઈન્સ્યોરન્સ કંપની' તરફથી આપવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રીમતી રોહિણી ભરત બુદ્ધભટ્ટીએ કર્યું હતું. કારોબારીના હોદ્દેદારો તથા સભ્યો અરુણાબહેન બુદ્ધભટ્ટી, જયશ્રીબહેન છત્રાળા ચનાણી, ભાવનાબહેન બુદ્ધભટ્ટી, પ્રીતિબહેન બગ્ગા, સુધાબહેન બુદ્ધભટ્ટી, રીટાબહેન બુદ્ધભટ્ટી, પ્રીતીબેન બગ્ગા, સુધાબેન બુધ્ધભટ્ટી, રીટાબેન બુધ્ધભટ્ટી, નયનાબેન ચનાણી જુલીબેન સોલંકી, જયશ્રીબેન બુધ્ધભટ્ટી વગેરેએ સાથ આપ્યો હતો. વ્યવસ્થા તેમજ સ્થળ માટે જ્ઞાતિ પ્રમુખશ્રી નો આભાર માનતાં કાર્યક્રમ સંપન્ન થયેલ જાહેર કરવામાં આવેલ હતો. ●

જ્ઞાતિ સમાચાર

# અંજાર મધ્યે જ્ઞાતિ પર્વ શ્રી મહાકાલી પાટોત્સવ હર્ષોલ્લાસે ઉજવાયો

**સોની રાજેશ કેશવલાલ**





આપણી જ્ઞાતિના મુખ્ય પર્વ તરીકે ઊજવાતો "શ્રી મહાકાલી માતાજી"નો પાટોત્સવ શ્રી મહાકાલી માતાજી મંદિર, અંજાર મધ્યે પરંપરાગત રીતે, હર્ષોલ્લાસ સાથે પોષ સુદ ચૌદસ, શનિવાર, તા. ૧૦/૧૦/૦૯ના રોજ ઉજવાયો હતો.

શાસ્ત્રોક્ત હવન વિધિ દ્વારા પ્રારંભ થયેલ આ પાટોત્સવનું મુખ્ય આકર્ષણ 'રવાડી'નો પ્રારંભ સવારના ૯.૩૦ કલાકે શ્રી મહાકાલી માતાજી મંદિર, મધ્યેથી થયો. કળશધારી કુમારિકાઓનું મહિલા મંડળ પ્રમુખ દ્વારા કુમ - કુમ તિલકો સાથે પ્રસ્થાન કરેલ આ રવાડીમાં જ્ઞાતિજનો રાસ ગરબાનો આનંદ માણતા, શહેરના ગંગા બજાર, મોહનરાય ચોક, માધવરાય ચોક જેવાં મુખ્ય માર્ગોને ગજાવ્યાં હતાં.

રવાડીનાં સમાપાન બાદ બપોરે ૧૨.૦૦ કલાકે યુવક મંડળની વિશિષ્ટ જહેમતે શ્રી માવધવરાય આરતી મંડળ મહાઆરતીનું આયોજન થયું હતું. ત્યાર બાદ ગંગાનાકા સ્થિત સમાજવાડીની જગ્યા એ સમૂહ પ્રસાદ લીધો હતો. પાટોત્સવની હવન વિધિનાં યજમાન પદે શ્રી લાલજીભાઈ પરષોત્તમભાઈ બારમેડા રહ્યાં હતાં. જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ સાથે શ્રી દેવેન ભાઈ કનકચંદ્ર વ્યાસે આચાર્યપદ શોભાવ્યું હતું. રવાડી અંતર્ગત શ્રી નવિનભાઈ પરષોત્તમભાઈ બારમેડા પરિવાર અને શ્રી જગદીશભાઈ હરિલાલ છત્રાળા પરિવાર દ્વારા જલપાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ કે. વિસા પરમારે આ પાટોતસ્વ ઊજવણીનાં માધ્યમે મળેલ તમામ જ્ઞાતિજનોની સહર્ષ ઉપસ્થિતિ તથા વિશિષ્ટ આર્થિક સહયોગ આદિપુર, ગાંધીધામનાં જ્ઞાતિજનોની પ્રતિ વર્ષ કરતાં વધુ સંખ્યામાં રવાડી, મહાઆરતીમાં ઉપસ્થિતિ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

વધુમાં જ્ઞાતિપ્રમુખશ્રી એ જ્ઞાતિજનો નો સતત આવો જ સહયોગ મળતો રહેશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

"શ્રી મહાકાલી પાટોત્સવ ઊજવણી" જ્ઞાતિ કારોબારી સભ્યો, મહિલા મંડળ સભ્યો તથા યુવક મંડળની જહેમતે સફળતા બક્ષી હતી.

જ્ઞાતિજનોએ મહાઆરતી તથા સમૂહ પ્રસાદ અર્ન્તગત યુવક મંડળ દ્વારા સુવ્યવસ્થાપનની પ્રશંસા કરી. •

# વ્યસનમુક્ત ભારતનું સ્વપ્ન જોતા બેંગ્લોરના સાયકલયાત્રી

એક વર્ષ અગાઉ દેશભરની સાયકલયાત્રાએ નીકળેલા મૂળ બેંગ્લોરના અમનદીપસિંહ પહેલી જાન્યુઆરી-૨૦૦૮ના દિવસે બેંગ્લોરથી સાયકલયાત્રાનો પ્રારંભ કર્યા પછી એક વર્ષ અને એક માસના સમયગાળામાં ૪૦ હજાર કિ.મી. જેટલો પ્રવાસ ખેડીને ૨૦ જેટલા રાજ્યોના બાવીસ હજાર ગામડાંમાં આ શિક્ષક સાયકલયાત્રીએ યુવાપેઢીમાં નશાની કુટેવોથી દૂર રહેવાનો સંદેશ ફેલાવ્યો છે.

ખાસ કરીને ગામડાઓની શાળાઓમાં જઈને બાળકોને ગૂટખા-તમાકુ-બીડી-સિગારેટની કુટેવોથી બચવા માટે વિવિધ દાખલા-દ્રષ્ટાંતો દ્વારા સમજણ અપાતાં અમનદીપસિંહ બાળકો-યુવાનોને પગ પર કુહાડો મારીને સ્વાસ્થ્યની સલામતી જોખમાય તેવી મૂર્ખતા ન કરવા અપીલ કરે છે. કચ્છના નારાયણસરોવર, કોટેશ્વર, લખપત સહિતના સ્થળોએ ફરી વળેલા પંજાબી વિષયના શિક્ષક સાયકલયાત્રીએ એક વર્ષમાં સાયકલના સાત ટાયર બદલ્યા છે. બહારનું કંઈ પણ ખાવાનું ટાળીને જાતે જ રસોઈ રાંધી ખાતા અમનદીપસિંહ કહે છે કે, સારા કામ માટે નીકળ્યો છું એટલે પ્રભુકૃપાથી એક વર્ષમાં આંખ-માથું દુઃખવા કે તાવ કે તાવ જેવી કોઈ તકલીફ થઈ નથી.

# જ્ઞાતિ સમાચાર

## મારૂ કંસારા સોની જ્ઞાતિ કુળદેવી પાટોત્સવ, નખત્રાણા

પ્રફુલ્લ એમ. કંસારા, નખત્રાણા




શ્રી નખત્રાણાના મારૂ કંસારા સોની જ્ઞાતિના કુળદેવી કાલીકા માતાજીનો પાટોતસ્વ ખૂબ જ ઉત્સાહ પૂર્વક અને ધામધૂમથી ઉજવવામાં આવેલ. જ્ઞાતીના યુવક મંડળ દ્વારા વિશાળ શોભાયાત્રા નખત્રાણાના મુખ્ય માર્ગો ઉપરથી કાઢવામાં આવી હતી. જેમાં જ્ઞાતીના ભાઇ બહેનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. જ્ઞાતીના યુવાન પ્રકાશ શંભુ સોનીએ ધારણ કરેલ કાલીકા માતાજીની વેશ ભુષાએ ખૂબ જ આકર્ષણ જમાવેલ હતું. સુશોભીત રથની સાથે બેન્ડ પાર્ટી દ્વારા મહીલા મંડળ દ્વારા બાલીકાઓના રાસ તથા બહેનોના રાસ - ગરબા પણ યોજવામાં આવ્યા હતા.

આ શોભાયાત્રામાં જ્ઞાતીના અગ્રણીઓ સર્વશ્રી રતીલાલ હંસરાજ, લખમશીભાઇ ઇશ્વરાભાઇ, હીંમતલાલ બેચરલાલ (પ્રમુખ), હીરાલાલ સોની, હેમેન્દ્રભાઇ કંસારા, ગંગારામભાઇ સોની, રમેશભાઇ સોની (ઉપપ્રમુખ), ભોગીલાલ હંસરાજ, રમેશભાઇ કંસારા (સહમંત્રી), રવજીભાઇ સાકરીયા (મંત્રી, મણીલાલ ગોવિંદજી, રમણીકલાલ ગોકળદાસ, યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઇ કંસારા, મહીલા મંડળના પ્રમુખ કલ્પનાબહેન સોની, મંત્રી જ્યોતિબહેન કટ્ટા, જયેશ કટ્ટા, જેષ્ટારામ સોલંકી, ધીરજલાલ સોની, હરીલાલ હેમરાજ, જેરામભાઇ સોની સહીત વિશાળ સંખ્યામાં જ્ઞાતી અગ્રણીઓ જોડાયા હતા.

આ પ્રસંગે માતાજીની આરતીનો લાભ સોની મણીબહેન બેચરલાલ બગા તથા સોની લહેરીલાલ ભગવાનજી પરિવારે લીધો હતો તથા સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું.

અન્ય એક પ્રસંગમાં - જ્ઞાતીના નવા ચૂંટાયેલા હોદેદારો તથા જ્ઞાતી કાર્યમાં જેમનું યોગદાન રહેલ તેમનો સન્માન કાર્યક્રમમાં જ્ઞાતી અગ્રણી શ્રી રતીલાલ હંસરાજ સોનીના પ્રમુખ સ્થાને યોજવામાં આવેલ જેમાં જ્ઞાતીના નવા ચૂંટાયેલા હોદેદારોનું સન્માન - સમાજના અગ્રણીઓ - શ્રી રતીલાલ હંસરાજ કટ્ટા, લખમશીભાઇ સોની, ભરતભાઇ સોની, હીરાલાલભાઇ સોની, ગંગારામભાઇ સોની, લહેરીભાઇ સોની, પ્રફુલભાઇ કંસારા દ્વારા તેમજ જ્ઞાતીના કાર્યમાં જેમનું યોગદાન રહેલ તેવા રાજેશ મુળજી બગા, રમેશભાઇ કંસારા, રમેશભાઇ લાયચા, પ્રકાશભાઇ શંભુ સોનીનું પ્રતિક ભેટ આપી સન્માન કરવામાં આવેલ હતું. તદ્ઉપરાંત દાતાઓ દ્વારા નાની બાલીકાઓને પણ પ્રતિક ભેટ આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે જ્ઞાતી અગ્રણીશ્રી ભરતભાઇ સોની તથા હીરાલાલભાઇ સોનીએ જ્ઞાતી સંગઠનને બીરદાવી યુવક મંડળની પ્રવૃત્તિઓની પ્રસંશા કરી યોગ્ય સહકારની ખાત્રી આપી હતી. સન્માનના પ્રત્યુત્તરમાં નવા વરાયેલ પ્રમુખ શ્રી હીંમતલાલ સોની તથા મંત્રી રવજીભાઇ સાકરીયાએ આભાર વ્યક્ત કરેલ હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના જયેશ સોની, ધીરૂભાઇ સોની, શૈલેષ બગ્ગા, મનીષ સોલંકી, નવીન કટ્ટા, કૈલાશ કટ્ટા, તરૂણ બુધ્ધભટ્ટી, અનીલ સોની, ભાવેશ બગ્ગા, કમલેશ કટ્ટા, પ્રકાશ કટ્ટા, ભુપત કટ્ટા, દિનેશ સોની, તરૂણ બારમેડા, કૌશિક કટ્ટા, દીપક કટ્ટા, સતીષ બગ્ગા, કેતન કટ્ટા, જીજ્ઞેશ સાકરીયા, નિકુંજ સોની, આનંદ સોની, અરવિંદ સાકરીયા, બિપીન બારમેડા, કિશોર સાકરીયા, નિલેશ કટ્ટા, તેજશ બગ્ગા તથા યુવક મંડળના તમામ સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. મહિલા મંડળના નિર્મળાબહેન જે. સોલંકી, કોકીલાબહેન કટ્ટા, પ્રજ્ઞાબહેન કંસારા, ભાવનાબહેન કંસારા, નિલમબહેન બુદ્ધભટ્ટી, દક્ષાબહેન બગ્ગા, વર્ષાબેન બગ્ગા, પુનમબેન કટ્ટાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી જ્ઞાતી અગ્રણી શ્રી હેમેન્દ્રભાઇ કંસારાએ કરેલ હતી. •

### STOP PRESS



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ **શ્રી સિધ્ધાર્થભાઇ પટેલે** નખત્રાણાના **શ્રી હિરાલાલ મોહનલાલ સોની**ની તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદે નિમણુંક કરી છે.

આ બદલ **'જ્ઞાતિ સેતુ'** પરિવાર તેમને આ સિધ્ધિ મેળવવા બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે.


**વિજ્ઞાન વિઝન**

# ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ (જીપીએસ)

**અતુલ સોની, અમદાવાદ**

*વર્તમાન સદીને ને વિજ્ઞાન અને ટેક્નોલોજીના પરમ વિકાસનો સમય ગણવામાં આવે છે. આધુનિક ટેક્નોલોજીએ સામાન્ય માનવીના જીવન પર જબરજસ્ત પ્રભાવ પાડેલ છે. આધુનિક ટેક્નોલોજી હોય આપણા રોજબરોજ ના જીવનમાં બનતી નાની મોટી ઘટનો હોય, રોજીંદા વપરાશ ના સાધનો હોય કે આર્વાચીન ઉપકરણો હોય, તમામની પાછળ વિજ્ઞાનનો કોઈને કોઈ સિધ્ધાંત કે પરિબળ જવાબદાર હોય છે. જ્ઞાતિ સેતુ દ્વારા રોજબરોજ ના સામાન્ય વિજ્ઞાનના સવાલો અંગે માહિતી આપવા શ્રી અતુલ સોનીની આ શૃંખલા શરૂ કરવામાં આવે છે. આશા છે સમાજના વિદ્યાર્થી ગણ તથા જીજ્ઞાસુઓને તે પસંદ પડશે. વિજ્ઞાનને લગતાં સવાલો કિશોર વાંચકો અમોને લખી જણાવશે તો આગામી અંકમાં તે વિષય પર માહિતી આપવા જરૂર પ્રયાસ કરશું.*

***- મુખ્ય તંત્રી***




મોબાઈલ ક્ષેત્રે થઈ રહેલ ક્રાન્તીમાં એક નવું નામ ઉમેરાયું છે. 'GPS મોબાઈલ' સેલફોન તેમજ અન્ય અનેક ઉપકરમો મા વપરાતી GPS સીસ્ટમ અંગે ચર્ચા કરતા પૂર્વે આપણે કટલાંક કિસ્સા વિચારીએ.




યુવાન દિકરો/ દિકરી રાત્રે મોડે સુધી ઘેર આવેલ નથી પરિવાર જનો ચિંતા કરે છે. સવાલ થાય છે તે ક્યાં હશે ? આ માહિતી કેવી રીતે મળશે ? અન્ય કિસ્સામાં વિચારીએ ટ્રાવેલ્સ કંપની પાસે વીસ-પચીસ બસો નો કાફલો છે આ તમામ બસો દેશના વિવિધ રસ્તાઓ પર ફરે છે ક્યારેક કોઈ બસને અકસ્માત થાય છે તો ક્યારેક કોઈ બસ માલક કારણ વગર વિલંબ કરે છે. બસ માલિકોના મનમાં હંમેશા એક જ ચિંતા હોય ક્યાં હશે અમારા વાહનો ? આ માહિતી સતત ચોક્સાઈ પૂર્વક કોલ આપ શે ધારોકે આપણે અજાણ્યા શહેરમાં કે અજાણ્યા વિસ્તારમાં છીએ તો અજાણ્યા વિસ્તારના રોડ-રસ્તાઓ, પેટ્રોલ પંપ કે હોસ્પીટલો નજીકમાં છે કે નહીં તેની માહિતી કેવી રીતે મળશે ?

આવા અનેકવિધ કારણોસર વ્યક્તિ કે વાહનોની જરૂરી સમય પરની સ્થળ સંબંધી માહિતી મેળવવી અંત્યત જરૂરી બને છે. આ સર્વે સમસ્યાઓ ના ઉકેલ માટેની પ્રણાલી એટલે Global Positioning System (GPS)

GPS સીસ્ટમના મુખ્યત્વે ત્રણ વિભાગો છે.

(૧) **અવકાશ** :- જ્યાં ૨૪ જેટલા GPS ઉપગ્રહો જે સતત પૃથ્વી પરના GPS કન્ટ્રોલ રૂમ સાથે સંપર્કમાં રહે છે.

(૨) **રીસીવર** :- વપરાશ કર્તા પાસે રહેલ રીસીવર ઉપકરણ જે નજદીકના ચાવર મારફતે ઉપગ્રહ સાથે સંપર્કમાં રહે છે.



**(૩) કન્ટ્રોલ સ્ટેશન :-** હાલમાં સમગ્ર વિશ્વમાં આવેલ પાંચ જેટલા કન્ટ્રોલ સ્ટેશન સમગ્ર પ્રણાલી નું સંચાલન કરે છે.

આમ અવકાશીય ઉપગ્રહો ની મદદ થી રીસીવર ઉપકરણનું સ્થાન નિશ્ચિત થાય છે. આ રીસીવર પૃથ્વીના કોઈ પણ સ્થળે હોય તેની માહિતી મળી શકે છે. આ માહિતી તથા તે સ્થળના ઉપલબ્ધ નકશાઓનો સમન્વય કરી GPS સેવા ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓ વપરાશ કર્તા ને તેની સચોટ માહિતી પૂરી પાડે છે. GPS મોબાઈલના સ્ક્રીન પર નકશા સહિત તમામ માહિતી મળી રહે છે. બસ, વિમાન કે સબમરીન જેવા વાહનો પરની GPS સીસ્ટમ ચોક્કસ સમય પર તે વાહાનોની સ્થળની માહિતી સચોટ સ્વરૂપે આપે છે.

આ GPS સિસ્ટમ ની શરૂઆત તો વર્ષ ૧૯૭૮માં અમેરિકા દ્વારા પ્રથમ ઉપગ્રહ અવકાશમાં મૂકાયો ત્યારથી થયેલ છે. પરંતુ વર્ષો સુધી આ પ્રણાલી માત્ર લશ્કરી હેતુ માટે જ ઉપલબ્ધ હતી. વર્ષ ૨૦૦૦માં અમેરિકાના પ્રમુખ બીલ ક્લિન્ટને આ સીસ્ટમ પર ના પ્રતિબંદ્ધ દૂર કરી નાગરિક ઉપયોગ માટે ઉપલબ્ધ થાય તેવા આદેશ કર્યા. આ પછી નાગરિકોના શાંતિમય ઉપયોગ માટે આ પ્રણાલી નો ખૂબ વિકાસ થયો છે. આ GPS સિસ્ટમના અન્ય ઉપયોગ જોઈએ તો કૃષિક્ષેત્ર તેમજ પર્યાવરણ ક્ષેત્રે તેનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહેલ છે. આ ઉપરાંત કુદરતી આફત સમયે તો આ પ્રણાલી માનવ જીવન માટે આર્શીવાદ રૂપ બને છે. આફત ગ્રસ્ત વિસ્તારો ના આંતરિક રસ્તાઓ તથા અન્ય સ્થળો ની માહિતી રાહત અને બચાવ કાર્ય માટે ખૂબ ઉપ યોગી થાય છે.

આપણા દેશમાં પણ આ ટેકનોલોજી ખૂબ વિકસિત થઈ રહેલ છે. દા.ત. અમદાવાદ મ્યુ. કોર્પોરેશને તેની તમામ સીટી બસોને GPS સિસ્ટમ થી સુસજ્જ કરેલ છે. તેવી રીતે ગુજરાત S.T.ની તમામ બસો પર GPS ઉપકરણો લગાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. હાલમાં મળતા સમાચાર મૂજબ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દરિયામાં ફરતા માછીમારો ના તમામ વહાણો ને GPS નેટવર્કથી સજ્જ કરવાનું નક્કી થયેલ છે. પ્રાઈવેટ બસ તથા ટ્રક સંચાલકો એ તેમના વાહનો પર આ સીસ્ટમ લગાવવાનું શરૂ કરેલ છે.

એક સર્વે મુજબ મોબાઈલ ફોન પર સૌથી વધુ પુછવામાં આવતા સવાલ છે. 'તમે ક્યાં છો ?' આશા છે ભવિષ્યમાં આવો સવાલ બહુ નહી પુછવા પડે કારણ કે શક્ય છે કે તે માહિતી પણ ફોન કર્તા ને પોતાના સેલ ફોન પર મળે.

આ શૃખંલા અંગે આપના પ્રતિભાવો તથા વિજ્ઞાન ને લગતા સવાલો આપ જરૂર લખી જણાવશો. editor@gnyatisetu.com અથવા soniatulkumar@yahoo.com પર e-mail મોકલાવી શકો છો.

# કોમ્પ્યુટરનો કક્કો - ૮

તુલસીદાસ કંસારા, અમદાવાદ




## Animation = એનીમેશન

મલ્ટિમિડીયા પ્રેઝન્ટેશનનું એક ખાસ, અગત્યનું કે મુખ્ય અંગ છે એનીમેશન. એકજ ચિત્ર કે છબી ને જ્યારે સિરીઝ માં એક પછી એક રજૂ કરવામાં આવે, અને તે છબી માં ચોક્કસ અંગ દા.ત.ઉપર દેખાડેલ કમ્પ્યુટરના કાર્ટૂનના હાથ ની હલચલ દેખાડવાની હોય તો, તો તે હાથ ની જગ્યા જે રીતની કે જે દિશામાં મુવમેન્ટ દેખાડવી હોય તે પ્રમાણે થોડી થોડી બદલી ને છબીઓ ની હારમાળા બનાવવી પડે અને તે એક પછી એક, ઝળપથી દર્શાવવામાં આવે, ત્યારે હાથ હલાવતી તસ્વિર દેખાય. ખરેખર તો આ એક હલનચલન નો આભાસ ઉભો કરતી પ્રક્રિયાજ છે, (simulation) સાયમ્યુલેશન છે, જેમાં અલગ અલગ છબીઓ ને ઝળપ થી દર્શાવવામાં આવે છે. આ ટેકનીક ને અંગ્રેજીમાં એનીમેશન કહેવામાં આવે છે. ટીવી માં દર્શાવવામાં આવતી કાર્ટૂન ફિલ્મો આનું તાદ્રશ્ય દ્રસ્ટાંત પુરૂં પાડે છે. કમ્પ્યુટરમાં આવા એનીમેશન બનાવવામાટે અનેતેને મોનીટર ઉપર ડિસ્પ્લે કરવામાટેખાસ પ્રકારના સોફ્ટવેર એપ્લિકેશન્સ બજારમાં મળે છે, જેમાં માયા અને મેકસ વધારે પ્રચલિત છે.

**તમે કદાચ પૂછશો કે તો પછી એનીમેશન અને વિડિયો વચ્ચે શું તફાવત છે ?**

વિડિયો કેમેરા મોશન કે હલનચલન ને સતત ઝળપે છે અને તેને અલગ અલગ ફ્રેમોમાં બ્રેક કરતો જાય છે, જ્યારે એનીમેશન ની શરૂઆતજ અલગ અલગ ફ્રેમોમાં પિકચર બનાવવા થી થાય છે અને તેને એવી રીતે ગોઠવે છે કે જાણે એક સતત હલનચલન નો આભાસ ઉભો થાય છે.

**સોફ્ટવેર વિશે વિશેષ:**

લોકો વરસો થી આ ટર્મ સોફ્ટવેરને કમ્પ્યુટરમાંની સૂચનાઓ, પ્રોગ્રામો કે ડાટા તરીકે સમજે છે. પરંતુ, મૂળ માં જોઇએ તો જે પણ માહિતી, પછી તે ફોટોગ્રાફ કે સંગિત ના સ્વરૂપમાં કેમ ન હોય, જેને તમે તમારા કમ્પ્યુટરમાં ઇલેક્ટ્રોનીક રીતે સંગ્રહિત કરી શકો તેને સોફ્ટવેર ઘણી શકાય. પરંપરાગત રીતે સોફ્ટવેરને બે અલગ અલગ વિભાગો માં વહેંચવામાં આવે છે:

(૧) એપ્લિકેશન્સ સોફ્ટવેર અને (૨) સિસ્ટમ સોફ્ટવેર આમ છતાં પણ, નઝદિકનાજ ભૂતકાળમાં, સોફ્ટવેર અને હાર્ડવેર ને છેવાડે આવતા વેર ની એક આખી હરોળે કમ્પ્યુટરની ભાષામાં સ્થાન પ્રાપ્ત કરેલ છે, જેમકે માલવેર, એડવેર, સ્પાયવેર, ગ્રેવેર, ફ્રીવેર, શેરવેર, નાગવેર, બ્લોટવેર, એબેન્ડોનવેર, સ્લાઈમવેર, વેબવર, ઇત્યાદિ. આપણે આ વેર હરોળના શબ્દો વિશે હવે પછી ના હપ્તાઓ માં જાણીશું.

**(૧) એપ્લિકેશન્સ સોફટવેરો :** વર્ડ પ્રોસેસીગ, ગ્રાફિકસ, સ્પ્રેડશીટ્સ, કમ્યુનીકેશન્સ, ડાટાબેઇઝીસ, ગેઇમ્સ, **(૨) સિસ્ટમ સોફટવેર :** એસેમ્બ્લર્સ, ડી-બગર્સ, કમ્પાઇલર્સ, ફાઇલ મેનેજમેન્ટ સિસ્ટમ, ઓપરેટીંગ સિસ્ટમ, યુટીલીટીઝ.

કમ્પ્યુટર્સ ની દુનિયામાં એક કહેવત છે કે Garbage - in - Garbage અર્થાત કમ્પ્યુટર માં તમે કચરો નાંખો તો કચરો જ બહાર આવે, મતલબ કે તમે જો ખોટું પ્રોગ્રામીંગ કરો તો ખોટા રીઝલ્ટજ મળવાના દા.ત. તમે ૧ + ૧ = ૫ એવી ફોર્મ્યુલા બનાવો અને પછી લાગતા વળગતા બોક્ષમાં ૧ + ૧ = ? એમ પૂછો તો જવાબ પાંચ જ મળવાનો. માટેજ આ પ્રોગ્રામ લખનારા કે જે સોફ્ટવેર ડેવલપર્સ કહેવાય છે તેઓ ખૂબજ જવાબદાર, સમજદાર અને ખબરદાર ઇજનેરો હોય છે, નહીં કે કો આલીયા, લાલીયા કે જમાલીયા જેવા બેખબર, બેસમજ કે બેજવાબ, ખરેખર તો તઓ લાજવાબ જ હોય છે.

તો, ચાલો, આપણે, આજે આ વખતે સોફ્ટવેર એટલે શું ? એ પ્રશ્નનો ઉત્તર મેળવીએ. સોફ્ટવેર એટલે એમ કહી શકાય કે જે પ્રોગ્રામ કમ્પ્યુટર ને ચોક્કસ કામો કરવા માટે સક્ષમ બનાવે છે તેવા પ્રોગ્રામ ને સોફ્ટવેર કહેવામાં આવેછે, આની સામે કમ્પ્યુટર ના અલગ અલગ પૂર્જાઓ, જેને આપણે હાર્ડવેર કહી છીએ તેઓ એવા ચોક્કસ પ્રકારના મિકેનીકલ કામો કરે છે કે જેના માટે તેમને ડીઝાઇન કરવામાં કે બનાવવામાં આવેલ હોયછે. દા. ત. કી બોર્ડ એ હાર્ડવેર છે અને એની A B C કી દબાવવાથી, ટાઈપરાઈટર માં જેમ મિકેનીકલી A B C છપાય તેમ અહીં બનતું નથી, પરંતુ અહી A B C એ સ્વિચો છે જે દબાવવાથી ઈલેક્ટ્રોનિક રીતે ચોક્કસ સોફ્ટવેર પ્રોગ્રામ દ્વારા સંદેશા પ્રોસેસરમાં પ્રોસેસ થઇ અને એનું પરિણામ મોનિટોર ઉપર કે સ્ક્રિન ઉપર A B C ના રૂપે દેખાય છે

હવે તમે પૂછશો કે આ સંદેશાઓ પ્રોસેસરમાં પ્રોસેસ થાય છે એટલે શું થાય છે ? તો, આપણે જે સોફ્ટવેરની વાત કરી એ સોફ્ટવેર પ્રોગ્રામ સાંકેતિક ભાષામાં જેને અંગ્રેજીમાં કોડવર્ડ કહે છે તેમાં લખવામાં આવેલ હોય છે. આવા કોડવર્ડ ની અનેક ભાષાઓ કોમ્પ્યુટર

ની દુનિયામાં પ્રચલિત થયેલ છે, દા.ત. કોબોલ, પાસ્કલ, જાવા, ઇત્યાદિ. પરંતુ જિજ્ઞાશુઓ માટે અહિં એક વાત જાણવી રસપ્રદ થશે કે કોઇપણ સોફ્ટવેર ડેવલપ રતો કોમ્પ્યુટર ના કીબોર્ડ થકીજ કોડવર્ડ માં લખીને પ્રોગ્રામ ડેવલપ કરતો હોય છે, તો બજારમાંથી ખરીદવામાં આવતું કોમ્પ્યુટર સીધ્ધુંજ કામ કાતું કેવી રીતે થઇ જાય છે. અલબત્ત જાણકાર લોકોને તો ખ્યાલ હશેજ કે કોમ્પ્યુટરમાં એને ચલાવવાના પ્રોગ્રામતો એની સર્કીટમાં જ હોય છે જેને ઈન્ટીગ્રેટેડ સર્કીટ કે અંગ્રેજીમાં IC કહેવામાં આવેછે. અને આવા કોમ્પ્યુટર ચાલુ કરવામાટે ના પ્રોગ્રામ જે કાર્ડ પર હોય તેને અંગ્રેજીમાં બર્ન્ટ મેમરી કે એમબેડેડ મેમરી કહેવામાં આવેછે, એટલે કે આ એક એવી મેમરી છે કે જે ભૂંસી શકાતી નથી અને તે ન હોય તો એ કોમ્પ્યુટર માં વિન્ડોઝ કે અન્ય ઓપ રેટીંગ સિસ્ટમ્સ નાખી શકાતી નથી. કહોકે કોમ્પ્યુટર નાના બાળકની જેમ આ બર્ન્ટ મેમરી સાથેજ જન્મે છે.

તો, હવે આપણને એ ખ્યાલ આવેછે કે, બઝાર માંથી મળતાં કમ્પ્યુટરમાં પણ તેને ચલાવવા માટે મેમરી નાખેલ હોય છે કે પ્રોગ્રામ કરેલ હોયછે જેથી તે સ્વિચ ઓન કરવાથી એકટીવટ થાય છે અને ઓપ રેટીંગ સિસ્ટમ સુધીના પ્રોગ્રામ ચાલુ થાય છે. અહીં આપણે થોડા થોભી અને ઉપર લખેલ કેટલાક શબ્દો વિશે વશેષ સમજણ મેળવવાનો પ્રયત્ન કરી

**મેમરી = સ્મ્રુતિ કે યાદદાસ્ત**

કમ્પ્યુટરમાં મેમરી બે પ્રકારની હોય છે ૧. Primary એટલેકે પ્રાર્થમીક અને ૨. Secondary એટલેકે સહાયક. આગળ ઉપર આપણે જેને બર્ન્ટ મેમરી કહી તે, જેને રીડ ઓનલી મેમરી કે ROM પણ કહેવામાં આવેછે જેનું કામ કમ્પ્યુટરના વિવિધ પૂર્જાઓ ને સંચાલિત કરી ને ઓપરેટીંગ સિસ્ટમ સાથે લિંક કરવાનું હોય છે. આ ROM મધરબોર્ડ સાથે જોડવામાં આવેલ હોય છે. ROM-રોમ એ પ્રાર્થમીક મેમરી છે.

RAM = Random Access Memory

આ રેન્ડમ એકસેસ મેમરી પણ મધરબોર્ડ સાથે જોડવામાં આવેલ હોયછે પરંતુ તેનું કાર્ય બર્ન્ટ મેમરી કરતાં જૂદું પડે છે રેન્ડમ નો ગુજરાતી અર્થ થાય છે ફાવેતેમ, કોઇ ચોક્કસ હેતુ, ઉદ્દેશ કે સિધ્ધાંત વિના, અવ્યવસ્થિત, ઠેકાણા વગરનું, એકસેસ એટલે સંપર્ક અને મેમરી = સ્મરણ શકિત એટલે આપણે એમ કહી શકીએ કે ફાવે ત્યાંથી સંપર્ક સ્થાપિત કરવામાટેનું સ્મ્રુતી કાર્ડ. આ રામ મેમરીમાં પણ કોઈ સુધારો કરી શકાતો નથી. એટલે કે એમાં લખવામાં આવેલ પ્રોગ્રામ પણ એક રીતે બર્ન્ટ મેમરી કે માત્ર વાંચી શકાય તેવોજ હોય છે, ફર્ક માત્ર એટલોજ છે કે આ રામ મારફત બધાજ એ સોફ્ટવેર પ્રોગ્રામો સાથે ઝળપથી સંપર્ક સ્થાપિત કરી શકાય છે, જે કે સહાયક મેમરીમાં હોય છે. સહાયક મેમરી એટલે હાર્ડ ડીસ્ક, ફલોપી, સી.ડી., કે USB (Universal Serial Bus) કે પેન ડ્રાઇવ, ઇત્યાદિ. આ બધીજ સહાયક મેમરીમાં ઓપરેટીંગ સિસ્ટમ તેમજ સોફ્ટવેર જે પ્રોગ્રામ ડેવલપ કરે છે તેને સંગ્રહિત કરવામાં આવે છે અથવા કહોકે તેના ઉપર અંકિત કરવામાં આવેછે.

**હવે આપણે થોડાક બીજા શબ્દો સમજીએ :**

BIOS = Basic Input - Output System. જે રામ અને રોમ એટલેકે પ્રાર્થમીક મેમરીની વાત ઉપર કહી તેમને સંયુકત રીતે BIOS - બેઝીક ઈનપૂટ આઉટપૂટ સિસ્ટમ કહેવામાં આવેછે. કારણકે આ સિસ્ટમ વિના કમ્પ્યુટર ચાલે નહિં. આ સિસ્ટમ ટૂ વે ટ્રાફિક જેવી છે જે કમ્પ્યુટર ના મિકેનીકલ પૂર્જાઓ ને ગતી પ્રદાન કરે છે તમજ ઓપ રેટીંગ સિસ્ટમ માંના સોફ્ટવેર પ્રોગ્રામ ને ત્વરિત સંપર્ક સ્થાપિત કરી આપે છે.

**બૂટ, બૂટીંગ, બૂટસ્ટ્રેપ લોડર અને બૂટ સેકટર**

Booting = બૂટીંગઃ

કમ્પ્યુટરની દુનિયામાં બૂટીંગ કે બૂટીંગ-અપ શબ્દનું ઉદ્‌ભવ સ્થાન બૂટસ્ટ્રેપીંગ મતલબ બૂટની દોરી બાંધવાની પ્રક્રિયા છે. આ આખી પ્રક્રિયા શરૂ થાય છે કમ્પ્યુટર ને સ્વિચ-ઓન કરી ને પછી ઓપ રેટીંગ સિસ્ટમ ચાલુ થાય ત્યાં સુધીની. બૂટ એટલે શરૂઆતની ક્રિયાઓ જે કમ્પ્યુટર ચાલુ થતાંની સાથેજ પોતાની જાતે શરૂ કરી દે છે. જ્યારે બૂટલોડર (જે પણ એક સોફ્ટવેર પ્રોગ્રામના ભાગ નુંજ નામ છે) એની પોતાની રીતે મુખ્ય ઓપરેટીંગ સિસ્ટમને લોડ કરવાનું , કમ્પ્યુટરમાં લાદવાનું કાર્ય કરે છે. બૂટ ને બૂટસ્ટ્રેપ લોડીંગ માટે ના ટૂંકા શબ્દ તરીકે પણ બોલવામાં આવે છે. આ શબ્દ તમે ધારો છો તેમ ચામડાના જોડા ની વાદળી કે દોરી બાંધવાની ક્રિયા ઉપરથી ઉતરી આવેલ છે, જે છેક ૧૯૫૮ ની સાલ થી વાપરવામાં આવે છે, જ્યારે પંચ કરેલા કાર્ડને મોટી સાઇઝ ના કમ્પયુટરમાં લોડ કરી ને એક બટન દબાવવામાં આવતું, અને તેમાંની વિગતો તે જાતેજ મેમરીમાં ભરી દેતું. જેવી રીતે જોડા ની દોરી ને કારણે કોઇ પણ વ્યકિતને જોડા પહેરવામાં અને ટાઇટ કે ઢીલા કરવામાં કોઇ અન્ય વ્યકિતની જરૂર પડતી નથી, તેવીજ રીતે એક વખત બટન દબાવવાથી કમ્પયુટર પોતેજ ઓપરેટીંગ સિસ્ટમ ને લોડ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેતું હોવાને કારણે, આ પ્રક્રિયા નું નામ બૂટીંગ રાખવામાં આવેલ છે. **...ક્રમશ**

**:SMS:**
You have to jump in to the water,
if you want to learn swimming,
You should Sit before a computer,
if you want to learn Computer.

## સિવિલ સેવા કારકીર્દી માટે પ્રસ્તાવીત નવો વિકલ્પ

સોમવાર તા. ૧૯-૦૧-૨૦૦૯ના ‘કચ્છમિત્ર’માં ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓ માટે એક વધામણી આપતા સમાચાર જણાવે છે કે, ‘સરકારી પેનલની ભલામણોને લીલીઝંડી મળી જશે તો ૧૦+૨ પાસ વિદ્યાર્થી પણ સિવિલ સેવામાં કારકિર્દી બનાવવાનો વિકલ્પ મેળવી શકશે.

શ્રી વિરપ્પા મોઈલીના નેતૃત્વવાળા દ્વિતીય એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ કમિશને (ARC) ૧૨મું પાસ વિદ્યાર્થીઓને સિવિલ સેવા માટે જરૂરી માહિતીની જાણકારી આપવા શરૂ કરાયેલા ત્રિવર્ષીય વિશેષ પાઠ્યક્રમમાં પસંદગીની તક આપવાની ભલામણ કરી છે. મોઈલીએ જણાવ્યું હતું કે, ‘સ્કૂલમાંથી અભ્યાસ કરીને નીકળેલા વિદ્યાર્થીઓની જો સિવિલ સેવામાં કારદિર્કી બનાવવા માટે પસંદગી કરવામાં આવે તો તે વધુ મજબૂત દ્રષ્ટિકોણ અને સંકલ્પ સાથે સેવા આપશે.

ગુજરાતમાંથી આ પરીક્ષા આપનાર અને સફળ થનાર મિત્રોની સંખ્યા ઓછી રહે છે. ગત વર્ષે કચ્છના શ્રી કર્તિકેય બુદ્ધભટ્ટી આઈ.એ.એસ.ની ઓલ ઈન્ડિયા સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયા.

એક જમાનો હતો કે, સિવિલ સર્વિસીસની પરીક્ષામાં દક્ષિણના રાજ્યોનું વર્ચસ્વ હતું. ત્યારબાદ બિહાર અને હવે ઉત્તરપ્રદેશ આ પરીક્ષા પાસ કરનારની યાદીમાં મોખરે છે.

યુપીએસસી દ્વારા પ્રા. યોગેન્દ્ર અલઘના અધ્યક્ષપદે એક સમિતિ રચાઈ હતી જેની કેટલીક ભલામણો પૈકી આ પણ હતી. કેન્દ્રની યુપીએ સરકાર સમક્ષ આ દરખાસ્ત ઓગસ્ટ ૨૦૦૪માં મૂકવામાં આવી હતી.

તા. ૨૨-૦૮-૨૦૦૪ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં આ ભલામણના ગુણદોષની ચર્ચા કરતો એક સરસ લેખ છે. જેનું શીર્ષક છે : “Bababl og set to take over baboodom.”

રજૂ થયેલી દરખાસ્તના મુખ્ય મુદ્દા :

(૧) ૧૦+૨ પાસ વિદ્યાર્થી; માટે નેશનલ એન્ટ્રન્સ ટેસ્ટ યોજવી.

(૨) સફળ થનાર વિદ્યાર્થી નેશનલ એકેટેમીમાં પ્રવેશ મેળવશે. બે ભાગમાં પાંચ વર્ષનો કોર્સ હશે.

(૩) ત્રણ વર્ષ બાદ વિદ્યાર્થીને મેરિટ અને ચોઈસના આધારે બે વર્ષના એમબીએ કોર્સમાં પ્રવેશ મળશે.

(૪) બાકીના વિદ્યાર્થીઓને ત્રણ વર્ષ બાદ સ્નાતકની ડિગ્રી મળશે.

(૫) સર્વિસને અનુરૂપ એમબીએનો અભ્યાસક્રમ ઘડાશે.

(૬) અપર એજ લીમીટ લોઅર કરવી.

(૭) કોડ ઓફ એથીકસ તૈયાર થશે.

**દરખાસ્ત વિશે મતમતાંતર**

તા. ૨૩-૦૮-૨૦૦૪ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તંત્રીલેખનું શીર્ષક છે : Early recruitment will reform babudom તે જણાવે છે. કે,

(૧) અત્યારની વ્યવસ્થા કરતાં નવી વ્યવસ્થા ઈકોનોમિકલ હશે.

(૨) યુપીએસસી તૈયારી માટે સ્નાતક થવાની હોડમાં ઊભેલ વિદ્યાર્થીની કોલેજોમાં સંખ્યા ઘટશે.

(૩) તેનાથી પોઝિટિવ એટિટ્યૂડ અને વેલ્યૂ વધશે.

જ્યારે એ જ પ્રકાશીત કાઉન્ટર વ્યૂમાં જણાવેલ છે કે,

The philosophy of the ‘catch them young' proposal is regressive.

આ દરખાસ્ત પર વ્યાપક રાષ્ટ્રીય ચર્ચા આવશ્યક છે.

કચ્છમિત્રમાં પ્રકાશીત પ્રા.જીતેન્દ્ર અંતાણીના લેખનો સંક્ષેપ સાભાર

## વધુ અભ્યાસ અર્થે અમદાવાદ આવતી બહેનો માટે રહેણાકની સમસ્યા

અમદાવાદમાં વ્યાપાર ઉદ્યોગ વૃધ્ધિ સાથે વિવિધ પ્રકારનાં આધુનિક પ્રોફેશનલ તાલીમ શિક્ષણ સંસ્થાઓની પણ વૃધ્ધિ થઈ છે. પરિણામે, ગુજરાત તેમજ અન્ય પ્રદેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં ટુંકા કે લાંબાગાળા માટે અભ્યાસ હેતુ આવે છે. આવા વિદ્યાર્થીઓની સહૂથી મોટી સમસ્યા હોસ્ટેલની છે. શહેરના પ્રમુખ વિસ્તારોમાં વિદ્યાર્થીઓને નાના નાના ગ્રુપમાં રહેવા છતાં સાધારણ રહેણાંક માટે પણ સરેરાશ માસિક રૂા. ૨૦૦૦/- ની લાગત ભોગવવી પડે છે. મહિલાઓ માટે તો આ સમસ્યા વધુ ગંભીર છે. પરિણામે અનેક બાળાઓ વધુ અભ્યાસ માટે અહીં ઈચ્છાછતાં આવી શકતી નથી.

ગત વર્ષે આપણી જ્ઞાતિની કચ્છ તેમજ અન્ય સ્થળોએથી આવેલી બહેનોની આ સમસ્યાના અમારા જાત અનુભવે, કોઈ ઉકેલ લાવવા, અમદાવાદ જ્ઞાતિ મંડળની કારોબારીની તાજેતરની મીટીંગમાં ચર્ચા થયેલ હતી. હાલને તબક્કે એવું નક્કી કરવામાં આવ્યું છે કે આ વર્ષે વધુ અભ્યાસ હેતુ અમદાવાદ આવવા વિચારતી બાળાઓના વાલીઓ નીચે આપેલા જ્ઞાતિ મંડળ પ્રતિનિધીઓનો ફોન અથવા પત્રથી સંપર્ક કરે જેથી આવી ૫ થી ૧૦ બહેનો સાથે રહી શકે તેવી યોગ્ય સ્થળે કિફાયતી દરે રહેણાંકની વ્યવસ્થા માટે અગાઉથી જ પ્રયાસ કરી શકાય.

**સંપર્ક સુત્ર :**

**જયમીન સોની : ૯૮૨૪૫૪૬૬૫૦**

**ભરત બુધ્ધભટ્ટી : ૯૮૨૫૧૩૧૧૭૪**

# જાહેરાત

# સ્વરોજગાર પ્રોત્સાહક સરકારી યોજનાઓ

ગુજરાત રાજ્ય કુટિર ગ્રામોધ્યોગ કમિશનર અને સચિવશ્રીની એક યાદી મૂજબ, રાજ્યમાં વસતા શિક્ષિત બેરોજગારો કે જેઓ પોતાના ઉદ્યોગ ધંધો શરૂ કરી સ્વરોજગારી મેળવવા માંગે છે તેઓ માટે સરકારશ્રીની અને રાજ્ય સરકાશ્રીની સ્વરોજગારી યોજનાઓ છે.

● **શ્રી વાજપાઈ બેકેબલ યોજના :-** રાજ્ય સરકારશ્રીની વાજપાઈ બેકેબલ યોજનાનું અમલીકરણ કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ગાધીનગર દ્વારા કરવામાં આવે છે. આ યોજનામાં :

● **ધિરાણ :-** ઉદ્યોગ/સેવા પ્રકારના રોજગાર માટે રૂા. ૫ લાખ અને વેપાર પ્રકારના ધંધા માટે રૂા. ૨ લાખ સુધી લોન માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે બેંકને ભલામણ કરવામાં આવે છે.

● **સહાય :** (૧) ઉદ્યોગ પ્રકારમાં રૂા. ૩૦,૦૦૦/- (૨) સેવા પ્રકારમાં રૂા. ૧૫,૦૦૦/- અને (૩) વેપાર પ્રકારમાં રૂા. ૧૦,૦૦૦/- ની મર્યાદામાં લાભાર્નીી સહાય આપવામાં આવે છે.

● **ઉંમર :** ૧૮ થી ૫૦ સુધી.

● **શૈક્ષણિક લાયકાત :** ધોરણ ૪ પાસ અન્ય નિયમો સરકાશ્રીએ નક્કી કર્યા પ્રમાણેના રહેશે.

● **જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ બેકેબલ યોજના :-** રાજ્ય સરકારશ્રીની આ યોજનામાં ૨૦૦૦૦ સુધીની વસ્તી ધરાવતા ગામ/નગરમાં ઉદ્યોગ સ્થાપવા માટે ઉદ્યોગ સાહસિકોને ધિરાણ : રૂા. ૫ લાખથી વધુ અને રૂા. ૨૫ લાખ સુધીની લોન, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે, બેંકને ભલામણ કરવામાં આવે છે. લાભાર્થી ફાળો રહેશે.

● **માર્જીન મની સહાય :-** લોન મંજુર થયા બાદ પ્રોજકેટની કિંમતના ૨૫ ટકાથી ૩૦ ટકાની મર્યાદામાં સરકારશ્રીના નિયમોને આધારે માર્જિન મની સહાય ચૂકવવાની જોગવાઈ છે.

● **ઉંમર :-** ૨૫ થી ૫૦ વર્ષ.

● **શૈક્ષણિક લાયકાત :-** ધોરણ ૧૦ પાસ. અન્ય નિયમો સરકારશ્રીએ નક્કી કર્યા પ્રમાણેના રહેશે.

● **વડાપ્રધાનશ્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ બેકેબલ યોજના :-**

ભારત સરકારશ્રી દ્વારાગામ/શહેરમાં બેરોજગાર યુવાન/યુવતીઓને નવો ધંધો રોજગાર આપવા માટે આ કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત કોઈ જ આવક મર્યાદા રાખવામાં આવેલ નથી તેમજ આ કાર્યક્રમનો લાભ બી.પી.એલ. લાભાર્થી પણ લઈ શકશે.

● **ધિરાણ :-** કાર્યક્રમ અંતર્ગત ઉત્પાદનકીય ઉદ્યોગ સ્થાપવા માટે ઉદ્યોગ સાહસિકને રૂા. ૨૫ લાખ સુધી અને સેવા/વેપાર પ્રકારના રોજગાર માટે રૂા. ૧૦ લાખ સુધીની લોન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે બેંકને ભલામણ કરવામાં આવે છે.

● **લાભાર્થી ફાળો :-** શહેર, વિસ્તારમાં પ્રોજેક્ટ કિંમતના ૧૦ ટકા અને ગ્રામ વિસ્તારમાં પ્રોજેક્ટ કોસ્ટના ૫ ટકા રકમ રહેશે.

● **માર્જીન મની સહાય :-** લોન મંજુર થયા બાદ શહેર વિસ્તારમાં પ્રોજેક્ટની કિંમતના ૧૫ ટકાથી ૨૫ ટકાની મર્યાદામાં અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૫ ટકાથી ૩૫ ટકાની મર્યાદામાં ભારત સરકારશ્રીના નિયમોને આધારે માર્જિન મની સહાય ચુકવવાની જોગવાઈ છે.

● **ઉંમર :** ૧૮ વર્ષથી ઉપર.

● **શૈક્ષણિક લાયાકાત :** ઉદ્યોગ પ્રકારના રોજગારમાં રૂા. ૧૦ લાખથી વધુના પ્રોજેક્ટ માટે અને સેવા/વેપાર પ્રકારના રોજગારમાં માટે રૂા. ૫ લાખથી વધુના પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછું ધોરણ ૮ પાસ.

અન્ય નિયમો સરકારશ્રીએ નક્કી કર્યા પ્રમાણેના રહેશે.

**માનવ કલ્યાણ ટુલકિટ સહાય યોજના :-** રાજ્ય સરકારશ્રીની આ યોજનામાં સમાજના અત્યંત ગરીબ અને નબળા વર્ગની વ્યક્તિઓ કે જે નાના રોજગાર ધંધા સાથે સંકળાયેલા છે અને જેનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં થયેલ છે અથવા જેની કુંટુંબની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭૦૦૦ અને શહેર વિસ્તાર માટે રૂા. ૩૬૦૦૦ છે તેવી વ્યક્તિને તેમના રોજગાર માટે રૂા. ૪૦૦૦/- ની મર્યાદામાં સાધન-ઓજારના સ્વરૂપમાં સહાય આપવામાં આવે છે. બીપીએલ લાભાર્થીને અગ્રતા અપાશે.

ઉપર્યુક્ત યોજના માટેના નિયત ફોર્મ વિના મૂલ્યે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા તાલુકા વિકાસ અધિકારી, પંચાયત કચેરીથી મળી રહેશે. વધુ માહિતી માટે જે તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા ગાંધીનગર ખાતે કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીનો સંપર્ક કરવો. ●

# મેરા મુઝમેં કુછ નહિં જો કુછ હૈ સો તેરા, તેરા તુઝકો સોંપતે ક્યા લગેગા મેરા!

**એ. કે. સોની, ભુજ**

આજનાં સમયમાં રોગ ગ્રસ્ત માનવીઓની સંખ્યા દિવસો દિવસ વધતી જાય છે. આમ દેખીતી રીતે સ્વસ્થ લાગતો માનવી પણ વાસ્તવમાં સ્વસ્થ હોતો નથી.

આ બધાનાં કારણો પૈકી એક અગત્યનું કારણ છે, ''તાણ''. આજની ભાગદોડમાં માનવી નથી દિવસે શાન્તિ પ્રાપ્ત કરી શકતો, કે નથી રાત્રે શાન્તિથી સૂઈ શકતો. દુનિયાનો દરેક માનવી આધ્યાત્મિક થઈ ન શકે પરન્તુ જીવનમાં જો થોડું પણ સાચું આધ્યાત્મ, વાંચન, શ્રવણ કે મનન દ્વારા મળે તો બીજું ભલે કશું ન થાય પરન્તુ માનવ જીવનમાં ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા દ્રઢ થાય અને શ્રધ્ધા એજ 'તાણ' મુક્તિની ચાવી છે.

આજે મંદિરમાં દર્શન માટે લાંબી લાઈનો લાગે છે. બની બેઠેલા ધર્મગુરૂઓનાં આશ્રમોમાં, ભાવિકો મદારીનાં વાંદરાની માફક આવા ધર્મગુરૂઓનાં આદેશમુજબ નાચે છે. ઘાણીનાં બળદની માફક વૃક્ષને આંટા મારે છે અને શક્તિ બહારનું દાન આવા ગુરૂઓનાં ચરણે ધરી દે છે. શા માટે?

કારણ કે માનવીને શાન્તિ જોઈએ છે. શાન્તિ ઝંખતો માનવી તેને માટે બધું કરે છે. છતાં શું એને શાન્તિ પ્રાપ્ત થાય છે? નથી જ થતી. તો શું કરવું જોઈએ?

સૌ પ્રથમ આપણે આપણી દોડ શા માટે છે તે તપાસીયે તો સર્વ સામાન્ય જવાબ મળશે, 'સુખ મેળવવા'. આ સુખ મેળવવાની આપણી આટલી દોડ છતાં વાસ્તવમાં સુખને બદલે વ્યક્તિથી માંડીને સમગ્ર દુનિયાને આપણે રોગ ગ્રસ્ત અને દુખી કરી બેઠા છીએ. આમ કેમ થયું?

આપણે જો આ બાબતે ઉંડો વિચાર કરશું તો સમજાશે કે, આપણે દોડની ખોટી દિશા પકડી છે.

આપણાં શાસ્ત્રોએ સાંસારિક જીવન જીવવા માટે કોઈપણ વસ્તુની મનાઈ નથી કરી, પરન્તુ પ્રત્યેક કામનાઓ અને ભૌતિક વસ્તુઓનાં ઉપયોગમાં સંયમ જાળવવા જણાવેલ છે. સંયમનો અર્થ મનાઈ નહિં પરન્તુ વિવેક બુધ્ધી પૂર્વક ઉપયોગ થાય તે જરૂરી છે.

સંસારી જીવનમાં ઉપાર્જન જરૂરી છે. પરન્તુ તેનો અતિરેક જરૂરી નથી અને જરૂરિયાત નો સંયમપૂર્વક ઉપયોગ અને બીન જરૂરી સંગ્રહની વૃત્તિ ન હોય તો જીવન યાપન માટે આટલી બધી દોડ કરવી જ ન પડે.

શાન્તિ પ્રાપ્ત કરવાની જરૂર નથી. શાન્તિ આપણી અંદર જ છે. માત્ર એને માણવા માટે આપણી દ્રષ્ટિ પરિવર્તિત કરવાની જરૂર છે.

માનવી જીવનને બીન જરૂરી ભાગદોડ કરી માણસ ધન - દોલત ગાડી, બંગલા પ્રાપ્ત કરી લ્યે છે ત્યારે તેનો દેહ એ મળેલી સ્મૃધ્ધિના ઉપભોગ કરવાને પાત્ર રહેતો નથી. તો એ મેળવ્યું શું કામનું? કારણ કે સતત દોડધામે અને અનિયમિત જીવનને કારણે મેળવી લીધાની ઉંમરે દેહમાં ડાયાબીટીસ, બલ્ડ, હાર્ટ કે કીડનીનાં રોગનો શિકાર બનેલ વ્યક્તિ શું ભોગવે? મેળવેલ; ચાલ્યુ ન જાય તેની ખાલી ચિંતા કરવા સિવાય કાંઈ બાકી રહેતું નથી.

સંસ્કૃત સુભાષિત છે.

**संतोष अमृत तृप्तानां यत सुखं**
**शान्तचेतसाम।**
**कुत:स्त: धनमुब्धानां इत: चेतस्य**
**धावताम।।**

મતલબકે સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલ હોવાને કારણે જેનું ચિત્ત શાન્ત થયેલ તેવું સુખ ધનના લોભને કારણે અહિંથી તહિં દોડનારને તેવું સુખ ક્યાંથી મળે? અને અંતનાં આરંભે સંત કબીરજીની માંગણી જોઈએ.

''સાંઈયા ઈતના દિજિયો
જીનમે કુટુંબ સમાય
મય ભી ભૂખા ના રહું,
સાધુ ભી ભૂખા ન જાય.''

આટલી જરૂરિયાત ધરાવનારને શાન્તિ પ્રાપ્તિ માટે દોડવું ન પડે તે નિશ્ચિત છે.

**૧૪, વિકાસ દીપએપા.**
**ભાનુશાલી નગર,**
**ભુજ - કચ્છ (૩૭૦૦૦૧)**

## મુક્તકો

હું જ ક્યાંક નિરુત્તર
ન બની જાઉં એજ બીક છે
નહિતર તો મને ઘણા પ્રશ્નો
આ જિંદગીને પૂછવા છે!

હે ઈશા માન્યુ કે
જિંદગી તારું ધિરાણ છે
છુટ છે તમને જ્યારે જોઈએ
ત્યારે પરત લઈ લેજે!

કેટલીય ઉત્સાહથી
હરિયાના મોજા બની ઉછળી
લ્યો કિનારા કોરા નીકળ્યા

આત્મવિશ્વાસ એવો રાખો કે
દિલને દીધેલી હર જુબાની સાચી પડે
નિયમિતતા એવી રાખો કે

હર તક તમને તાજી મળે
એટલી કરો મહેનત કે
મુશ્કેલીઓ પણ તમને જોઈને પાછી પડે

**- જીનલ સોની 'યાદ'**

# માહિતીનો અધિકાર

સમીર કંસારા, ભુજ

આ કાયદો તા. ૧૨/૧૦/૨૦૦૫ થી અમલી બન્યો, જે અન્વયે સરકારી તંત્ર પાસેથી કઈ માહિતી, કેટલા સમયમાં, કઈ રીતે મેળવવી તે અંગે મૂળભૂત માહિતિ અત્રે પ્રસ્તુત છે.

માહિતી એટલે કોઈ પણ સ્વરૂપમાં રહેલી કોઈ વિગત આપતા લખાણો, દસ્તાવેજો, આવેદનપત્રો, સૂચનો, અભિપ્રાયો, અખબારી યાદીઓ, આદેશો, લોગબુકો, કરારો, અહેવાલો, યાદી તેમજ કોઈ ઇલેક્ટ્રોનિકની માધ્યમો દ્વારા ડેટા તથા જે તે વખતે અમલમાં હોય તેવા કોઈ કાયદા અન્વયે કોઈ જાહેર સત્તાતંત્ર કોઈ ખાનગી વ્યક્તિની કોઈ માહિતી મેળવી શકતું હોય તેની જાણકારીનો સમાવેશ થાય છે.

માહિતીનો અધિકાર એટલે કોઈ જાહેર સત્તાતંત્રના અંકુશ હેઠળ રહેલી કે તેની પાસે રહેલી, આ કાયદા હેઠળ મળવાપાત્ર માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર.

**માહિતી મેળવવાનો અધિકાર :**

ભારતના બધા નાગરિકોને આ કાયદાની કલમ ત્રણ(૩) આ અંતર્ગત આ અધિકાર બક્ષતાં જણાવે છે કે 'આ ધારાની જોગવાઈઓને આધિન રહીને. બધા જ નાગરિકો માહિતી મેળવવાનો અધિકાર ધરાવશે.'

આ અધિકાર નો ભારતીય નાગરિકો કાયદાની જોગવાઈઓની સીમાઓમાં રહીને ઉપયોગ કરી શકે છે.

આ કાયદાની કલમ (૪) અન્વયે જાહેર સત્તાતંત્રની ફરજો છે.

- દરેક જાહેર સત્તાતંત્રે આ કાયદાના અમલ અંતર્ગત, એક સો વીસ દિવસમાં એની વિગતો દર્શાવતી પુસ્તિકા પ્રકાશિત કરવી.
- અગત્યની નીતિઓ ઘડતી વખતે જનતાને અસર કરે તેવા નિર્ણયો જાહેર કરતી વખતે તે માટેની બધી જ સુસંગત હકીકત પ્રસિદ્ધ કરવી.
- વહીવટી કે અર્ધ-ન્યાયતંત્રી નિર્ણયોથી અસર પામનારી વ્યક્તિઓને તે નિર્ણયો માટેનાં કારણો પૂરા પાડવા તેમાં જાહેર સત્તાતંત્રની કોઈ ઑફિસની માહિતિનો પણ સમાવેશ કરાયો છે. પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક માધ્યમો તથા નોટિસ બૉર્ડ કે અન્ય સાધન દ્વારા પ્રસારીત કરવી.

માહિતી મેળવવા માટેનો પ્રોસીઝર

અંગ્રેજી, હિન્દી કે જે તે વિસ્તારની સતાવાર ભાષામાં નિર્ધારિત ફી સાથે લેખિત કે ઇલેક્ટ્રોનિક રીતે અરજી કરવી.

**માહિતી મેળવવા માટેની વિનંતી કોને કરવાની હોય છે?**

જાહેર સત્તાતંત્રના જે તે કેન્દ્રીય કે રાજ્ય જાહેર માહિતી કે રાજ્ય મદદનીશ અરજદાર જ્યારે આવી વિંનતી લેખિતમાં કરી શકે તેમ ન હોય તો સંબંધિત અધિકારીએ અરજદારે કરેલી મૌખિક વિનંતીને લેખિત સ્વરૂપ આપવામાં બધી જ વાજબી મદદ કરવી.

માહિતી મેળવવા અરજદારને તે માહિતી મેળવવા માટેના કારણો અગર તેના સંબંધી અંગત વિગતો આપવાની જરૂર નથી.

- આ રીતે અરજી કરવામાં આવો હોય ત્યારે કેન્દ્ર/રાજ્ય જાહેર માહિતી અધિકારીઓ ઉપર મુજબ વિનંતી મળ્યા પછી નિર્ધારિત ફીની ચૂકવણી થયેથી. શકય હોય તેટલી ત્વરાથી, અને કોઈ પણ સંજોગોમાં વિનંતી મળ્યાની ત્રીસ દિવસમાં માહિતી પૂરી પાડવાની છે

જયારે માગેલી માહિતી કોઈ વ્યક્તિના જીવન કે સ્વાતંત્ર્ય સાથે સંબંધ ધરાવતી હોય ત્યારે, તેવી માહિતી તે માટેની વિનંતી મળ્યાની અડતાળીસ કલાકમાં આપવાની રહેશે. ગરીબી રેખા નીચે જીવતા લોકોને ફી ભરવાની નથી.

**માગેલી માહિતી કયા સ્વરૂપમાં આપવી?**

અરજદારે સામાન્ય રીતે માહિતી માંગી હોય તે જ સ્વરૂપમાં તે તેને પૂરી પાડવાની રહે છે, પરંતુ નીચેના સંજોગોમાં તે અન્ય સ્વરૂપમાં પૂરી પાડી શકાશે.

જો તે રીતથી જાહેર સત્તાતંત્રનાં સંશાધનો બિનપ્રમાણસર રીતે વેડફાઈ તેમ હોય તો

જો તે રીતે સંબંધ ધરાવતા રેકર્ડની સલામતી કે જાળવણી માટે હાનિકારક હોય તો.

**કઈ માહિતી પૂરી પાડી શકાય નહીં?**

- જે માહિતી બહાર પાડવાથી ભારતની અખંડિતા સાર્વભૌમત્વ, સલામતી, રાજ્યનાં રણનિતીવિષયક, વૈજ્ઞાનિક કે આર્થિક હિતોઃ તેમજ વિદેશી રાજ્ય સાથેના સંબંધોને હાનિ કરી શકે કે કોઈ ગુના માટે પ્રેરણા આપી શકે તેવી માહિતી.
- કાયદાની કોઈ કોર્ટ કે ટ્રિબ્યુનલે જે માહિતી પ્રસિદ્ધ કરવા અંગે સ્પષ્ટ પ્રતિબંધ મૂકયો હોય અગર જે ખુલ્લી કરવાથી કોર્ટનો અનાદર થઈ શકતો હોય તેવી માહિતી.
- જે માહિતી બહાર પાડવાથી સંસદ કે કોઈ રાજ્યના વિધાનતંત્રના વિશિષ્ટાધિકારનો ભંગ કરવાનું કારણ બની શકે તે માહિતી.
- જે માહિતી બહાર પાડવાની કોઈ ત્રીજી વ્યક્તિની સ્પર્ધાલક્ષી પરિસ્થિતિને નુકસાન થાય તેમ હોય તેવી માહિતી. આવી માહિતીમાં વ્યકિતના વેપાર

વિષયક વિશ્વાસાધારિક સંબંધો, વેપારને લગતાં ગુપ્ત રહસ્યો અને તેની બુદ્ધિલક્ષી મિલકતનો પણ સમાવેશ થાય છે.

● કોઈ વ્યક્તિ પાસે અન્ય વ્યક્તિ સાથેના વિશ્વાસાધારિત સંબંધ અન્વયે મળેલી માહિતી.

● વિદેશી સરકાર પાસેથી મળેલી ખાનગી માહિતી.

● જે માહિતી બહાર પાડવાથી

- કોઈ વ્યક્તિનું જીવન કે અંગત સલામતી જોખમાય;

- સલામતી માટેના કે કાયદાના અમલ અને સલામતી માટે આપેલી કોઈ મદદ કે માહિતીનો શ્રોતા ઓળખાઈ જાય તેમ હોય.

ગુનેગારોની તપાસલક્ષી કે અટકાયતલક્ષી પ્રક્રિયા અવરોધાયા તેવી માહિતી.

મંત્રીમંડળ, સચિવો અને અન્ય અધિકારીઓની ચર્ચા-વિચારણાના રેકર્ડ સહિત કેબિનેટના કાગળો પરંતુ નિર્ણય લેવાઈ ગયા પછી, અને જે તે કાર્યવાહી પૂરી થઈ ગઈ હોય તે પછી, મંત્રીમંડળના નિર્ણયો કરાયા હોય તે જાહેર કરી શકાશે.

જે માહિતી નીચેની બાબતને લગતી હોય તે માહિતી

-કોઈ વ્યક્તિની કાંઈ અંગત માહિતી જેની બહાર પાડવાની કોઈ જાહેર પ્રવૃત્તિ કે હિત સાથે કોઈ સંબંધ ન હોય તે.

-જે માહિતી કોઈ વ્યક્તિની અંગતા-પ્રાઈવસી - ઉપર બિનજરૂરી આક્રમણનું કારણ બની શકે તે

આ કાયદો કયાં સંગઠનોને લાગુ પડાયો નથી?

ઈન્ટેલિજન્સ બ્યૂરો.


રિસર્ચ એન્ડ એનાલિસિસ વિગ ઓફ ધી કેબિનેટ સેકેટેરિયેટ ડાઈરેક્ટારેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ સેન્ટ્રલ ઈકોનોમિક ઈન્ટેલિજન્સ બ્યૂરો.

ડાઈરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ

બોડર્ર સિક્યૉરિટી ફોર્સ

- જે તે દિવસે અરજી કરી હોય કે માગેલી માહિતી અપાઈ હોય તે દિવસ સુધી એક દિવસના રૂ. બસો પચાસના દરે દંડ કરશે. જોકે દંડની આવી કુલ રકમ રૂ. પચીસ હજારથી વધવી ન જોઈએ.

## જય સ્વામિનારાયણ



शिक्षापद्धयमृतं हिताय जगतामाविष्कृचं यन्मना ।
मद्धक्तैरिदमादरादनुं दिनं सेव्यं समस्तैरपि ।।
इत्यादिष्टमनुस्मरन् भगवतः प्रेम्णाऽन्वहं य : पठेत् ।
शिक्षापत्रमिदं स याति परमं धामाक्षरं शाश्वतम ।।

જગતા હિત માટે મેં જે શિક્ષાપત્રીરૂપ અમૃત પ્રગટ કર્યું છે તે આ અમૃત સમસ્ત મારા ભક્તોએ પ્રતિદિન આદરથી સેવવા યોગ્ય છે. આવી ભગવાનની આજ્ઞાનું અનુસ્મરણ કરીને જે પુરૂષ પ્રેમથી શિક્ષાપત્રીનો પાઠ કરે છે તે સનાતન પરમ અક્ષર ધામને પામે છે. ૧૨

**સૌજન્ય :** શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર પ્રકાશિત પુસ્તક ''ભગવાન સ્વામિનારાયણ'' માંથી સાભાર

**શિક્ષાપત્રી પ્રાગટ્ય દિન સંવત ૧૮૮૨ વસંત પંચમી**

● તર્ક સાથે તર્ક લડાવીને હૃદય ન જીતી શકાય. ● ખોટાની સેવા એટલે સર્પને દૂધ પાવા જેવું. ● સાહસથી જ શ્રી મળે, કાયર ગરીબ જ રહે. ● શાંતિથી મોટું આ સૃષ્ટિમાં કશું જ નથી. ● વૃક્ષે ને વાદળે જે શીખવાડયું તે શાસ્ત્રોએ નહિ. ● જીવમાત્ર પર દયા રાખો. ● બાળક હજારો પ્રશ્ન કરી શકે, ચતુર નિરુત્તર! ● આરામ ને ઉપવાસ- બધાં ઔષધોમાં શ્રેષ્ઠ છે. ● દોસ્તી, ગુણ અને પ્રેમ વફાદારીથી જ ટકે છે. ● દાનવૃત્તિ વગરનો પૂંજીપતિ નક્કામો છે. ● ચરિત્રનું ધ્યાન રાખશો તો ખ્યાતિ તેને સંભાળી લેશે. ● બહુ ચીકાશથી ખરીદે છે તે દુનિયા ખોઇ દે છે. ● બીજાને ઉપદેશ આપવો જરાય અઘરો નથી. ● ઉપદેશની જેને જરૂર છે, તેને તે ગમતો નથી હોતો. ● દુઃખો કયારેય એકલા નથી આવતાં, વારસો લઈને આવે છે. ● ઉત્તમ શિષ્ટાચાર રાખો. ● આર્થિક સમાનતા સ્વાતંત્ર્યતાની ગુરુચાવી છે.

# 'વલણ'નાં વલય

હરીલાલ સોની, અંજાર

સમાજમાં આપણી આસપાસ ઘણીવાર જોવા મળે તેવું એક દશ્ય.

વાત નાની છે. પ્રકૃતિ અને સ્વભાવગત આદતોના કારણે માનવીને કેવું નૂકશાન થતું હોય છે, તે જોવા મળ્યું એટલે લખવાનું મન થયું.

થોડાં દિવસ પહેલાં અમારા એક મિત્રને ત્યાં જવાનું થયું. સાધન સંપન્ન ઘર છે. પતિ - પત્નિ બે બાળકો. એક પરિણીત... સરસ બંગલો, ઘરનાં દરેક સભ્યને પોતાની કાર, સારો બિઝનેશ. આ બધું છતાં સુખ અને શાંતિ નહિ... આ મિત્ર દંપતિએ જે કહ્યું તે અક્ષરસઃ રજુ કરું છું.

**પત્નિ :** તમારા મિત્ર મારી જોડે કંઈ વાત નથી કરતા ઘરમાં આવે તો છાપામાં કે ટી.વી.માં મોઢું નાખીને બેઠા હોય. કંઈ કામની કે વ્યવહારની વાત હોય તો હા કે ના જેવા અક્ષરે વાત કરે અથવા ફક્ત માથુ હલાવે. અને બહાર તે બધાં જોડે હસી ખુશીને વાત કરતા હોય છે.

**પતિ :** કદાચ એની ફરિયાદ સાચી છે. મનેય ઘણીવાર લાગે છે કે ઘરમાં હું એની સાથે ઓછી વાત કરૂં છું. પણ એને બહાર જવું હોય કઈ ખરિદી કરવાની હોય પીક્ચરમાં કે ફરવા જવું હોય તો હું સાથે જાઉ છું અથવા ડ્રાઈવર સાથે કાર મોકલું છું. પૈસાનો પ્રશ્ન નથી રહેતો... એની પાસે જોઈતી રકમ હોય જ છે ઘરની વ્યવસ્થા જ એવી છે કે કોઈએ કોઈ પાસે કશું માગવું નથી પડતું. પણ એને દરેક વસ્તુમાં 'નેગેટીવ' વાત કરવાની આદત છે. ઘરમાં ફર્નીચર ન હોય તો એને ઘર ખાલી લાગે. ફર્નીચર આવે તો ચાલવામાં આડું આવે. નોકર હોય તો... એવું થાય કે એને રોકટોક કરવામાં માથું દુઃખે, જાતે કામ કરવું પડે તો હાથ દુઃખે. બહાર કોઈ પાર્ટીમાં સાથે લઈ જવાનું કહું તો કંઇ ને કંઇ બહાનાં આપે અને સાથે લઈને ન ગયો હોઉં તો પાછો આવું ત્યારે ઘરમાં લોહી ઉકાળો ઊભો જ હોય. આમાં મને વાત કરવાનું મન કેમ થાય?

સમગ્ર વાતો વિગતે જાણ્યા પછી આ કેસમાં તો મક્કમ થઇ શકાય તેવું કશું જ મને લાગ્યું નહિ. પરંતુ લખવાની ઈચ્છા એટલે થઇ કે આ બધામાં એક બહુ જ અગત્યની વાત છે તે 'વલણ'ની 'એટીટ્યુડ'ની.

આ કેસમાં ભગવાનની મહેરબાનીથી બધું જ હોવા છતાં આ લોકો એને માણી શકતાં નથી કારણ કે બહેન પાસે ફરિયાદો સીવાય કંઇ જ નથી. એમને ત્યાં કોઈ અમસ્તું મળવા જાય તો તેમને લાગે કે કંઇક ગરજ હશે એટલે આ લોકો આવ્યા લાગે છે. કોઇ ફંકશનમાં એમને કોઇ બોલાવે કે એમના પતિ જોડે કોઈ વાત કરે તો ચીબાવલી લાગે અને એમને કોઇ બોલાવે નહિં તો, એનું ખરાબ બોલવાનું ચાલુ કરવાનું...

આમ સદંતર નેગેટીવ એપ્રોચના કારણે એ કુટુંબમાં અત્યારે એ બહેન એમના પતિ અને સંતાનો સાથે પણ કોમ્યુનિકેશન ગુમાવી બેઠાં છે.

પણ આ એક કીસ્સાને બાજુ પર મુકીને વિચારીએ તો ઘણી બધી જગ્યાએ આપણી આસપાસ આવાં પાત્રો જોવા મળી જતાં હોય છે. કારણ ગમે તે હોય. કદાચ બાહ્ય કારણ કંઇ જ ન હોય પણ પ્રકૃતિ દોષ અથવા સ્વભાવગત દોષ હોય તો તે તેને સુધારવાનો પ્રયત્ન વ્યક્તિએ ખુદે જ કરવો જરૂરી છે.

મારો આ લખવા પાછળનો આશય એ જ છે કે આવાં કંઇ જ કારણ વિનાના કારણે ઘણાંયે લગ્નો વિચ્છેદ થવાનાં આરે પહોંચતા હોય છે અને વિચ્છેદીત પામીને પણ એનાં મુળ કારણની ખબર નથી હોતી. કારણ કે મને ખબર હોય કે હું ખોટું કરું છું તો હું મને સુધારી શકું પણ મને ખબર જ ન હોય કે હું ખોટું કરું છું તો હું સુધારી કેમ શકું. ગાડી ચલાવતી વખતે હું રોંગસાઇડમાં ગાડી ચલાવું છું એવી જ્યાં સુધી મને જાણ ન થાય ત્યાં સુધી હું રોંગસાઇડમાં જ ગાડી ચલાવીને કોઇક અકસ્માતનો ભોગ બનવા પાત્ર બનીશ પણ જેવી મને જાણ થાય કે હું રોંગસાઇડમાં છું... તો હું અકસ્માતથી બચી શકીશ.

આપણી જીંદગીમાં પણ, આવું જ છે. અજાણ્યે આપણે એવું ઘણુ વર્તન કરતાં હોઈએ છીએ જેની આપણને ખબર જ નથી હોતી. મેં આપણા સમાજના ઘણાં ઘરોમાં જોયું છે કે પુરૂષો ઘરમાં પણ સામાન્ય વાતચીતમાં અપશબ્દોનો ઉપયોગ કરતા હોય છે. પણ એમની એમને ખબર જ નથી હોતી. સામાન્ય આદતની જેમ તે ગાળો બોલતાં રહે છે. તેમનું ધ્યાન દોરવામાં આવે અથવા તેમને ખબર પડે કે આ ખોટું છે તો એ સુધારવાની કોશીષ કરે ને !

સમાજમાં આવું ઘણી જગ્યાએ બને છે, બનતું રહે છે. આપણે ભૂલો કરતાં હોઈએ છીએ. જરૂર છે ફક્ત આપણી સભાનાવસ્થા તરફ જાગ્રત થવાની.

**"જીંદગી એક એવી કોલેજ છે જ્યાં દરેક પગલે પરીક્ષા છે અને દરેક પરીક્ષામાં હમેશાં કોર્ષ બહારનું જ પુછાય છે અને છતાંએ પાસ થવું ફરજીયાત છે"**

બસ આટલું જાગ્રતપણે ધ્યાન રાખીને ચાલીશું તો કુટુંબના, સમાજના, લગ્નજીવનનાં પ્રશ્નો ઊભા થતાં જ નથી અને થશે તો એનું નિરાકરણ હાથવગું હશે. •

**સંત વાણી**

# મહિલા સંત લક્ષ્મીભાઈ

**શાંતાબહેન અમૃતલાલ બારમેડા, અંજાર**

ઐતિહાસિક શહેર અંજારમાં જેસલ-તોરલની બાજુમાં મુંડિયાબાપુની જગ્યા છે. આજથી લગભગ ૭૫-૮૦ વર્ષ પહેલાં એક સંત થઈ ગયા. તેઓ મુંડિયાબાપુના નામથી ઓળખાતા. તેમના ઘણા શિષ્યો તેમની સાથે રહેતા. લોકોના મોઢે પણ તેમનો ઘણો મહિમા હતો.

તેમનાં શિષ્યોમાંના એક શિષ્યા, આપણી જ્ઞાતિનાં હતાં. તેઓ નાગલપરમાં રહેતા હતા. તેમનું નામ લક્ષ્મીબહેન હતું. આપણે આપણી જ્ઞાતિના મહાન સંત ગોમતીબહેન વિશે ઘણું વાંચ્યું છે. તેમ આ પણ એક મહાન સંત હતા તે આ લેખ લખનારનાં નાનીજી સાસુ થાય.

વડીલો પાસેથી સાંભળવા મળેલી હકીકત મુજબ તેઓનાં ત્રણ સંતાનો હતાં. ખૂબ ગરીબી અને વિધવા જીવનમાં પણ તેઓ ભક્તિમાં રસતરબોળ હતાં. પારકા ઘરનાં દળણાં દળી પોતાનું ગુજરાન ચલાવતાં.

તેમના રચેલાં સોથી દોઢસો ભજનો આજે પણ ગવાય છે. તેઓ જ્યારે સમાધિમાં બેસતા ત્યારે દિવસોના દિવસો નીકળી જતા.

નાગલપરમાં રહેતા એક વૃદ્ધ મહિલાના મુખેથી વાત સાંભળેલી કે એક વખત તેઓ આઠ દિવસ સમાધિમાં રહ્યા બાદ જાગ્યા. જે તેમણે નજરે જોયેલું હતું.

તો આવા સંતોની વાત કેમ ભુલાય. એક વખત ગામમાં છોકરાઓને ખારેક વહેંચણી થતી હતી. પોતાનાં ત્રણ બાળકો માટે લક્ષ્મીમા ખારેક લઈ આવ્યાં. બે બાળકોને ખારેક આપી અને એક બાળક ઘરે ન હોવાથી તેના માટે બે ખારેક મૂકી રાખી. પણ એવું બન્યું કે પાડોશીના છોકરાએ લક્ષ્મી પાસે આવી ખારેક માગી. પણ લક્ષ્મીમાએ મમતાના મોહમાં પેલા છોકરાને ના પાડી. જ્યારે પોતાનો છોકરો આવ્યો ત્યારે રાખેલી ખારેક લેવા જાય છે ત્યારે તે ખારેક સુકાઇ ગઈ હતી. લક્ષ્મીમાને એમની ભુલ સમજાઇ ગઈ. ત્યારથી તેઓ પ્રેમલક્ષણા ભક્તિમાં લીન થઈ ગયાં. પ્રભુ હું ભાન ભૂલી મને માફ કરો. તેઓ બધામાં ભગવાનનાં દર્શન કરતાં. રાતદિવસ ભગવાનનાં ભજન રચવા અને ગાવા તે તેમનો નિત્યક્રમ હતો. પ્રેમ તો રાધાએ કર્યો, મીરાંએ પણ કર્યો. તે પ્રેમ લક્ષણામાની ભક્તિમાં, તેમણે અનેક ભજનો અને પદોમાં રચેલાં.

**ભજન**

સોહમ્ સોહમ્ શામળા સોહમ્ જાપ સદા જપું,<br>
ત્રિવેદી કેરા તાપમાં ત્રિકમ હવે હું નહીં તપું.<br>
દુઃખનો તે દરિયો દોયલો ભયંકર દુઃખ ભારે ઘણાં,<br>
ભયંકર દુઃખડા ભોગતાં માધવ હવે નવ રહી મણા.<br>
ન્યારા તે થઈ નાસી ગયા વીરલા તે કોઈ જોગી જતી<br>
એ ચાલ જ્યારે ચાલતાં કૃપા હરિ આપની હતી.

**એક પદ :**

**જગદીશ મેં જાણ્યા નહીં**<br>
**અવિનાશ અરજી ઉર ધરો**<br>
**ભગવંત હું ભૂલી ગઈ**<br>
**માધવ હવે માફી કરો...**

એક વખત તેમનાં નાનાં બાળકોને ખૂબ ભૂખ લાગી હોવાથી મા પાસે આવી ખાવાની માગણી કરી તે વખતે લક્ષ્મીમા બીજાના ઘરનો બાજરો દળતાં હતા. એ બાજરાના લોટના પૈસા મળે ત્યારે બજારમાંથી બાજરો લઈ દળે ત્યારે જમવાનું બને તેમ હતું. તેઓ બાળકોને આશ્વાસન આપતાં રહ્યાં, પરંતુ બપોરનો સમય અને બહુ જ ભૂખ લાગી હોવાથી બાળકો વારંવાર જમવાની માગણી કરતાં ત્યારે લક્ષ્મીમાની આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી અને અંતઃકરણથી પ્રાર્થના કરતાં તેઓ બોલ્યાં, ગરીબના બેલી દુખિયાનાં દુઃખ હરનાર પ્રભુ, તારી લીલા ન્યારી છે. એક પદ :

**સંસારનાં સુખ શામળા,**<br>
**મુજને હવે ગમતાં નથી,**<br>
**દારુણ દુખડાં દોહ્યલાંમાં સુખ નહીં**

વૃદ્ધ લક્ષ્મીમાને જ્યારે પ્રભુના ઘરનું તેડું આવ્યું ત્યારે કહે છે કે તેઓએ ગામમાં ભક્તોને બોલાવી ભજન ગાવાનું કહ્યું ને પોતે પોતાના હાથે પટ પથારી લીંપી અને માથે ઓઢી સૂતાં. ભક્તોને અને ઘરનાંઓને કહ્યું કે "હું માથે ઓઢી સૂઈ જાઉં છું.

પાંચ મિનિટ પછી માથેથી કપડું ઉતારી નાખજો, હું ભગવાનના ધામમાં જાઉં છું." પાંચ મિનિટ બાદ ઘરનાંઓએ કપડું માથા પરથી ઉતારી જોયું તો લક્ષ્મીમા અનંતની યાત્રા કરવા નીકળી પડ્યાં હતાં.

**પદ :**

**એ ચાલ જ્યારે ચાલીએ**<br>
**તો લક્ષ્મી લાવો લીજીએ**<br>
**ચકોર પેરે ચકાસીએ**<br>
**તો દિલમાં દર્શન કીજીએ.**

જેઓ બધાંનું મંગળ ઈચ્છતા હોય તે પોતે ધર્મના માર્ગ પર ચાલે અને બીજાઓને પણ સન્માર્ગ તરફ અગ્રેસર કરે તેઓ જ વિદ્વાન છે. ચંદન શીતળ છે પરંતુ ચંદ્રમા પણ શીતળ છે. અને શ્રેષ્ઠ સાધુ, વિદ્વાન પુરુષ એ બન્નેથી શીતળ છે. •

# મહીસાગરના તટે ભગવાન "સ્તંભેશ્વર મહાદેવ"

**મૌલિક એમ. રાજપૂત, અમદાવાદ**

ભારતીય સંસ્કૃતિમાં તેત્રીસ કરોડ દેવોમાં સૌથી વધુ આરાધના દેવાધિદેવ મહાદેવ એટલે કે ભગવાન શંકરની થાય છે. એવું કહેવાય છે કે મહાદેવ જલદી રીઝે એવા દેવ છે. તેથી તેઓને બધા ભોળાનાથ કહે છે. ભગવાન શંકર માટે એવું કહેવાય છે કે કાં તો તેઓ સ્મશાનમાં રહે છે કાં તો પર્વત ઉપર રહે છે અથવા તો એકાંતમાં જંગલમાં રહે છે. આપણા વડીલો કહેતા કે **'શિવની વાડી સદા ઉઘાડી'** અર્થાત શિવજી જ્યાં પણ રહે ત્યાં બધું ખુલ્લું ખુલ્લું હોય.





મહાદેવને કંઈ અમસ્તા જ ભોળાનાથ નથી કહ્યા. ભગવાન શંકર ષોડ્ષોપચાર પૂજન કે હોમ-હવન કરો તો જ પ્રસન્ન થાય એવું નથી. ભોળાનાથની ભક્તિ માટે ભાવપૂર્વકનો જળાભિષેક જ બસ છે. શિવલિંગ ઉપર ભક્તિભાવથી જળાભિષેક કરો એટલે ભોળાનાથ પ્રસન્ન.

આમ જો અમસ્તાં જ સાદા જળથી અભિષેક કરવાથી મહાદેવ પ્રસન્ન થતા હોય છે તો જો તેમના શિવલિંગ ઉપર આઠ નદી અને દરિયાદેવના સંગમ પરના નીરથી અભિષેક કુદરતી રીતે અને દિવસમાં બે વાર કરાતો હોય તો મહાદેવજીની કેવી કૃપા પ્રાપ્ત થાય? ભોળાનાથ મહાદેવનું આવું પ્રાકટ્ય કયાં મળે? હા, એ શકય છે.

ગુજરાતમાં મહીસાગર નદી સહિત વાત્રક, શેઢી, મેશ્વો, ખારી, ચંદ્રભાગા, સાબરમતી અને હાથમતી નદીનો જ્યાં સમુદ્રમાં સંગમ થાય છે એ સ્થળના જળથી શિવલિંગ ઉપર અભિષેક કરી શકાય છે. આ આઠ નદીઓનો સમુદ્ર સાથે હિન્દ મહાસાગરના ખંભાતના અખાતમાં સંગમ થાય છે. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી કંબોઈના મહીસાગરના તટે ભગવાન શંકરનું શિવલિંગ આવેલું છે. આ સ્થળનું નામ સ્તંભેશ્વર મહાદેવ છે. સ્તંભવેશ્વર મહાદેવનું આ શિવલિંગ ગુપ્ત શિવલિંગ છે, અહીં સમુદ્રની વચ્ચે શંકરદાદાનાં દર્શન થાય છે.

આ પૌરાણિક તીર્થનો ઉલ્લેખ અઢાર પુરાણોમાંના સૌથી મોટા સ્કંદપુરાણના કુમારિકા ખંડમાં વર્ણવવામાં આવ્યો છે. સ્કંદપુરાણ પ્રમાણે પાંચ ગુપ્ત શિવલિંગ છે. જેમાંનું એક સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ભાવનગરથી ૩૦ કિલોમીટર દૂર કોળિયાક ગામ પાસે છે. આ શિવલિંગ વર્ષમાં એક જ વાર દર્શન આપે છે. આ માટેની એવી કથા છે કે મહાભારતના યુદ્ધ દરમિયાન કલંકિત થતાં પાંડવો પશ્ચાત્તાપ કરવા અહીં આવેલા. તેમણે અરબી સમુદ્રના કિનારે નિષ્કલંક મહાદેવના શિવલિંગની સ્થાપના કરી હતી અને તેની આરાધના કરીને નિષ્કલંક થયેલા. બીજું ગુપ્ત શિવલિંગ આ કાવી કંબોઈના મહીસાગરના સંગમ કાંઠે છે. જે આ ચોવીસ કલાકમાં બે વખત દરિયાની ભરતી સાથે પાણીમાં સમાઈ જાય છે અને ઓટ થવા સાથે ક્રમશઃ આ શિવલિંગનાં દર્શન થાય છે, ત્યારે ભાવવિભોર બની જવાય છે. ખાસ તો દર પખવાડિયાની બારસ-તેરસે એક તરફ સૂર્યાસ્ત થતો હોય અને બીજી તરફ ભરતી ઊતરતી હોય ત્યારે દરિયાની વચ્ચે મહાદેવના શિવલિંગનાં દર્શન કરતાં અલૌકિક અનુભૂતિ થાય છે. ચાંદનીમાં દરિયાનાં ઊછળતાં મોજાં વચ્ચે ભોળાનાથનાં આવાં દર્શન ભાવિક ભક્તોને ભક્તિમાં લીન કરી દે છે. આવાં અલૌકિક દર્શન કરતાં પહેલાં આ શિવલિંગનાં માહાત્મ્ય વિશે જાણીએ.

સ્કંદપુરાણની કથા પ્રમાણે શિવભકત અસુરરાજ તારકાસુરે અતિ લાંબો સમય તપ કરી વરદાન માગ્યું કે મને ફક્ત શિવપુત્ર જ અને તે પણ સાત જ દિવસનો મારી શકે. તે સિવાય બીજા કોઈથી મારું મૃત્યુ ન થાય. તારકાસુર જાણતો હતો કે શિવજી તો વૈરાગી છે. તેઓ લગ્ન કરશે જ નહિ તો બાળક ઉત્પન્ન થશે જ નહિ. આ વરદાન પ્રાપ્ત થતાં જ તારકાસુરે ત્રણે લોકમાં હાહાકાર મચાવી દીધો. તેણે ઈન્દ્રને પરાસ્ત કરીને સ્વર્ગની ગાદી હાંસલ કરી લીધી. દેવો લાચાર સ્થિતિમાં બ્રહ્માજી પાસે ગયા. ભગવાન શિવ તપસ્યા લીન છે અને તેમની તપસ્યા કોઈ ભંગ કરાવી શકે તેમ નથી. હિમાલય પુત્રી પાર્વતી વર્ષોથી ભગવાન શિવની આરાધના કરી રહી છે. બ્રહ્માજીએ દેવોને કહ્યું ફકત કામદેવ જ ભગવાન શિવનું તપ ભંગ કરાવી શકે છે. સાથે એક જોખમ એ પણ છે કે ભગવાન શિવનું તપ ભંગ કરતાં તેઓ ક્રોધે ભરાશે અને તેમના તપનો ભંગ કરનારને તેમના ત્રીજા નેત્રથી ભસ્મ કરી દેશે. જગતના કલ્યાણ માટે કામદેવ ભગવાન શિવના

તપનો ભંગ કરવા કામબાણ છોડ્યું અને ભગવાન શિવે ક્રોધે ભરાઈને તેને ભસ્મ કરી દીધો.

આ બાજુ બ્રહ્મા, ઈન્દ્ર આદિ દેવોએ ભગવાન શિવને શાંત પાડ્યા અને તેમના તપનો ભંગ કરવાનું કારણ સમજાવ્યું. ભગવાન શિવ માની ગયા અને તેમણે દેવી પાર્વતી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. શિવ-શક્તિ એટલે શિવ-પાર્વતી થકી એક પુત્ર શ્વેત પર્વતના કુંડમાં ઉત્પન્ન થયો. તેનું નામ સ્કંદ એટલે કે કાર્તિકેય પાડ્યું. કુમાર કાર્તિકેયને છ મસ્તક, ચાર આંખ, બાર હાથ હતા. જન્મના પાંચમા દિવસે પરિપૂર્ણ કુમાર કાર્તિકેયે બનીને ત્રાડ પાડતાં શ્વેત પર્વતના શિખરને ગબડાવ્યું.

દેવોએ કુમાર કાર્તિકેયને તેમના અવતરણનો હેતુ સમજાવ્યો. દેવોએ તારકાસુર સામેના યુદ્ધમાં તેમની સેનામાં કુમાર કાર્તિકેયને સ્વર્ગનરેશ ઈન્દ્રનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી, કુમારે તે વિનંતી ઠુકરાવતાં ફક્ત સેનાપતિ બનીને સહાય કરવાનું કબૂલ્યું. આમ ને આમ પાંચ દિવસ વીતી ગયા. તારકાસુરના નાશ માટે ફક્ત બે જ દિવસનો સમય બચ્યો હતો. આ બે દિવસમાં જો તારકાસુર ન મરે તો તે ક્યારેય ન મરે આ ભયંકર ઘડી આંવી એટલે ભગવાન વિષ્ણુ કાર્તિકેયને મળ્યા. છેવટે છેલ્લા બે દિવસ દેવ-દાનવ વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું અને કાર્તિકેયે તારકાસુર સહિત તેની તમામ દાનવસેનાનો નાશ કર્યો. દેવોએ કુમાર કાર્તિકેયનો જયજયકાર કર્યો.

પરંતુ તારકાસુર શિવભક્ત હતો એટલે કાર્તિકેયને તેને હણ્યાનો મનમાં ડંખ હતો. ભગવાન વિષ્ણુએ પિતૃભક્તની હત્યાનું પ્રાયશ્ચિત્ત કરવા કાર્તિકેયને અખંડ શિવલિંગની સ્થાપના કરવાનું કહ્યું.

તારકાસુરની નગરી એટલે આજના ધુવારણની પાસે આવેલું તારાપુર નગર આજે પણ ત્યાં તારકાસુરનો ટેકરો છે. કુમાર કાર્તિકેયે તારકાસુર જ્યાં હણાયો હતો ત્યાં શિવલિંગની સ્થાપના કરી. જે કુમારેશ લિંગ અથવા સ્તંભેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે. મહીસાગર સંગમ ઉપર પૂનમ કે અમાસના દિવસે શ્રાદ્ધ કરી પાપરહિત બની સ્તંભેશ્વરનું અર્ચન કરવાથી તૃપ્ત પિતૃઓ આશીર્વાદ આપે છે. એમ કહેવાય છે કે આ તીર્થના માત્ર એક વાર ભાવપૂર્વક દર્શન કરીને કોઈ ભક્ત મનોકામના યાચે તો ભોળાનાથ તે અવશ્ય પરિપૂર્ણ કરે છે. જે પછી ભાવિક ભક્તે અહીં એક વાર પ્રભુનાં દર્શને આવવું પડે છે.

સ્તંભેશ્વર મહીસાગર સંગમે આવેલું હોઈ તેનું માહાત્મ્ય અનેરું છે. કુમાર કાર્તિકેયજીનું પણ આ તીર્થ અંગે વરદાન છે કે જો તમે કોઈ એક જ સ્થાનમાં બધાં જ તીર્થનો સંયોગ ચાહતા હો પરમપુણ્ય મહીસાગર સંગમતીર્થ (ગુપ્ત ક્ષેત્ર કંબોઈ) જાઓ. ધર્મદેવના વરદાન પ્રમાણે શનિવારની અમાવાસ્યાએ આતિર્થ યાત્રા અને સ્નાન કરવાથી પ્રભાસની દસ વાર, પુસ્કરની સાત વાર અને પ્રયાગની આઠ વાર યાત્રા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય તે ફળ પ્રાપ્ત થાય છે.

સ્તંભેશ્વર તીર્થનું આ કુમારેશ્વર શિવલિંગ ગુપ્ત છે. જેનો ખ્યાલ દોઢ દાયકા પહેલાં બનારસના સ્વામી વિદ્યાનંદજીને આવ્યો. સ્વામી વિદ્યાનંદજી બનારસમાં સ્કંદપુરાણ વિશે અધ્યયન કરતાં હતા. સ્કંદપુરાણનો અભ્યાસ કરતાં તેમના ધ્યાનમાં આવ્યું કે ભારતમાં પાંચ ગુપ્ત શિવલિંગ છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયાકિનારે ભાવનગર નજીક કોળિયાક શિવલિંગ મળી આવ્યું. સ્વામી વિદ્યાનંદજી ચાર શિવલિંગની શોધ કરતાં ભરૂચ જિલ્લાના કાવી કંબોઈ આવી પહેંચ્યા. એમણે અહીં આશ્રમ સ્થાપ્યો. સ્કંદપુરાણની માહિતી પ્રમાણે તેઓ છ માસ સુધી ગુપ્ત શિવલિંગ વિશે સંશોધન કરતાં રહ્યા તે દરમિયાન તેમને આ શિવલિંગની ભાળ મળી અને તેનો પુનરુદ્ધાર અને યજ્ઞશાળા સ્થાપી. છેલ્લાં થોડાં વર્ષોથી અહીં સંસ્કૃત શિક્ષણનો સરાહનીય પ્રયાસ ચાલી રહ્યો છે. અહીં સમસ્ત ભારતમાંથી વિદ્યાર્થીઓ આવે છે અને કાશીના આચાર્યો દ્વારા તેમને રુદ્રપાઠ, વૈદિક સંધ્યા, ત્રિકાળ સંધ્યા, વેદપઠન, જ્યોતિષવિદ્યા અને વ્યાકરણ વગેરેનું શિક્ષણ અપાય છે. આ આશ્રમમાં હોમાત્મક, પાઠાત્મક, લઘુરુદ્ર તથા દર પૂનમ અને અમાસે ચીવટપૂર્વક પિતૃતર્પણનું આયોજન કરવામાં આવે છે.

દર વર્ષે હજારોની સંખ્યામાં યાત્રાળુઓ-ભક્તો સ્તંભેશ્વર મહાદેવના તીર્થમાં પ્રાર્થના-પૂજા-અભિષેક મહાપૂજા કરવા આવે છે. ગુજરાતના ખંભાતના અખાતમાં સાત નદીઓના સંગમ એવા મહીસાગર સંગમસ્થળ કાવી-કંબોઈમાં સમુદ્રમાં આવેલા આ પૌરાણિક મંદિરના શિવલિંગનું આધ્યાત્મિક મહત્વ છે. સમુદ્રમાં આવતી ઓટ દરમિયાન દર્શન પૂજા થઈ શકે છે. ભરતી દરમિયાન શિવલિંગ પાણીમાં ગરકાવ થઈ જાય છે. ત્યારે જાણે દરિયાદેવ શિવલિંગ ઉપર આપોઆપ અભિષેક કરે છે. તે દૃશ્ય મનોહર હોય છે એમ ભાવિકોનું કહેવું છે. તેઓ કહે છે કે જીવનમાં એક વાર આ પૌરાણિક તીર્થના માહાત્મ્યને લઈ દર્શન કરવા જેવાં છે.

નેપાળમાં આવેલા પશુપતિનાથ શિવમંદિરના શિખર જેમ અહીંના શિવમંદિર ઉપર પણ શિખર છે. ગીતાપ્રેસ-ગોરખપુર દ્વારા પ્રકાશિત સ્કંદપુરાણના પાના નંબર ૭૯થી ૧૭૮માંઆ પુરાણપ્રસિદ્ધ સ્થળનો ઉલ્લેખ છે.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાથી ૨૬ કિલોમીટરના અંતરે આવેલું આ તીર્થસ્થાન અમદાવાદથી ૧૯૦; વડોદરાથી ૯૦; ભરૂચથી વાયા આમોદ ૯૦ કિલોમીટર જઈ શકાય છે. મુબંઈ તથા દેશનાં અન્ય રાજ્યોમાંથી આવતા ભાવિકો ભરૂચ અથવા વડોદરા ઊતરીને 'સ્તંભેશ્વર' જઈ શકે છે. વિદેશમાં રહેતા ભાવિકો સ્તંભેશ્વરસ્થિત ભોળાનાથનાં દર્શન www.sthambheswarmahadev.com ઉપર પણ કરી શકે છે.

(artmani@gmail.com) •

# રૂદ્રાક્ષનો મહિમા

હેતલ એન. બામરેડા, ભુજ

રૂદ્રાક્ષનો મહિમા મોટો છે. રુદ્રાક્ષ એ માનવજાતિને મહારુદ્રની એક અદ્ભુત ભેટ છે.

રુદ્રાક્ષની ઉત્પાતિ કથા એવી છે કે દૈત્ય ત્રિપુરાસુટ સાથેના યુદ્ધમાં અત્યંત પરિશ્રમને કારણે શિવજીને જે પ્રસ્વેદ થયો અને એના કેટલાક ટીપાં પૃથ્વી પર પડ્યાં એનાથી રુદ્રાક્ષના વૃક્ષની ઉત્પતિ થઈ. આ વિષે રુદ્રાક્ષારણ્ય માહાત્મ્યની કથા વધુ તથ્યવાળી લાગે છે. દેવોના વિજયોલ્લાસે શિવજી ને પણ હર્ષ થયો એમની આંખોમાંથી જે આનંદનાં અશ્રુ બુંદ ટપકી પડ્યાં, એનાથી રુદ્રાક્ષના વૃક્ષની ઉત્પતિ થઈ.



રુદ્ર અક્ષના હર્ષાશ્રુબિંદુથી ઉત્પન્ન થવાને કારણે એનું નામ 'રુદ્રાક્ષ' પડ્યું. સંસ્કૃતમાં 'રુદ્ર' એટલે વિશ્વેશ્વર મહાદેવ. અને જે ક્ષેત્રમાં રુદ્રાક્ષના વૃક્ષોની ઉત્પતિ થઈ તે પ્રદેશનું નામ પણ 'રુદ્રાક્ષારણ્ય' પડ્યું. શિવપુરાણ અનુસાર રુદ્રાક્ષ આ બાલ, સ્ત્રી-પુરુષ વૃધ્ધ ધારણ કરી શકે છે. સહૂ કોઈએને બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થી અને સંન્યાસી પણ ધારણ કરી શકે છે.

**એકમુખી રુદ્રાક્ષ :**

એકમુખી રુદ્રાક્ષને વિધિવત્ સિદ્ધ કરીને 'ૐ હ્રીં નમઃ' મંત્રની એક માળાનો જાપ કર્યા બાદ ધારણ કરવાથી ભોગ અને મોક્ષની સહજ પ્રાપ્તિ થાય છે, દ્રવ્યોપાર્જન થાય છે. આ રુદ્રાક્ષ શત્રુનાશક હોય છે. એને ધારણ કરવાથી વ્યક્તિત્વનો વિકાસ થાય છે અને માનસિક શાંતિ મળે છે.

**દ્વિમુખી રુદ્રાક્ષ :**

દ્વિમુખી રુદ્રાક્ષ દેવ - દેવેશ્વર કહેવાય છે. એને સોમવારના દિવસે પ્રાતઃકાળમાં 'ૐ નમઃ'ના મંત્રોની માળાનો જાપ જપીને ધારણ કરવો જોઈએ. તો ચિંતાની એકાગ્રતા માનાસિક શાંતિ જીવનમાં આધ્યાત્મિક ઉન્નતિ અને કુંડલિની જાગૃતિ માટે ઉપયોગી છે.

**ત્રિમુખી રુદ્રાક્ષ :**

ત્રિમુખી રુદ્રાક્ષને સાક્ષાત્ અગ્નિસ્વરૂપ માનવામાં આવે છે. એને 'ૐ કલીં નમઃ' મંત્રની એક માળાના જાપ ઉપરાંત સોમવારે ધારણ કરવાનો મહિમા છે. એ જ્ઞાન પ્રાપ્તિ માટે, શત્રુનાશક, પેટની વ્યાધિ અને અશુભ ઘટનાઓથી રક્ષા આપનારો છે.

**ચતુર્મુખી રુદ્રાક્ષ :**

આ રુદ્રાક્ષ બ્રહ્માનો પ્રતિનિધિ મનાય છે. એને ધારણ કરનાર વેદશાસ્ત્રજ્ઞાતા અને સર્વપ્રિય બને છે. બુદ્ધિ અને સ્મરણશક્તિ ઉપરાંત અનેક પ્રકારની વિટંબણાઓમાં સફળતા મળે છે. ગળામાં ધારણ કરવાથી આંખોનું તેજ, વાણીમાં મીઠાશ વગેરે પ્રાપ્ત થાય છે. સોમવારે પ્રાતઃકાળે 'ૐ હ્રીં નમઃ' મંત્રના ૧૦૮ વખત જાપ કરીને એ ધારણ કરવામાં આવે છે.

**પંચમુખી રુદ્રાક્ષ :**

આ રુદ્રાક્ષનું રૂપ 'કાલાગ્નિરુદ્ર' રૂપ છે. સોમવારે પ્રાતઃકાળે 'ૐ હ્રીં નમઃ' મંત્રનો જાપ કરીને ધારણ કરવામાં આવે છે. પંચમુખી રુદ્રાક્ષ પંચમુખી રુદ્રાક્ષ સર્વધારણ રીતે સરળતાથી ઉપલબ્ધ હોય છે. સર્વ રુદ્રાક્ષમાં આ પ્રભાવશાળી અને અધિક પુણ્ય આપવાવાળો મનાય છે.

**ષડ્મુખી રુદ્રાક્ષ :**

કાર્તિકેયના પ્રતિનિધિરૂપ આ રુદ્રાક્ષ વ્યક્તિને વાક્સિદ્ધિ પ્રદાન કરે છે. એના પર માતા પાર્વતીજીની વિશેષ કૃપા રહે છે. ભૌતિક સુખની પ્રાપ્તિ થાય છે.

**સપ્તમુખી રુદ્રાક્ષ :**

આ રુદ્રાક્ષ ધારણ કરવાથી દારિદ્રય દૂર થાય છે. આ રુદ્રાક્ષનું સનંગ રૂપ છે. ઝેરની અસર જણાતી નથી અને શસ્ત્ર દ્વારા મૃત્યુ થતું નથી.

**અષ્ટમુખી રુદ્રાક્ષ :**

આઠ મુખવાળા રુદ્રાક્ષ અષ્ટમૂર્તિ ભૈરવરૂપ છે. એને ધારણ કરવાથી વિદ્યા અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એના પર કોઈ પણ પ્રકારનો તાંત્રિક પ્રયોગ થઈ શકતો નથી. વ્યાપારી વર્ગ માટે આ ખૂબ જ લાભકારક છે. મનની એકાગ્રતા માટે આ ઉપયોગી મનાયો છે.

**નવમુખી રુદ્રાક્ષ :**

આ રુદ્રાક્ષ પણ એકમુખી રુદ્રાક્ષની જેમ ખૂબ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. તે ભૈરવ અને કપિલમુનિનું પ્રતીક મનાય છે. એની અધિષ્ઠાત્રી દેવી નવદુર્ગા છે. હૃદયરોગ પર આ રુદ્રાક્ષ ગુણકારી છે.

**દસમુખી રુદ્રાક્ષ :**

આ રુદ્રાક્ષ જનાર્દન વિષ્ણુનું રૂપ છે અને સર્વ મનોકામનાઓ પરિપૂર્ણ કરે છે. તેનાથી ભૂત-પ્રેત-પિતના નડતરો દૂર થાય છે.

**અગિયારમુખી રુદ્રાક્ષ :**

રુદ્ર એટલે મહાદેવ. આ રુદ્રાક્ષ સાક્ષાત રુદ્રરૂપ મનાયો છે. એનાથી સર્વત્ર વિજય પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓને અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે અને

સંતાન સુખ માટે અત્યંત ઉપયોગી મનાયો છે.

**બારમુખી રુદ્રાક્ષ :**

ઓ રુદ્રાક્ષ આદિત્ય એટલે સૂર્યરૂપ છે. જ્યોતિષશાસ્ત્રમાં નિપુણતા માટે તે લાભદાયી મનાય છે. તે પ્રાપ્ત કરવો દુર્લભ છે. એને ધારણ કરવાથી અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરવામાં સહાયતા સાંપડે છે.

**તેરમુખી રુદ્રાક્ષ :**

આ રુદ્રાક્ષની સંજ્ઞા 'ઈન્દ્ર' મનાય છે. તે 'વિશ્વદેવો'નું પ્રતીક છે. તે સૌભાગ્ય અને સર્વ મંગલદાતા છે.

**ચૌદમુખી રુદ્રાક્ષ :**

આ રુદ્રાક્ષ પરમ શિવ સ્વરૂપનું પ્રતીક મનાયો છે. એને ધારણ કરવાથી સર્વ પ્રકારના રોગ દૂર થાય છે. 'ૐ નમઃ' એનો મંત્ર છે.



કેટલાક સંત મહાત્માઓનું કહેવું એમ છે કે, રુદ્રાક્ષ એકવીસામુખી સુધીના હોય છે, પરંતુ પંદરમુખીથી એકવીસામુખી સુધીના રુદ્રાક્ષનો અત્યંત દુર્લભ છે, તે પ્રાપ્ત કરવા દુષ્કર છે.

રુદ્રાક્ષ ગમે તેટલા મુખવાળો હોય પણ તેને સિદ્ધ કર્યા સિવાય પહેરવાથી તેનો કોઈ અર્થ રહેતો નથી. મોટે ભાગે સિદ્ધ કરવા માટે 'ૐ હ્રીં નમઃ' એ મંત્ર ૧૦૮ વાર જપવો અનિવાર્ય છે. રુદ્રાક્ષ ધારણ કરનારે શુદ્ધિનું ધ્યાન સવિશેષ રાખવાનું હોય છે.

ટૂંકમાં શ્રદ્ધા એ મૌન મંદિરનું પ્રવેશદ્વાર છે.

**''અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ।''**

આ રુદ્રાક્ષ મુક્તિ અને ભક્તિ આપે છે.

**'વિધેશ્વર સંહિતા'**

**(શ્રી શિવમહાપુરાણ)** ●

## ગઢશીસા વાંકલ ચામુંડા માતાજી પાટોત્સવ

**પી. જી. સોની 'દાસ'**

ગઢશીસા (તા. માંડવી) મુકામે પોમલ પરિવારના કુળદેવી શ્રી વાંકલ ચામુંડા ના તિર્થસ્થાને મહાસુદ-૧૪ તા. ૯-૨-૨૦૦૯ નાં રોજ ત્રીસેક પરિવારો એ પાટોત્સવ પ્રસંગ શ્રદ્ધા-ભક્તિ અને ભાતૃભાવથી ઉજવ્યો હતો.

આ પ્રસંગે ગઢથીથા હરિયાસ્થાન ખાતે યોજાયેલ વાર્ષિક મેળાવડા પ્રસંદે અધ્યક્ષ સ્થાનેથી પરિવારના મોભ શ્રી ચુનીભાઈ પોમલે ગઢથીથા પોમલ પરિવારની ભાતૃભાવના ને બિરદાવતાં જણાવ્યું હતું કે આપણા પરિવારના દિકરા-દિકરીઓ ઉચ્ચ અભ્યાસથી વંચિત રહી ન જાય તે જોવા પર ખાસ ભાર મૂકીને, પોમલ પરિવાર વતી શક્ય એટલી મદદ કરવા ખાત્રી આપી હતી. આ ટાંકણે એમણે પોમલ પરિવારના દિકરી એવા સમાજ ગૌરવ પૂ. ગોમતીબાને યાદ કર્યા હતી. અને વધુમાં જણાવ્યું હતું કે, બિદડા ખાતેના સાધના આશ્રમ જ્યાં પૂ. ગોમતીબાનું સ્થાનક આવેલું છે તે આપણુ કાયમી તિર્થસ્થાન બની રહે. અવાર-નવાર ત્યાં દર્શને જવાની શીખ આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પી.જી સોની 'દાસે' સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે આપણા તમામ પરિવારોએ આટા-માઠા પ્રસંગોએ એકત્ર થવા અને એક-બીજાના પૂરક બની રહેવા અપીલ કરી હતી અને આર્થિક પાસું હજી વધારે મજબૂત કરવા ભાર મૂક્યો હતો. રાજુભાઈ પોમલે )કોઠારા) યુવાધનને સક્રિય થવા પર ભાર મૂકિને આર્થિક પાસું મજબૂત કરવાના સૂચનો કર્યા હતા. ગત વર્ષના મિનીટસનું વાંચન તથા હિસાબો કાંતિલાલે (કોઠારા) રજુ કર્યા હતા. તમામ પરિવારોના નામ સરનામા અને આંબો (વંથાવળી) તૈયાર થવામાં છે. જેની દરેક પરિવારને ઝેરોક્ષ કોપી મોકલવામાં આવશે.

ચંપાબેન તથા દમયંતિબહેને પૂજા-આરતી-હવન વિ. ની વ્યવસ્થા સંભાળી હતી. આ પ્રસંગે જેઠાલાલ, રામજીભાઈ, મુરજીભાઈ, ઈશ્વરલાલ, પ્રવિણ દામજી, મોતીલાલ હિતજી, વેલજીભાઈ, ઉમેદભાઈ અરૂણ- વિનાયક પોમલ વિ. એ આયોજન સંભાળ્યું હતું. સંચાલન નાનાલાલભાઈ એ કર્યુ હતું.

આજે બાકી રહેલા ૬ પરિવારો એ સેતુના લવાજમો ભર્યા હતા હવે દરેક ઘેર સેતુ આવે છે.

નામ એડ્રેસ ઈશ્વરલાલ વાલજી હેડાઉને આપેલ છે.

**'દાસ'**

ટૂંકી વાર્તા

# દિલાસો

જયશ્રીબહેન ભરતભાઈ પરમાર, ભુજ

વહેલી સવારે ચાલીમાં બેસીને સતીશભાઈ છાપું વાંચી રહ્યા હતા. ત્યારે ચાનો કપ હાથમાં આપતાં વૈશાલીએ ધીમેથી કહ્યું , ''પપ્પા, એક વાત કહું ? કહે ને બેટા મુંઝાય છે શાની ?'' પપ્પાએ જવાબ વાળ્યો.

''પણ... મારા પર ખીજાશો તો નહી ને ?'

''ના...રે...વળી. એમ શેનો ખીજાઉ !'

''પપ્પા... હું હવેથી તમને 'અંકલ' કહું તો કેવું ? મારે માલતી માસીની દિકરી થઈને તેમના ઘરે કાયમ માટે રહેવા જવું છે, તેઓ મને દત્તક લેવા માગે છે...'' વૈશાલીએ કહ્યું.

સતીશના હાથમાં રહેલો ચાનો કપ ઢોળાતાં રહી ગયો. જમણા હાથમાં ઘડીક ધ્રુજારીનો અનુભવ થયો. તેમના મનમાં ઘણા સમયથી ઘેરાઈ રહેલ દર્દનાં વાદળો ઉભરાઈ આવ્યા...''આ તે કેવી વાત...! મારા પ્રેમમાં એવી શી ઉણપ છે કે વૈશાલીએ આવું કહ્યું ?''

'માલતીમાસી' મને કેટલું વ્હાલ કરે છે...! આમેય હું મોટેભાગે એમના ઘરે જ રહું છું. જમું છું અને અત્યાર સુધી મારા ભણવાની મોટા ભાગની જવાબદારીઓ પણ એમણે જ ઉપાડી છે....અને વળી માસી મને તેમના પરિવારનાં કાર્યક્રમોમાં હરવા-ફરવા સાથે લઈ જાય છે. પણ કોઈ મારા વિશે પુછે તો મારી ઓળખાણ આપવામાં મૂંઝાય છે. હું એરું 'માસી' કહીને બોલાવું છું. એના કરતાં 'મમ્મી' કહું તો કેટલું સારું ?...એટલે કે મનિષમાસા મારા 'પપ્પા' ને તમે મારા 'પપ્પા'ને બદલે 'અંકલ' બની જાઓ તો શો વાંધો ? વૈશાલીએ પૂછ્યું.

દિકરી ઘણું બધુ એકીસાથે બોલી ગઈ...વચ્ચે બોલવાનો અવસર દીધા વિના. સતીશે છાપુ પડખે મૂક્યું. ચા એકીસાથે ગટગટાવી આટલું જ બોલી શક્યા...'કંઈ વાધો' નહી બેટા ! તારે કાયમ માટે 'માસી' ની દિકરી બનવું હોય, માલતીને ઘેર કાયમ માટે રહેવા જવું હોય તો મારી 'હા' જ છે... આમેય આપણા ઘર કરતાં એના ઘરે તું વધારે રહે છે, તારા જમવા-ભણવા કે કપડાંનો ખ્યાલ તેઓ જ રાખે છે. તેઓ તને કાયમી ધોરણે દત્તક લેવા માગતા હોય તો એના જેવું રૂડું શું છે ?....''

વૈશાલી પપ્પાનો 'હા' નો જવાબ સાંભળતાં જ ખુશ થઈ ઝટપટ માસીને ઘેર જવા તૈયારી કરવા લાગી. સતીશ ઝૂલા પર બેઠો-બેઠો વિચારોના વમળોમાં પરોવાઈ ગયો, છ-બાર મહિના કે બે-ચાર વર્ષોની ઘટનાઓમાં નહીં, પૂરા પંદર વર્ષના જુના ભુતકાળમાં...

અત્યારે ધો. ૧૦ની પરીક્ષા આપતી દિકરી પ્રાયમરી કક્ષાએ વોલીબોલમાં 'રાજ્યકક્ષા' નો એવાર્ડ મેળવી રૂ. ૫૦૦૦/- ની સ્કોલરશીપ મેળવી પોતાની સાથે પરિવારનું નામ રોશન કરી સન્માન અપાવનાર. એનાથી આગળ...એકવખત અચાનક આવી ચડેલ અને જ્યોતિષનું આછું પાતળું જ્ઞાન ધરાવનાર રાવલ સાહેબે બોલેલા વાક્યો... 'વૈશાલી' એની મમ્મી કરતાં એની માસીની દિકરી જેવી વધારે લાગે છે... નહી ? માંકડું મન સતીશને વધુને વધુ ભુતકાળમાં લઈ જવા લાગ્યું... વૈશાલીના જન્મ સમયનો 'તાજો' ભૂતકાળ વર્તમાન બની ગયો.

...અ ભિ ન ં દ ન ...
સતીશભાઈ...'બેબી' નો જન્મ થયો છે. રૂમમાં થી બહાર નીકળતા નર્સે કહ્યું.

'આભાર..પણ 'બેબી' ની મમ્મીની તબિયત...?

'ઓલરાઈટ...ગભરાવા જેવું કશું નથી, બધુ બરાબર છે, એક-બે બોટલ લોહી ચડાવવું પડશે... તમારા પરિવારમાં કોઈનું O ગ્રુપનું બ્લડ છે કોઈનું પણ અત્યારે એની જરાય ચિંતા કરશો નહીં...સીમાને તમે મળી શકો છો...''

દરવાજો ધીમેક થી ખોલી સતીશે રૂમમાં પ્રવેશ કર્યો. સીમાને 'નિરાંત' નો શ્વાસ લેતી જોઈ સતીશથી ન રહેવાયું... આનંદ અને સંતોષના ભાવ સાથે તેણે સીમાના કપાળ પર હાથ ફેરવતાં કહ્યું. ''કેમ...સીમા...સારૂ છે ને.... બેબીનો ચહેરો તો જો કેવી રૂપાડી લાગે છે, નહીં ? હાથ-પગના આંગળા કેવા લાંબા....પણ...આંખો...બિલાડી જેવી માંજરી. કોના જેવી લાગે છે...?''

''સતીશની પ્રશ્નોત્તરીનો સીમા જવાબ વાળે એ પહેલાં રૂમમા પ્રવેશેલા ડોક્ટરે કહ્યું, ''અત્યારે દર્દીને આરામની સખત જરૂર છે, ઝાઝી વાતચીત પછી કરશો.'' 'ભલે' માત્ર એટલું બોલી તેરૂમમાંથી બહાર નીકળી બાંકડા પર બેસી કભી ખુશી કભી ગમના અહેસાસ સાથે પોતાની જાત સાથે વાતો કરવા લાગ્યો... ''ઓહો... સીમા સાથેના એના લગ્નને પૂરા સાત વર્ષ થઈ ગયા'' શુ કમી હતી બંનેમાથી કોઈને ખબર નહીં. સંતાન પ્રાપ્તી માટે પ્રયત્નો, નુસખાઓ કર્યા ત્યારે માંડ કોઈના પુણ્ય પ્રતાપે સીમાએ દિકરીને જન્મ આપ્યો પોતે 'પપ્પા' બન્યાનો આનંદ લઈ શક્યો...''

બેબીનું નામ શું રાખવું એની ચર્ચા સાથે આજે તેની છઠ્ઠી હતી. સવારથી જ ભાભી, બેન સૌ ધમાલમાં હતા. સીમાને સાંજે હોસ્પીટલમાંથી રજા મળવાની હતી. જલ્દી જલ્દી નાહી ધોઈ તૈયાર થઈ સતીશ હોસ્પીટલ જવા નીકળતો જ

હતો.... ત્યાં ડોક્ટરનો ફોન આવ્યો, ''સતીશભાઈ, જરા જલ્દી આવજો તો....! ફોન મુકાઈ ગયો, કશું પૂછવાનો સમય જ ન રહ્યો.... દવાખાને પહોંચી સીધો રૂમમાં પ્રવેશ્યો... ''સિસ્ટર, સીમાની તબિયત તો સારી છે ને...? કે પછી બેબીને કંઈ...'' સિસ્ટરે કંઈ જવાબ ન વાળ્યો. ડૉ. અને સિસ્ટર બંને જલ્દીથી સારવારમાં લાગી ગયા. સીમાને લોહીની ઉલટીઓ થવા લાગી હતી...ખબર નહીં કેમ... ઓક્સીજન...લોહી... ઈંજેક્શનો... સમય સર સારવાર મળી રહી હતી, છતાં બધી જ કોશિશ... નાકામિયાબ નિવડ. તેના શ્વાસોચ્છવાસ ક્રમશ ધીમા થવા લાગ્યો. શરીર નિઃસ્તેજ થવા લાગ્યુ... ડૉક્ટરે ખૂબ પ્રયત્નો કર્યા... પણ બધું જ વ્યર્થ... પળવારમાં તો સીમાએ આ દુનિયા સાથેનો નાતો તોડી નાખ્યો. બાપ-દિકરીને એકલા છોડી તેણી આ ફાની દુનિયા છોડી ચાલી નીકળી....

એકબાજુ દિકરીની છઠ્ઠી અને બીજી બાજુ પત્નીનું મોત... વિધાતાની ક્રૂર મજાક હતી કે પછી કર્મફળ...કે પછી અન્ય કંઈ?

સમય વીતતો ગયો... 'દુઃખનું ઓસડ દહાડા' ના ન્યાયે સતીશની બેબી પરિવારના સભ્યો વચ્ચે મોટી થતી ગઈ. ગામમાં જ રહેતી તેની સાળી માલતી દરરોજ ઘરે આવતી, વૈશાલીની મોટા ભાગની જવાબદારીઓ વહન કરતી. અને આમેય તેના પતિ મનીષને મહિનામાં ૧૫-૨૦ દિવસ ધંધાર્થે બહાર રહેવાનું હોતાં તેને ફુરસદ મળી રહેતી અને હા...'કદાચ' માતૃત્ત્વ પ્રાપ્ત નહીં કરી શકે એવા ડૉક્ટરના શબ્દો પછી માલતી મનીષ બંને જણ વૈશાલીની દેખભાળ વધુ કરતા હતા.

જયારે પોતાના ઘરમાં 'બા' ની વૃધ્ધાવસ્થા અને ભાઈના 'સંતાનો'વચ્ચે લોલકની જેમ ઘૂમતી વૈશાલીની પરિસ્થિતિ તેના મનને ક્યારેક ડંખતી... આના...કરતાં!!!...

''...કાકા... ઓફિસે નથી જવું ?'' પારના શબ્દોએ તેને ફરીથી વર્તમાન સમક્ષ મૂક્યો. તે રસોડામાં ગયો. બાએ સતીશને સાંત્વના આપી. પરિવારના સભ્યોએ વૈશાલીને એની માશીને દત્તક આપવાની વાતને સહેજ સ્વીકારી લીધી...

બીજે દિવસે કુટુંબીજનોની હાજરી વચ્ચે બ્રાહ્મણે મંત્રોચ્ચાર સાથે દત્તક વિધિ શરૂ કરી. એક બાજુ આનંદને બીજી બાજુ ઉદાસીનતા... અને ત્યાં જ...

બાજુની વાડીમાં ચાલી રહેલા લગ્ન ગીતની ધૂન સંભળાઈ ''બાબુલ કી દુઆંએ લેતી જા...!!! વૈશાલીનો ઉત્સાહ અચાનક મંદ પડી ગયો.... મંડપમાંથી ઉભી થઈનેએ સીધી એનાપપ્પાને ભેટી પડી... આંસુઓનો દરિયો ઉમટ્યો... ઘડીક સૌ થંભી ગયા...

'પોતાની મમ્મીની હયાતી નથી ત્યારે અને જવાબદારીઓ વહન કરવાની પાકટતા આવી રહી છે ત્યારે પપ્પાને છોડી જવું શું ખરેખર યોગ્ય છે કે પછી ત્યાં મળતી સાંત્વના અને હુંફ.

પપ્પાએ દિકરીને માથે હાથ ફેરવતાં કહ્યું. 'બેટા, બે કુળને તારે તે દિકરી... એ સાચું જ છે ને...! અને હું તને ક્યાં સાસરે મોકલી રહ્યો છું' આમેય દિકરી પારકી થાપણ... આ કહેવત થીતો તું વાકેફ જ છો ને.....! ખુશીથી જા બેટા ... તારી મમ્મીની કૂખ ઉજાળજે'' સતીશ આટલું તો માંડ બોલી શક્યો. એ માનસિક રીતે ફસડાઈ પડ્યો હતો...

કેવી હતી દિકરીની આ વિદાય....!

જમાઈ કે જાન વગરની... આંસુઓની નહીં... મૌન પ્રેમની કે જવાબદારીઓ માંથી મુક્તિની ?...સૌ પોતપોતાના વિચારોમાં ખોવાઈ ગયા... પણ ... સતીશ માટે પુત્રી વિદાયનો આ પ્રસંગ.

''દિકરીને સાસરે તો મોકલવાની જ હોય' તેથી વહેલાસર મળી જતી સાંત્વના કે પછી દીકરીને દત્તક દઈને સમયસર ચિંતામુક્ત થઈ જવું...''

આ પણ... દિલાસો જ હતો ને...!

## કન્યા વિદાય

આસો પાલવની સાક્ષીમાં
તુલસીનો છોડ;
બીજે રોપાવા જાય
મૂળસોતો!

દીકરી વળાવતી વેળા
પ્રતીતિ થઇ કે;
અલબત્ત, મંગળકારી,
પણ ફરી એકવાર
માનું મૃત્યુ થયું!

જુવાન જોધ
સંસાર ધર્મી સંવેદનાનો
સંથારો સીઝ્યો!

દીકરી જતાં
કંઇ શેષ ક્યાંથી વધે!
હાર્દિકતાના હિસાબમાંથી
સ્વયમ સરવાળો
બાદ થાય છે!

ગળે બાઝતી, પપ્પા - પપ્પા
પાડી મીઠી બૂમો;
ગળે આજે બાઝે છે
એની વિદાયનો ડૂમો!

**- કટ્ટા ભાવની લક્ષ્મીકાંત, નખત્રાણા**

# વિવિધ મસાલા

સુધાબેન એ. બુધ્ધ ભટ્ટી, ભુજ

બહેનો, કેટલાય સમયથી આપણે વૈવિધ્ય સભર વાનગીનો સ્વાદ માણીએ છીએ ખરુંને! પરંતુ આઈટમ પ્રમાણે જો તેનામાં મસાલા ઉમેરવામાં ના આવે તો તે આઈટમનું કંઈજ મૂલ્ય રહેતું નથી અથવા તો કંઈક ખૂટતું હોય એવો અહેસાસ આપણને તેના સ્વાદ માણ્યા બાદ લાગે છે. તો ચાલો, આજે આપણે આવા અનેરા મસાલાઓની વિગતો ચર્ચા કરીએ, અને આશા રાખું કે આ દરેક મસાલાઓનો બહેનો ઉપયોગ કરી એમની વાનગીઓને અનેરો ઓપ આપશે. **- લેખીકા**



### ''શાકનો મસાલો''

**સામગ્રી :-** ૧૦૦ ગ્રામ ચણાની દાળ, ૫૦ ગ્રામ સૂકા કોપરાનું ખમણ સ્વાદ અનુસાર તજ, લવિંગ, મરી, તમાલપતા, ૨૫ ગ્રામ વરીયાળી, ૧૦૦ ગ્રામ શીંગદાણા, ૨૫ ગ્રામ તલ, ૨૫ ગ્રામ ખસખસ, ૩થી ૪ સૂકા આખા મરચાં, ૫થી ૬ નંગ એલચી.

**બનાવવાની રીત :-** ચણાની દાળને કોરી જ શેકવી ગુલાબી થાય એટલે તેમને અલગ રાખી તલ તેમજ શીંગદાણાનો ભૂકો, (અધકચરો) ખસખસ, એલચી વગેરે અલગ શકેવા. થોડા તેલમાં તજ, લવિંગ, મરી વરિયાળી તેમજ મરચા શેકવા. ઠંડુ પડે એટલે ભેગુ કરી જીણું ખાંડી એક ટાઈટ ડબ્બામાં ભરી લેવું બટેટા-ટામેટાંના મિકસ શાકમાં ઉપરાંત ગ્રેવીવાળા શાકમાં આ મસાલો સારો લાગે છે.

### ''સંભાર મસાલો''

**સામગ્રી :-** ૧૦૦ ગ્રામ ચણાની દાળ, ૫૦ ગ્રામ તુવેરની દાળ, ૨૫ ગ્રામ અળદની દાળ, ૨૫ ગ્રામ ધાણા, ૨૫ ગ્રામ મરી, ૬થી ૭ નંગ લવિંગ, ૧ કટકો તજ, ૨ ટી. સ્પૂન હીંગ, ૧ ટી. સ્પૂન હળદર, ૨ ટી. સ્પૂન મેથી, ૩ ટી, સ્પૂન સુકુ કોપરું ૩૦થી ૩૫ ગ્રામ સુકા આખા મરચાં, ૪થી ૫ તમાલપતાંના પાન

**બનાવવાની રીત :-** ત્રણે દાળને ભેગી કરી ધીમે તાપે ગુલાબી રંગની શેકવી. ધાણા તથા મેથીને શેકવા. થોડા તેલમાં તજ, લવિંગ, મરી તમાળપત્તાં બધુ કરી શેકવું. આ દરેક વસ્તુને જીણી પીસી તેમાં હીંગ હળદર મિકસ કરી એક ટાઈટ બરણીમાં ભરવું. સંભાર બનાવતી વખતે તુવેરની દાળ બાફી જોઈતું પાણી નાખી ઉકાળવું. ઉપરોકત મસાલો દાળના માપ પ્રમાણે એટલે કે સ્વાદનુસાર નાખી મીઠું, આમલી બટેટા, કાંદા, દૂધી, ટામેટાં, સરગવાની શીંગ વિગેરે... નાખી સંભાર બનાવવું.

### ''ચાટ મસાલો''

**સામગ્રી :-** ૧૦૦ ગ્રામ આખા લાલ મરચાં, ૧૦૦ ગ્રામ જીરું, ૧૦૦ ગ્રામ ધાણા, ૧૦૦ ગ્રામ આંબોળિયાનો ભૂક્કો, ટી. સ્પૂન સંચળ, ૧ ટી સ્પૂન કાળા મરી, મીઠું સ્વાદનુસાર.



**બનાવવાની રીત :-** ધાણાજીરુને અલગ શેકયા બાદ બધી જ સામગ્રીને ભેગી કરીને જીણું પાઉડર જેવું પીસવું અને ત્યાર બાદ બોટલમાં ભરી લેવું.

### ''પાઉંભાજીનો મસાલો''

**સામગ્રી :-** ૧૦૦ ગ્રામ ધાણા, ૫૦ ગ્રામ જીરું, તમાલપત્તાં, ૫થી ૬ નંગ એલચી લવિંગ, મરી, ૧૦ ગ્રામ સૂંઠ, ૧૦ ગ્રામ મેથી, ૨૫ ગ્રામ વરિયાળીનો ભૂક્કો, ૨ ટી સ્પૂન આમચૂર પાવડર, હળદર, હીંગ, ૨ ટી. સ્પૂન અનારદના દાણા, ૬થી ૭ નંગ લાલ આખા મરચાં.

**બનાવવાની રીત :-** વરિયાળીનો ભૂક્કો, આમચુર પાવડર, હળદર, હીંગ તથા સૂંઠને અલગ રાખીને બાકી દરેક મસાલાને થોડુ તેલ લઈ અલગ શકેવા. શેકાઈ ગયા બાદ બધુ ભેગુ કરી ઠંડું પડે એટલે તેમાં અલગ રાખેલ મસાલો ઉમેરી જીણું પીસવું અને બરણીમાં ભરી લેવું.

### ''જીરાળુ''

**સામગ્રી :-** ૨૫૦ ગ્રામ સિંધવ(એક પ્રકારનું મીઠુ), ૩૦ ગ્રામ; જીરું, ૧ ટી, સ્પૂન; સૂંઠ, ૧ ટી સ્પૂન; સફેદ મરચું, ૩ ટી સ્પૂન; સંચળ, પ્રમાણસર હીંગ-હળદર.

**બનાવવાની રીત :-** ઉપરોકત દરેક સામગ્રીને ભેગી કરી જીણું પાવડર જેવું પીસવું અને બરણીમાં

ભરી લેવું. ખાખરા, મસાલાવાળી પુરી વગેરેમાં જીરાળુ સારું લાગે છે. ગરમીના દિવસોમાં છાશમાં પણ નાખી શકાય છે.

### "લસણીયું મસાલો"

**સામગ્રી :-** ૧૫૦ ગ્રામ સુકુ લસણ, ૭૫ ગ્રામ સુકુ કોપરું, ૧૦૦ ગ્રામ સુકા આખા મરચાં, ૫૦ ગ્રામ શીંગદાણા, ૫૦ ગ્રામ તલ, ૫ ગ્રામ અનારદના દાણા અથવા ચપટી લીંબુના ફૂલ, તેલ.

**બનાવવાની રીત :-** શીંગદાણા, તલ, કોપરું, લાલ મરચા, લસણ (લસણને ફોલી તેની કળીઓને તેલમાં શેકવી) અનારદાના આ દરેક વસ્તુને અલગ શેકી જીણુ પીસી મીઠું મિક્સ કરી બરણીમાં પેક કરવું.

### "મહારાષ્ટ્રીયન મસાલો"

**સામગ્રી :-** ૨૫૦ ગ્રામ સૂકા ધાણા, ૫૦ ગ્રામ સુકું કોપરું, ૫૦ ગ્રામ સૂકા આખા મરચાં, ૨૫ ગ્રામ તલ, ૨૦ ગ્રામ ખસખસ, ૫ ગ્રામ તજ, ૫ ગ્રામ લવિંગ, ૫ ગ્રામ મરી, ૧ ગ્રામ એલચી, ૩થી ૪ ગ્રામ દગડફુલ, ૩થી ૪ ગ્રામ વરિયાળી, ૩થી ૪ ગ્રામ નાગર ઉસર, ૩થી ૪ ગ્રામ જાવેત્રી, તમાલપત્તાંના પાના ૩થી ૪ ગ્રામ ૧/૨ જાયફળ ૫૦ ગ્રામ તેલ, ૧/૨ પીસ હીંગ, થોડી હળદર, ૫ ગ્રામ શાહજીરું

**બનાવવાની રીત :-** તલ, ખસખસ તેમજ શાહજીરુંને અલગ શેકવા. ત્યાર બાદ તેલમાં ઉપરોકત દરેક મસાલા અલગ અલગ શેકવા. ઠંડા પડ્યા બાદ બધું મિકસ કરી પાવડર જેવું પીસવું. તૈયાર થઈ જાય એટલે બરણીમાં ભરી લેવું. આ મસાલો બાકરવડી, દાળ, શાક તેમજ અન્ય ફરસાણમાં પણ વાપરી શકાય છે.

### "ચાનો મસાલો"

**સામગ્રી :-** ૨૦ ગ્રામ એલચી, ૧૫ ગ્રામ તજ, ૧૫ ગ્રામ મરી, ૧થી ૮ લવિંગ, ૧૦ ગ્રામ સૂંઠ, ૧૦ ગ્રામ પીપરમેન્ટના ગઠોળા.

**બનાવવાની રીત :-** ઉપરોકત બધો મસાલો ભેગુ કરી પાવડર જેવું પીસી બરણીમાં પેક કરવું.

## *જીવનનાં મહત્વ*

**કવિતા - ૧**

સૂરજ ઊગ્યો સવાર થઇ
સૂરજ આથમ્યો સાંજ થઇ
સૂરજ ઊગે આથમે તેના
સમયને જાણવાથી વધારે
મહત્ત્વનું એ છે કે,
તમે તેટલા સમયનો
કેટલો સદ્ઉપયોગ કર્યો.

**કવિતા - ૨**

મને એમ કે સવાર પડી
ઊઠીને જોયુ તો સાંજ હતી
ભૂલથી સાંજને સવાર સમજી જાગી
જીવનમાં એ પણ મહત્ત્વની હતી.

**રંજનબહેન મગનભાઈ બારમેડા,**
**રાયપૂર (છ.ગ.)**

## શાહી પનીર સબ્જી

**નીતાબહેન જગદીશભાઈ બગ્ગા**

**સામગ્રી :** ૨ નંગ ડુંગળી, ૨ નંગ ટમેટા, ૪ ચમચા તેલ, ૩ થી ૪ લવિંગ, ૧ ચમચી આદુલસણની પેસ્ટ, ૧ ચમચી ગરમ મસાલો, ૧ ચમચી લાલ મરચું, ૧ ચમચી કાજુનું પાવડર, ૨ ચમચા દહીં, ૧/૨ ચમચી ઈલાયચી જાયફળનું પાવડર, ૧ ચમચી ખાંડ, ૧ ચમચી મલાઈ, ૧ ચમચી કેવળાનો એસેંસ, ૧ ચમચી દૂધમાં કેસર પલાળેલું, ૧૦૦ ગ્રામ પનીર, સ્વાદ અનુસાર મીઠું, ૧ ક્યુબ ચીઝ

**રીત :** સૌ પ્રથમ ડુંગળી બાફી લો. ઉકળતાં પાણીમાં ટમેટાં બાફી લો. ઉકળતાં પાણીમાં પનીર બાફીલો. એક કળાઈમાં ચાર ચમચા તેલ નાખો. તેલ ગરમ થતાં ૩ થી ૪ લવિંગ ઉમેરો.



પિસેલી ડુંગળી રંધાઈને ગુલાઈ થાય એટલે ૧ ચમચી આદુ લસણની પેસ્ટ ઉમેરો. થોડુંક સંતાપો તે પછી ટમેટાની પ્યુરી ઉમેરો. તેલ છૂટું થાય ત્યારે ૨ ચમચા દહીં ઉમેરો, ૧ ચમચી ગરમ મસાલો, સ્વાદઅનુસાર મીઠું, ૧/૨ ચમચી એલસી જાયફરનો ભૂકો ઉમેરો, ૧ ચમચી ખાંડ, ૧ ચમચી મલાઇ, ૧ ચમચી કાજુ પાવડર અને લાલમરચું ઉમેરો. દૂધમાં પલાળેલું કેસર ઉમેરો, રંધાય પછી બાફેલા પનીર ઉમેરો. ગેસ બંધ કર્યા પછી ૧ ચમચી કેવળાનો એસેંસ ઉમેરો. શાક હલાવી લો. પીરસતી વખતે શાક ઉપર ચીઝનું ખમણ કરો.

# પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

**ગત અંકમાં પુછાયેલ પ્રશ્નોના જવાબો**

(૧) અશોક ગહેલોત (૨) યુસુફ રજા ગીલાની
(૩) અવિકા ગોર

**સાચા જવાબ મોકલનાર મિત્રો છે.**

(૧) મૈત્રીબેન મહેશકુમાર છત્રાળા - અંજાર
(૨) રીટા જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી - ભુજ
(૩) સરોજ કિશોરભાઈ પોમલ - ભુજ
(૪) છત્રાળા દામિની એન. -અંજાર
(૫) જલ્પા આઈ. સોની - માંડવી

**જે પૈકી રીટા જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી ભુજ ભાગ્યશાળી વિજેતા જાહેર થયેલ છે. તેમને રૂ. ૧૦૧/- નું ઈનામ પ્રભુકૃપા જ્વેલર્સ અંજાર તરફથી મોકલાવી આપવામાં આવશે. અભિનંદન**

**હવે આ અંક ના સવાલો છે**

**(૧) ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન કોણ હતા ?**
(A) જવાહરલાલ નહેરૂ (B) સરદાર વલ્લભભાઈ પટેલ
(C) ડો. રાજેન્દ્ર પ્રસાદ

**(૨) નીચેના પૈકી ક્યું ભારતનું 'રાજ્ય' નથી ?**
(A) સિક્કિમ (B) ઉત્તરાંચલ(C) દીવ

**(૩) હાલમાં ક્યા ભારતીય સંગીતકાર ઓસ્કાર એવાર્ડ માટે નોમીનેટ થયા છે ?**
(A) એ.આર. રહેમાન (B) શ્યામ બેનેગલ
(C) હિમેશ રેશમીયા

આપના જવાબો તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં જ્ઞાતિસેતુ કાર્યલય ખાતે મોકલવા વિનંતી છે. સાચા જવાબ આપનાર ભાગ્યશી વિજેતાને **પ્રભુકૃપા જ્વેલર્સ, અંજાર** તરફથી **રૂા. ૧૦૧/-** મનીઓર્ડરથી મોકલાવી આપવામાં આવશે.

**- અતુલ સોની**

---

## હચ મચ હાબુડી

સાંભળ તું જાંબુડી
દિવસે પછી રાત જાંબુ દે સાત
વાહ વાહ રે જાંબુડી
અને હું ન આબુજા
જાબુડી છે.... લુચ્ચી
ઊગી બહુ ઊંચી
ઊચી ઉચી અજેડી
મે તો ગાગા ઝેડી
ઝઝ ડોને સીધા
સાત જાંબુ લીધા
ખિકોતો આવે
તેને જાંબુભાવે
આવી હતી આજે
જાંબુ ખાવાકાજે
મે કહ્યું બાપું?
જાંબુ ક્યાંથી આપું
સાત જાંબુ સીધા
ચકાએ લઈ લીધા વાત એમ છે કે
જાબું નથી એક્કે

## બળતા બપોરમાં

બળતા બપોરમાં, વાતા વંટોળમાં,
રાયણની કોકડી ખઇ,
હાંરે અમે વનમાં ભટકતા ભઇ?

બળતા બપોરમાં, વાતા વંટોળમાં
કેરી ચૂરીયા ખઇ,
હાંરે અમે વનમાં ભટકતા ભઇ?

બળતા બપોરમાં, વાતા વંટોળમાં
વડલાને છાંયડે જઇ,
હાંરે અમે ખાતા'તા રોટલાને દહીં?

બળતા બપોરમાં વાતા વંટોળમાં
નાના ગોવાળિયા થઈ,
હાંરે અમે પાવી વગાડતા ભઇ?

બળતા બપોરમાં વાતા વંટોળમાં
નાના ગોવાળિયા થઇ,
હાંરે અમે નાચતા તાતા થૈ!!

## અરરર માડી... તમે ના પાડી ...

અરરર માડી,
તમે ના પાડી.
મારા બચ્ચાં નાનાં,
રાખું કેમ છાનાં?
એને લાગી ભુખ,
એનું મારે દુઃખ
હવે ક્યાં જઇશ?,
બચ્ચાંને શું દઇશ?
ચકલી બહેન આવે તેને,
જાંબુ ભાવે
આવી હતી આજે,
જાંબુ ખાવા કાજે
મે કહ્યું બાપુ,
જાંબુ ક્યાથી આપું?
સાત જાંબુ સીધા
ચકાએ લઇ લીધા
વાત એમ છે કે
જાંબુ નથી એકકે

**પોમલ ઈશા પ્રદીપભાઇ**



## રીનુ જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી

હાલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે.પ્રથમ વર્ષમાં ફસ્ટક્લાસ B.E. Computers Engineering માં આગળ વધી રહી છે.તેમને જ્ઞાતિજનો,સગાસ્નેહી તેમજ બુધ્ધભટ્ટી પરિવાર તથા જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી ખૂબખૂબ અભિનંદન ઉત્તરોતર પ્રગતિના પંથે આગળ વધો તેવી શુભેચ્છા



## દુલારી જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી

ભૂજનાં સોની જગદીશચંદ્ર બુધ્ધભટ્ટીની પુત્રી ચિ.દુલારી ધો.૧થી૧૦ માતૃછાયા તેમજ ૧૧થી૧૨ ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલમાં ત્યારબાદ ગુજરાત નિરમા યુનિર્વસિટીમાં B.E.th Computer Engineeringનો અભ્યાસ પુર્ણ કરી હાલ અમેરિકા(ટિક્સાસ ઓફડેલ્લાસ)યુનિર્વસિટીમાંઉચ્ચ અભ્યાસ કરી રહી છે.ભણતરની સાથેસાથે ઈતર પ્રવૃતિઓમાં પણ હંમેશા ભાગ લીધો છે. પ્રથમ ધોરણથીજ હંમેશા પ્રથમ નંબર મેળવતી રહી છે. તેને ઉચ્ચ અભ્યાસમાંઝળઝળતી સિધ્ધિ મળે તેવી શુભેચ્છા, જ્ઞાતિ, તેમજ પરિવારજનો તેમજ 'સેતુ પરિવાર'ના ખૂબખૂબ અભિનંદન.



## સોની જાગૃતી પ્રકાશકુમાર

હૈદાબાદ સ્થિત ICFAI કોલેજમાં MBA ના અભ્યાસ કરતી સોની જાગૃતી પ્રકાશકુમાર (માનકુવા) ફર્સ્ટ સીમેસ્ટર ૯.૫૭ ગ્રેડ સાથે પાસ કરેલ છે. તેઓ કોલેજ ના પ્રથમ પાંચ વિદ્યાર્થીઓમાં સ્થાન ધરાવે છે. **તેમની આ સિધ્ધિ બદલ કોલેજ તરફથી રૂા. ૭૫૦૦૦/- ની સ્કોલરશીપ આપવામાં આવેલ છે.** કુ. જાગૃતિ સોની ને સેતુ પરિવાર ના હાર્દિક અભિનંદન



## સોની પ્રણાલી અતુલકુમાર

સોની પ્રણાલી અતુલકુમાર (અમદાવાદ) એ ચાર્ટડ એકાઉન્ટન્સીના કોર્ષની Common Profeciency Test (CPT) પ્રથમ પ્રયાસે પાસ કરેલ છે. કુ. પ્રણાલીને જ્ઞાતિ સેતુ પરિવારના હાર્દિક અભિનંદન



## દિના ગીરીશભાઈ સોની

દિના ગીરીશભાઈ સોની (અમદાવાદ) ડીપ્લોમાં આર્કીટિકટ, ગર્વમેન્ટ પોલીટેકનીક - વડનગર, Last Semesterમાં ૮૫% માર્ક મેળવી ઉર્તીણ થયેલ છે.



## કુ. નેહા પરેશકુમાર કંસારા

કુ. નેહા પરેશકુમાર કંસારાએ ચાર્ટડ એકાઉન્ટન્સીની ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં પ્રથમ પ્રયાસે ઝળકતી સફળતા મેળવી છે. કુ. નેહાના પિતાશ્રી પરેશકુમાર કંસારા દિલ્હી મધ્યે સુચના અને પ્રસારણ વિભાગમાં કાર્યરત છે. કુ. નેહાના માતુશ્રી હર્ષાબેન દિલ્હીમાં ગવર્નમેન્ટ શાળામાં અધ્યાપિકા છે. પરેશકુમાર મૂળ કચ્છના વતની છે. તેઓ 'સેતુ' ના ચાહક છે.

કુ. નેહાએ એના કોલેજ અભ્યાસ દરમ્યાન યુનિવર્સિટી કક્ષાએ બાસ્કેટ બોલ આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લીધેલો અને કોલેજ તરફથી એનું સન્માન મળેલ હતું.

કુ. નેહા એની શૈક્ષણિક કારકિર્દી તેમજ રમતગમત ક્ષેત્રે ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા સાથે 'સેતુ પરિવાર'ના હાર્દિક અભિનંદન.



## મનન ગીરીશભાઈ સોની

મનન ગીરીશભાઈ સોની (અમદાવાદ) ધો. ૪માં સ્કુલ : સ્પોર્ટમાં ગોલ્ડ મેડલ મેળવવા બદલ જ્ઞાતિ સેતુ પરિવારના હાર્દિક અભિનંદન



## હેમાંગ નરેન્દ્રકુમાર સોની

શ્રીમતી નિરંજનબેન અને નરેન્દ્રકુમાર મગનલાલ સોની, સેક્ટર - ૩એ, ન્યુ પ્લોટ નં. ૧૧૯/૧, ગાંધીનગર સુપુત્ર ચિ. હેમાંગ સોની Software Engineer તરીકે Robert Bosch Engineering Company Banglore ખાતે નોકરી કરે છે. તે ૨૪-૧-૨૦૦૯ના રોજ કંપની તરફથી Stuttgert શહેર Germany ખાતે આશરે ત્રણ માસ માટે કંપની તરફથી Deputation ઉપર ગયા છે. ચિ. હેમાંગને એની કારકીર્દીમાં ઝળકતી સફળતા મેળવવા બદલ 'સેતુ - પરિવાર'ના હાર્દિક અભિનંદન.

# 'સ્વર્ણિમ સમાજ' વિશેષાંક

★

વિ.જણાવવાનું કે જ્ઞાતિસેતુનો સ્વર્ણિમ દિવાળી અંક મળ્યો. જોઈને આનંદ થયો.

મુખપૃષ્ઠની ડિઝાઈન, ઉપર શબ્દોનાં મોતી. અને સૌથી વિશેષ ગુજરાતી સંસ્કૃતિ અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો(ગુજરાત રાજ્યના) વહાલા શબ્દ 'સ્વર્ણિમ-સમાજ'નો યોગ્ય સ્થાને યોગ્ય ઉપયોગ થયો. એકજ બેઠકે યોગ્ય સ્થાને પૂરો અંક જોઈ ગયો.

મુખપૃષ્ઠ સાથે ગ્લેઝ પેજ, ૩૬ - સાદા પેઝ, ૧૩૨ - લેખ, ૫૯ - ફોટા નાનામોટા, ૧૯૧ - જાહેરાતો ટોટલ. ૧૧૨, શુભ પેપર, સ્વસ્છ છપાઈકામ, તેમજ પ્રૂફરીડિંગ. આ બધું જોઈને ખરેખર હું ગદ્‌ગદ્‌ થઈ ગયો. એકંદર. 'ચિત્રલેખા'. 'જી'. કે ઈન્ડિયા ટૂડે' જેવા માતબર મેગેઝિનોની કક્ષામાં ગણતરી થાય તેવું. 'જ્ઞાતિસેતુ'નાં અને આપ સર્વેની કયા મોઢે પ્રસંશા કરવી. ખરેખર કોઈ શબ્દો નથી મળતા. ધન્યવાદ, અભિનંદન, શાબાસ, પ્રણામ.

પુરા ભારત દેશમાં ૪૬ જાતિના સોનીઓ છે અને તેમાં સેંકડો 'જ્ઞાતિમાસીકો' નીકળે છે તેમાંનાં થોડા મારી પાસે આવે છે. ઘણાં જોવા પણ મળે છે, પરંતુ આપણું મુખપત્ર જોઈને હું ખૂબજ પ્રભાવિત થયો છું. જયારથી મને સુંદર 'જ્ઞાતિસેતુ' મળે છે ત્યારથી જ મને તેની ડિઝાઈન, કલર, ઘણી જ માવજત હોય છે અને સારા લેખો વગેરે મને ગમે છે.

અંતમાં ભારતમાં તેમજ પરદેશમાં વસતા સર્વે જ્ઞાતિ ભાઈઓને મારી આગ્રહ ભરી અપીલ છે કે આપણા દરેક ઘરમાં 'જ્ઞાતિસેતુ' આવવું જ જોઈએ. અસ્તુ

**લી. બાબુભાઈ એન સોની , પ્રમુખ**
**મુંબઈ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ**

★★

આપના તરફથી પ્રગટ થતો દરેક અંક વાંચવાલાયક હોય છે, 'સ્વર્ણિમસમાજ' શીર્ષક હેઠળનો દિપોત્સવી અંક, ખરેખર વાંચવાલાયક હતો. જ્ઞાતિસેતુમાં પ્રસ્તુત થતી 'ભાવતાં ભોજન'ની વાનગી વાંચી ઝપપટ બનાવવાનું મન થાય છે. સુધા બુધ્ધભટ્ટીને ખાસ વિનંતી કે તેઓ ફકત વાનગી નહીં, પરંતુ વાનગીને લગતી બીજી પણ રસભર માહિતી આપે તો અમારા જેવી બહેનોને વધારે ઉપયોગી થશે.

**જાનકી. જી. બારમેડા.**

★★★

તમારો જ્ઞાતિસેતુનો દીવાળી અંક વાંચવા મળ્યો. તેમાં સમાજના પ્રતિભાશાળી વ્યક્તિઓના પરિચય લેખો વાંચી આનંદ અને ગૌરવ અનુભવું છું. આપણા કંસારા સમાજમાં પણ આવી પ્રતિભાશાળી શક્તિઓ છે. તેમના વિશેના લેખો લખી તમો સમાજની બીજી વ્યક્તિઓને પ્રેરણા મળે એ રીતે સુંદર કાર્ય કર્યું તે બદલ આપ સર્વે સભ્યોને હાર્દિક અભિનંદન. જ્ઞાતિસેતુ દર બે માસને બદલે દર માસે પ્રગટ થાય એવી શ્રી કૂળદેવી મહાકાળી માતાજીને અમારી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના

શ્રી માતાજી સમસ્ત કંસારા સમાજને સુખ-શાંતિ-ઐશ્વર્ય-નિરામય અર્પે એજ આપના સહકારની અપેક્ષા

**અશોકકુમાર મણિલાલ કંસારા, સુરત**

★★★★

જ્ઞાતિસેતુના દિવાળી અંકે સ્વર્ણિમસમાજના એકમેકને ઓળખવાના મંત્રને મૂર્તિમંત કર્યો છે. આપણા પૂર્વજોનો ભવ્ય ભૂતકાળ જાણી છાતી ગજગજ ફૂલે એ સ્વાભાવિક છે. આપણી જ્ઞાતિના કચ્છ, રાયપુર, મુંબઈ, અમદાવાદ, વડોદરા, સાંગલી, દિલ્લી, પૂના જેવા દેશના ખૂણેખૂણામાં વસી જ્ઞાતિની અમૂલ્ય સેવા કરનારા જ્ઞાતિ રત્નોના જીવનની સ્વર્ણિમ ઝરમરમાં આપણે ઘણું શીખ્યા જાણ્યું અને એમના જીવનમાંથી જે પ્રેરણાનો અખૂટ ધોધ વહેતો થયો છે જે ઉગતી પેઢીને પણ જ્ઞાતિ માટે કશુંક કરી છુટવાની પ્રેરણા આપતો રહેશે. યુવાધન આર્ટીકલમાં યુવા પરિચય સારો રહ્યો. બહેનો પણ પોતાની સકસેસ સ્ટોરીઝ મોકલે અને પ્રગતિના પંથે અનેકના રાહબર બને, પ્રગતિશીલ મહિલાઓ વિશેનો એકતા કટ્ટાનો લેખ અંજલી જેટલો જ છે. સાગરની અપેક્ષા સેવીએ છીએ. નીલેશ બુધભટ્ટીના લેખમાં રૂપિયાનો રણકાર સંભળાય છે. જુદાજુદા જ્ઞાતિમંડળ, મહિલામંડળ અને યુવકમંડળની પ્રવૃત્તિઓ અને ભાવિ આયોજનની માહિતી એક સાથે આપના માટે સેતુને અભિનંદન....

સુમનભાઇ ગોરબાપાએ આપેલ ''સમાજની સાંકેતિક વિધિઓનું મહત્વ'' લેખ દરેક દંપતીએ યાદ રાખવા જેવો છે. પ્રવિણચંદ્ર બગ્ગાના લેખમાં પૂર્વજોનો ઈતિહાસ અને ઋષિઓની વિભિન્ન અટકોની માહિતી રસપ્રદ રહી. હરીભાઇ વીશાપરમારનો સ્વનિર્ભરતા લેખથી પાર્ટ ટાઈમ કામ ઘરમાંપણ બહેનો મળી રહે એવી આશા બંધાઈ.

આ સિવાયના બીજા લેખ પણ સારા રહ્યા. પણ ખાસ બાબત નોંધી કે સ્વર્ણિમ સમાજના ઘડવૈયામાં ભાઇઓ સાથે બહેનો વિશે પણ પ્રકાશ પડાયો હોત તો? સેતુના અંકમાં વધુને વધુ માહિતી મળતી રહેશે. ''સ્વર્ણિમ સમાજના ઘડવૈયા'' જેનો બીજો વિશેષાંક ખાસ રોજગારી અને સ્વરોજગાર બહેનો માટે પણ પ્રગટ કરવા વિનંતી.

**- લતાબહેન આઈ. સોલંકી, ભુજ**

આપણા સમાજની શિક્ષિત મહિલાઓને તેમજ મહિલા મંડળ કાર્યકર્તાઓને ફરી એક વાર વિનંતી છે કે તેઓ એમની આસપાસ અથવા જાણમાં હોય તેવી સામાન્ય થી કંઈક 'વિશેષતા પ્રાપ્ત મહિલા'ની વિગતો મેળવી પ્રકાશન હેતુ એમની અનુમતિ સાથે અવશ્ય મોકલે. **- મુખ્ય તંત્રી**

★★★★★

સિકંદરાબાદથી લિ. પ્રાણલાલનાં વંદન. જત જણાવવાનું કે દિવાળી પહેલાં તમે અહીંના આપણા સમાજનાં ઘરો અને વસતિ વગેરેની વિગતો મગાવી હતી. જે તમારે ઓક્ટોબર - નવેમ્બર ૨૦૦૮ 'જ્ઞાતિસેતુ'ના સ્વર્ણિમ સમાજના અંકમાં એકબીજાની ઓળખાણ અથવા માહિતી હેતુસર મગાવેલી. સ્વર્ણિમ સમાજમાં જ્ઞાતિસેતુમાં અહીંના સમાજના બે ઘરનાં નામ સુધારવા વિનંતી છે.

(૧) શાંતિલાલ વેલજીના બદલે કાંતિલાલ વેલજી (કલકત્તાવાળા)

(૨)હર્ષદકુમાર છગનલાલના બદલે અશોકકુમાર છગનલાલ સોની (રાયપુરવાળા)

બીજું અમે તમને એ પ્રમાણે જણાવ્યું હતું કે કોઈ પણ સમાજના વ્યક્તિ આવે તો તેના મુખમાં પહેલું નામ 'પ્રાણલાલભાઈ તથા તેમના ભાઈઓનું નામ અવશ્ય હોય છે.' આવા લખાણથી અમારા આપસ આપસમાં Misunderstanding થાય છે. **અહીં આવનારી આપણા સમાજની વ્યક્તિઓ પોતપોતાના સંબંધીના પ્રથમ સંર્પકમાં આવે છે અને પછી પોતાના સમાજની અન્ય વ્યક્તિઓને મળે છે અને આનંદ કરે છે.** સૌ અહીંના સમાજની પોતપોતાની સારી ઓળખાણ-પિછાણ અને સારા સંબંધો ધરાવે છે માટે મારા જ નામની પ્રાથિમકતા ન આપી શકાય. બની શકે તો બીજા અંકમાં ઉપરોક્ત બાબતનો સુધારો કરવા વિનંતી છે.

**લિ. પ્રાણલાલનાં વંદન**

> આપે ઉલ્લેખીત 'તંત્રી નોંધ' માત્ર આપના પરિવારના ત્યાંના લાંબા ગાળાના વસવાટ સંદર્ભેજ છે. કચ્છ તેમજ અન્યત્ર વસતા આપણી જ્ઞાતિના સર્વે પરિવારો 'સેતુ' માટે સર્વથા સન્માનીત છે અને રહેશે, જેની ખાત્રી રાખવા વિનંતિ. **- મુખ્ય તંત્રી**

★★★★★★

પરમ પૂજય ગોમતીબાઈની કચ્છ-બિદડામાં તા- ૧૪/૧૫/૧૬/- જાન્યુ૨૦૦૪ને રોજ શતાબ્દી મનાવી અને ત્યાંના વિગતવાર હર્ષોઉલ્લાસના સમાચાર જાણી અમને આનંદ થયો વળી નાની સરખી અમારી યાદગીરી સાથેના વાતસલ્યપ્રેમનો પરિચય આપેલ તે પણ વાંચીને અમને ઘણો જ આનંદ આવ્યો.

અમારા આ સંભારણાની યાદી તાજી કરી દરેક જ્ઞાતિ-બંધુઓને જ્ઞાતિસેતુ મારફત વડીલ શ્રી હંશરાજભાઈ કંસારાએ ઓળખાણ કરાવી તે બદલ તેમનો ઘણો જ ઘણો જ આભાર દર્શાવું છું.

**- પ્રાણલાલ કંસારા, સિકંદરાબાદ**

★★★★★★★

આ શ્રી હંસરાજભાઈ તંત્રી શ્રી "જ્ઞાતિસેતુ" સવિનય કે જણાવવાનું કે આપે "જ્ઞાતિસેતુ" દ્વારા અમારા પૂ.ગોમતીબાઈના જન્મશતાબ્દી મહોત્સવ પ્રસંગે જે પ્રેમ પૂર્ણ સહકાર આપ્યો તે બદલ આ પત્ર દ્વારા અમે સૌ આશ્રમ વાસી અને પૂ. ગોમતીબાઈના ભક્તો આપને હ્રદયપૂર્વક આભાર માનીએ છીએ.

**સાધનાશ્રમ અને પૂ. ગોમતીબાઈ**ના ભક્તો વતી.

## જ્ઞાતિસેતુ પરિવારના નવા સભ્યો

| | | |
|---|---|---|
| ૧. | ચેતન પ્રાણલાલ બીજલાણી | (થાણા) |
| ૨. | મોહનલાલ જાદવજી બુદ્ધભટ્ટી | (નલીયા) |
| ૩. | મગનભાઈ અમરશી પોમલ | (મોરબી) |
| ૪. | મહેશ કેશવજી પોમલ | (ભુજ) |
| ૫. | ધીરજલાલ રામજી સોની | (ભુજ) |
| ૬. | પ્રવીણ ટોપણદાસ બુદ્ધભટ્ટી | (ભુજ) |
| ૭. | હરીશ પ્રભુલાલ બુદ્ધભટ્ટી | (ભુજ) |
| ૮. | રમેશ જટાશંકર બુદ્ધભટ્ટી | (ભુજ) |
| ૯. | હીરાલાલ જટાશંકર બુદ્ધભટ્ટી | (ભુજ) |
| ૧૦. | રાજેષ મગનલાલ બુદ્ધભટ્ટી | (ભુજ) |
| ૧૧. | કિશોર વલ્લભદાસ હેડાઉ | (નાગલપુર) |
| ૧૨. | જીવરામ કેશવજી પોમલ | (રામપરવેકરા) |
| ૧૩. | દયારામ હંસરાજ બીજલાણી | (ભુજ) |
| ૧૪. | પ્રિતીબહેન બગ્ગા | (ભુજ) |
| ૧૫. | ભૂપેન્દ્ર કાંતીલાલ બુદ્ધભટ્ટી | (ભુજ) |
| ૧૬. | પ્રવીણ દામજી પોમલ | (માધાપર) |
| ૧૭. | મોહનલાલ મનજી પોમલ | (કોઠારા) |
| ૧૮. | જેઠાલાલ કલ્યાણજી પોમલ | મુ.પો. લુડવા |
| ૧૯. | ઉમેદ દામજી પોમલ | (ભુજ) |
| ૨૦. | ઈશ્વરલાલ સુંદરજી પોમલ | (ભુજ) |
| ૨૧. | કાન્તિલાલ મનજી પોમલ | (કોઠારા) |
| ૨૨. | અરવીંદ રામજી બારમેડા | (સુખપર) |
| ૨૩. | યોગેશ નવિનચંદ્ર ચૌહાણ | (નવી દૂધઈ) |
| ૨૪. | પ્રવિણ કુંવરજી બારમેડા | (ભુજ) |
| ૨૫. | મહેન્દ્ર શિવલાલ બુધ્ધભટ્ટી | (ભુજ) |

# જ્ઞાતિ સેતુ આજીવન લવાજમ વ્યવસ્થા ઉપલબ્ધ

**અનેક વાંચકોની માંગણી અનુસાર હવેથી જ્ઞાતિ સેતુ પરિવારના આજીવન સભ્યપદ વ્યવસ્થા નીચે મુજબ કરવામાં આવેલ છે**

| | |
|---|---|
| આજીવન લવાજમ | રૂા. ૧૫૦૦/- |
| ત્રણ વર્ષનું લવાજમ | રૂા. ૩૦૦/- |

**વાંચકોને આજીવન સભ્યપદ મેળવી લેવા અનુરોધ છે. જે વાંચકો આજીવન સભ્ય થવા ન ઈચ્છે તેઓ રૂા. ૩૦૦/- મોકલી ત્રણ વર્ષ સુધી નિયમીત ઘેરબેઠાં જ્ઞાતિસેતુનો દ્વિમાસિક અંક મેળવી શકે છે.**

## જ્ઞાતિસેતુ પ્રકાશન વિતરણ વ્યવસ્થા

જાન્યુઆરી, માર્ચ, મે, જુલાઈ, સપ્ટેમ્બર અને નવેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં જ્ઞાતિસેતુનો અંક અમદાવાદથી પોસ્ટ દ્વારા મોકલી દેવામાં આવે છે. આમ છતાં અમારા ધ્યાનમાં આવેલ છે કે કેટલાંક સભ્યોને સમયસર અંક મળતા નથી અથવા કેટલાક સભ્યોને એક અંક મળે છે તો બીજો અંક મળતો નથી. આપને જ્ઞાતિસેતુનો અંક સમયસર મળતાં ન હોય તો એક પોસ્ટકાર્ડ દ્વારા જ્ઞાતિસેતુ કાર્યાલયને આપના પુરા સરનામાં પીનકોડ નંબર સાથે લખીને જણાવવા વિનંતી છે.

## જ્ઞાતિસેતુ રીન્યુઅલ લવાજમ ભરવા બાબત

જ્ઞાતિસેતુનું વાર્ષિક લવાજમ **રૂા. ૧૦૦/-** છે. દર વર્ષે **રૂા. ૧૦૦/-** લવાજમ સ્વરૂપે ભરવાના હોય છે. અમારા ધ્યાન પર આવેલ છે કે ઘણા સભ્યો દ્વારા રીન્યુઅલ લવાજમની રકમ જમા કરાવવાનું રહી જાય છે. 'જ્ઞાતિસેતુ' બિન વ્યવસાયી ધોરણે સમસ્ત સમાજના મુખપત્ર રૂપે હોઈ તાત્કાલીક કોઈ પણ સભ્યનું સભ્યપદ રદ કરી જ્ઞાતિસેતુ મોકલવાનું બંધ કરવામાં આવતું નથી. દરેક સભ્યને તા. ૩૧-૩-૨૦૦૯ સુધીની બાકી રહેલ રકમ પત્ર દ્વારા જણાવવામાં આવેલ છે. અમોને આનંદ છેકે મોટા ભાગના સભ્યોએ બાકી રહેલી રકમ ભરી આપેલ છે. હજુ પણ કેટલાંક સભ્યોની બાકી રહેલ લવાજમની રકમ અમોને મળેલ નથી. આથી સર્વે સભ્યોને આગ્રહ ભરી વિનંતી છે કે લવાજમની બાકી રહેલી રકમ તાત્કાલીક **૩૧-૩-૨૦૦૯** સુધીમાં જ્ઞાતિસેતુ કાર્યાલય અમદાવાદ અથવા નીચે જણાવેલ સ્થળે જમા કરી પહોંચ મેળવી લેવા વિનંતી છે. ત્યારબાદ જેમની લવાજમની રકમ બાકી હશે તેમને 'જ્ઞાતિસેતુ' મોકલવાનું ના છુટકે બંધ કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી છે.

હવેથી ત્રણ વર્ષનુ લવાજમ રૂા.૩૦૦/- થી આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/- ભરી શકાશે આપની લવાજમની બાકી રહેતી રકમની માહિતી શ્રી જયમીનભાઈ સોની પાસેથી મેળવી શકાશે.

## જ્ઞાતિસેતુ માટે જાહેરાતના દર

| | | |
|---|---|---|
| કવર પેજ - ૨ ( મલ્ટી કલરમાં) | અંદર આખું પાનું (મલ્ટી કલરમાં) | અંદર પા પાનું (BW) |
| રૂા. ૩,૦૦૦/- | રૂા. ૧,૫૦૦/- | રૂા. ૪૦૦/- |
| કવર પેજ - ૩ ( મલ્ટી કલરમાં) | અંદર આખું પાનું (BW) | દરેક પાનાની નીચે ૧''ની પટ્ટી |
| રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧,૦૦૦/- | રૂા. ૧૫૦/- |
| કવર પેજ - ૪ ( મલ્ટી કલરમાં) | અંદર અડધું પાનું (BW) | મલ્ટી કલર ક્લાસીફાઈડ ૧/૮ પેજ |
| રૂા. ૨,૫૦૦/- | રૂા. ૬૦૦/- | રૂા. ૨,૫૦૦/- (૬ અંકમાં) |

**'જ્ઞાતિસેતુ'માં જાહેરાત સ્વરૂપે સહયોગ આપનાર હિતેચ્છુઓના અમો આભારી છીએ. જાહેરાતની વિગત તથા જાહેરાતની રકમ મની ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા રોકડા સ્વરૂપે જ્ઞાતિસેતુ કાર્યાલય ખાતે મોકલવા વિનંતી.**

# જાહેરાત